
737

ભાદરવો ✤ ૨૦૧૨;

સપ્ટેમ્બર ✤ ૧૯૫૬



શ્રી સિદ્ધગિરિજીની નજીક આવેલ કદંબગિરિ તીર્થનું દૃશ્ય
[ શ્રી ડાહ્યાલાલ એસ. દોશી મહેસાણા સૌજન્યથી ]

# કલ્યાણ

સંપાદક
સોમચંદ ડી. શાહ

વર્ષ ૧૩

અંક ૭

552૮

અનુસંધાન પેજ ૪૫૦નું ચાલુ

હતા. પ્રતિજ્ઞાની મૂડી એ એમ જવા દે ? એમણે પોતાનો જ કાન પકડતાં કહ્યું : ‘બરાબર છે. મારા ભાણામાં પકવાન્ન ન શોભે. હું વૃદ્ધ છતાં મારામાં એટલો ય વિવેક ન આવ્યો કે ગામના માણસો પહેલાં જમે, ઘરના માણસો છેલ્લે જમે. ઘરનો થઈને હું પહેલાં બેઠો, એ મારી ભૂલ તેં આ સંકેતદ્વારા ઠીક સુધારી.’ એમ કહી એમણે પીરસવાનું કમંડલ હાથમાં લીધું.

ભત્રીજાની આંખમાં આંસુ ધસી આવ્યાં. કાકાનાં ચરણોમાં એ ઢળી પડયો. એમની પવિત્ર ચરણરજ લેતાં એણે કહ્યું : ‘કાકા! આપે સાચી યાત્રા કરી. ક્રોધને શેત્રુંજી નદીના નિર્મળ પાણીમાં ધોઈ આવ્યા. આપ ત્યાંથી ક્ષમા અને પ્રેમનું અમૃત લઈને આવ્યા. મને હતું કે કડવી તુંબડીને ગંગામાં સ્નાન કરાવવા માત્રથી એની કડવાશ ન જાય. પણ ના, મારી ભૂલ છે. પારસમણિનો સ્પર્શ થાય તો લોખંડ પણ સોનું થાય છે. આપને પ્રભુદર્શનનો સ્પર્શ બરાબર થયો છે. આપની આ પ્રેમયાત્રા ધન્ય છે. મને ક્ષમા આપો!’ જમનારાઓએ જ્યારે આ આ પ્રેમકથા સાંભળી, ત્યારે તો એમના ભોજનની મીઠાશમાં કોઈ અપૂર્વતા આવી વસી.

[ જનકલ્યાણ. ]

અનુસંધાન પેજ ૫૦૩નું ચાલુ

અને ખરેખર આનંદ માણ્યો. બીજા બાળકોને પણ પેનો અને આંકની ચોપડીયોની પ્રભાવના આપવામાં આવી.

પર્યુષણાપર્વનો આનંદ બધા મેળવે, આ અવકાશના સમયનો પૂરેપૂરો લાભ લેવાય અને અને આપણા ઉત્સવોને રસપ્રદ બનાવી શકાય તો ઘેર ઘેર પ્રકાશના કિરણો પાથરી શકાય.

આ તો પ્રાથમિક પ્રયોગ જ હતો, અને તે પણ ખાસ તૈયારી વિના. પણ પહેલેથી આયોજન કરી વિચારપૂર્વક પ્રસંગોને અનુરૂપ કાર્યક્રમો યોજવામાં આવે તો શહેરે શહેર ગામે ગામ પર્યુષણાનો સંદેશ આબાળવૃધ્ધને નવજીવન આપે.

શહેરે શહેરના પ્રગતિ મંડળો–યુવક મંડળો કે સેવા મંડળો આપણા ઉત્સવો–પર્વોની આ રીતે યોજના કરે તો આપણાં બાળકો, બહેનો, આવતી કાલનો સમાજ કેવો સંસ્કારી–સમૃદ્ધ–વિચારક અને શક્તિશાળી થાય! સમાજના સમુત્કર્ષમાં દેશનું પણ કલ્યાણ છે.

ધર્મના ઉદ્યોતમાં સમાજકલ્યાણનું સ્થાન વિશિષ્ટ છે.

સંવત્સરી–૨૦૧૨.

## અંજાર જૈન ભૂકંપ રાહત ફંડ.

અંજારમાં ભૂકંપના ભોગ બનેલા જૈન ભાઈ–બહેનોને રાહત માટે ‘કલ્યાણ’ના ગયા અંકમાં એક નિવેદન પ્રગટ કરવામાં આવ્યું હતું, એથી નીચેની રકમ પ્રાપ્ત થઈ છે, તે અંજાર જૈન ભૂકંપ રાહત કમિટિને મોકલી આપવામાં આવી છે.

રૂા ૯૦૦, જૈન શ્વે૦ મૂ. સંઘ ( શહેર વિભાગ ) વડોદરા હા. શેઠ શ્રી રંગીલદાસ છગનલાલ.

રૂા. ૫૦૦, જૈન શ્વે૦ મૂ૦ સંઘ (શહેર વિભાગ) વડોદરા હા. શેઠ શ્રી કેસરીમલ હીરાચંદ.

રૂા. ૧૦, જૈન સંઘ વવાણીયા હા. શ્રી રેવાશંકર ડાહ્યાભાઈ.

દરેક ગામના જૈન સંઘોને ‘ફુલ નહિ તો ફુલની પાંખડી’ મોકલવા વિનંતિ કરીએ છીએ.

કલ્યાણ.

# વિષય દર્શન


| | | |
|---|---|---|
| એક સત્ય ઘટના | શ્રી ચિત્રભાનુ | ૪૪૯ |
| મુંજની અનુભવ વાણી | શ્રી પદ્મકુમાર | ૪૫૧ |
| વિધિની કરૂણ વિચિત્રતા | બીજ માસિક | ૪૫૪ |
| સજ્જનતાની દેનગી | મુનિરાજ મહાપ્રભવિજયજી મ. | ૪૫૭ |
| રૂપનો મદ | શ્રી ચંદ્રકાંત પ્રાગજીભાઈ | ૪૬૦ |
| જિનભકતોને | શ્રી ઉજમશી જુઠાભાઇ શાહ | ૪૬૩ |
| વીતરાગની વાણી | શ્રી એન. એમ. શાહ | ૪૬૪ |
| ગુણાનુરાગ | મુનિરાજ રવિવિજયજી મહારાજ | ૪૬૭ |
| ધર્મોપદેશ-કુલકસાર | મુનિરાજ માનતુંગવિજયજી મ. | ૪૭૦ |
| યોગબિન્દુ | શ્રી વિદૂર | ૪૭૨ |
| ચિંતન-ચિનગારી | બાલમુનિ મૃગેન્દ્રમુનિ મ. | ૪૭૬ |
| આહારશુદ્ધિ | શ્રી વજ્રપાણી | ૪૭૭ |
| શંકા-સમાધાન | પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. | ૪૭૯ |
| કચ્છમાં થયેલ નુકશાન | મીસ્ત્રી હરિપ્રસાદ સોમપુરા | ૪૮૧ |
| દ્રવ્યાનુયોગની મહત્તા | પંન્યાસજી ધુરંધરવિજયજી મ. | ૪૮૩ |
| અમીઝરણાં | પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. | ૪૮૭ |
| અંતરનો જ્વાળામુખી | મુનિરાજ સદ્‌ગુણવિજયજી મ. | ૪૯૧ |
| પ્રભુપૂજા કરનારાઓને | શ્રી સેવંતીલાલ વૃ. જૈન | ૪૯૨ |
| આજના માનસિક રોગો | પૂ. આ. શ્રી વિજયજમ્બૂસૂરિજી મ. | ૪૯૪ |
| પ્રભુપૂજા પ્રશ્નોત્તરી | પંન્યાસજી ચરણવિજયજી મ. | ૪૯૮ |
| પર્યુષણા અને બાળકો | શ્રી ફુલચંદભાઈ મહુવાકર | ૫૦૩ |


## આપનું ધ્યાન ખેંચીએ છીએ.

**શ્રી** વર્ધમાનતપ વિશેષાંક ખલાસ થતાં તે સાહિત્ય પુસ્તક રૂપે તૈયાર થાય છે. અગાઉથી ગ્રાહક થનાર માટે રૂા. બે,

લવાજમ પુરૂં થતાં એક મહિના અગાઉ ગ્રાહકોને જણાવવામાં આવે છે છતાં કેટલાક ભાઈઓ કશો ખુલાસો કરતા નથી અને જ્યારે વી-પી થાય છે ત્યારે વી-પી પાછું વાળે છે, પણ એથી 'કાર્યાલય'ને નાહક નવ આનાનો ખર્ચ થાય છે.

**આફ્રિકા** ખાતે જે જે ગ્રાહક બંધુઓને અંક ન મળ્યાની ફરીયાદ હોય તેઓએ **ત્રણ** મહિનામાં એક વખત જણાવવાથી જે અંકો નહિ મળ્યા હોય તે મોકલી આપીશું.

'કલ્યાણ'ના ટાઇટલ ઉપર તીર્થના કે મહોત્સવોના સારા એવા ફોટાઓ કે બ્લોકો મોકલવા.

**નવા દશ ગ્રાહકો** બનાવી આપનારને એક વર્ષ 'કલ્યાણ' ફ્રી મોકલીશું.

**લવાજમ** કે પત્રવ્યવહાર કરતી વખતે 'ગ્રાહક નંબર' અવશ્ય લખવો જેથી કામની સરળતા રહે.

'કલ્યાણ' માસિકની ફાઇલો જૂજ છે. બાર વર્ષની ફાઇલોમાં ૧-૨-૩ વર્ષની ફાઇલો મળતી નથી, બાકીની પણ ફાઇલો ગણત્રીની છે, બાઈન્ડીંગ કરેલી તૈયાર ફાઇલના રૂા. પાંચ. પોસ્ટેજ અલગ.

**માસિક** દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૨મી સુધીમાં ન મળે તો સ્થાનિક પોસ્ટ-ઓફીસમાં તપાસ કરીને કાર્યાલયને જણાવવું.

**લેખોની** પસંદગી થયા પછી અસ્વીકાર થયેલા લેખો પાછા મોકલવાનો અમારો નિયમ નથી.

**વાર્ષિક** લવાજમ રૂા. પાંચમાં વર્ષે ૮૦૦ પેજ ઉપરાંતનું વાંચન આપનાર જૈન સમાજમાં આ એકજ માસિક છે, ગ્રાહક બની-બનાવી સહકાર આપવા નમ્ર વિનંતિ છે.

**પર્યુષણ** પછીનો આ પહેલો અંક છે. સર્વ જીવોને ખમાવતાં આપ સર્વને પણ અંતરથી ખમાવ્યા છે. સં૦

# જેની માંગ ચોમેરથી આવી રહી છે, તે વર્ધમાનતપ વિશેષાંક જેવા અંકો તમારે ઘેર બેઠા મેળવવા છે ?

જૈન સમાજમાં પોતાના વિશિષ્ટ વ્યક્તિત્વથી આગવી ભાત પાડતું 'કલ્યાણ' માસિક દિન-પ્રતિદિન પ્રગતિ કરતું રહ્યું છે. સાહિત્ય, સંસ્કાર તથા શ્રદ્ધા અને સમભાવનું શિક્ષણ આપતું આ માસિક યુવાન, પ્રૌઢ, વૃદ્ધ યાવત્ સમાજના સર્વ કોઇ વર્ગને પ્રિય થઈ પડયું છે. એ માટે અમારે કશું જ કહેવાનું રહેતું નથી.

વિ૦ સં૦ ૨૦૧૨ના ચાલુ વર્ષમાં તેણે બે દળદાર વિશેષાંકો આપ્યા છે. લગભગ ૧૭ ફરમા ઉપરનો **'બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક વિધેય-વિરોધ વિશેષાંક'** કલ્યાણે પ્રસિદ્ધ કરી, **જૈન** સિદ્ધાંતના સનાતન સત્યોના રક્ષણ કાજે સવેળા પોતાની સેવા સમર્પી છે.

તાજેતરમાં જૂન-જુલાઇનો સંયુક્ત અંક **'વર્ધમાનતપ માહાત્મ્ય વિશેષાંક'** ૨૩ ફરમાનો પ્રસિદ્ધ કરી સમાજના સામયિકોની દુનિયામાં તેણે આજના કપરા કાલમાં અદ્‌ભુત સાહસ કર્યું છે.

૪૪ તો વર્ધમાનતપ વિષેના, તપધર્મના પ્રભાવ અંગેના મનનીય લેખો, વર્ધમાનતપના પુણ્યવાન આરાધક આત્માઓના ( ઠેઠ શ્રી ચંદ્રકેવલીથી માંડીને આજે તપ કરી રહેલા ) તેજસ્વી, પ્રેરક, ઉદ્‌બોધક જીવનપ્રસંગો, ખાસ 'કલ્યાણ'ના અંક માટે સરલ અને હૃદયંગમ શૈલીયે આલેખાયેલા અનેક પ્રાસંગિક ચિત્રો, આ બધાયથી સમૃદ્ધ ક્રાઉન ૮ પેજી ૨૮૦ પેજનો વિવિધરંગી શાહીમાં છપાયેલો વિશેષાંક, અત્યાર સુધીનાં વર્ધમાનતપના પ્રસિદ્ધ થયેલા સાહિત્યમાં અનોખું સ્થાન પ્રાપ્ત કરે છે.

આજે અમારી પાસે, એ વિશેષાંકની એક પણ નકલ વધારે નથી. ૨૫૦૦ નકલો કાઢયા છતાં ચોમેરથી તેની માગણી થઈ રહી છે.

હવેથી આવા વિશેષાંકોના લાભથી વંચિત ન રહેવું હોય તો 'કલ્યાણ'ના ગ્રાહક બનીને તમે નિશ્ચિંત બનો.

વાર્ષિક રૂ. પાંચના લવાજમમાં ઘેર બેઠાં વર્ષ દરમ્યાન ૯૦૦ ઉપરાંત પાનાનું મનનીય વાંચન તમને મળશે.

લખો :-

**કલ્યાણ પ્રકાશન મંદિર : પાલીતાણા.**

# એક સત્ય ઘટના

**[ યાત્રા ફળ  શ્રી ‘ ચિત્રભાનુ ’ ]**

થોડા વર્ષો પહેલાંની આ વાત છે. જ્યારે લોકો યાત્રા વાહનમાં નહિ પણ પગપાળી કરતા હતા તે દિવસની આ વાત છે. એક શેઠ મારવાડ પ્રદેશમાં આવેલા તખતગઢથી પાલીતાણાની યાત્રાએ ગયા. સાથે એમના પત્ની પણ હતાં. બંને જણ લાંબો પ્રવાસ કરી પાલીતાણા પહોંચ્યા. પર્વત ઉપર ચાલીને જઇ દેવનગરીનાં દર્શન કર્યાં. પ્રભુનાં દર્શનથી એમનો આત્મા નાચી ઉઠયો. જે વસ્તુ ઘણા કષ્ટ પછી લાંબે ગાળે મળે તેનું મહત્ત્વ કોઈ ઓર હોય. શેઠે પણ ઘણા પ્રવાસ પછી જીવનમાં પ્રથમ વાર જ આદીશ્વર પ્રભુને જોયા. એમનો આત્મા ડોલી ઉઠયો. આનંદમાં ડોલતા શેઠ મંદિરની બહાર નીકળ્યાઃ ત્યાં એક સાધુનો ભેટો થયો

વર્ષ ૧૩ : અંક ૭ : સપ્ટેમ્બર ૧૯૫૬ :

શેઠે એમને પણ પ્રેમથી નમન કર્યું. સાધુએ પૂછ્યું: ‘શેઠ, તમે દૂરથી યાત્રાએ આવ્યા દેખાવ છો ?’

શેઠે બે હાથ જોડીને ‘ હા ’ કહી .

સાધુએ કહ્યું : તમે દર્શન તો કર્યાં, હવે તો તમે તમારા ગામ ભેગા થશો, પણ દર્શનની મીઠી યાદ હૈયામાં કઇ રીતે રાખશો ? જો આ પવિત્ર સ્થળમાં કોઇ નિયમ લો, કોઈ સંભારણું લો, તો કંઈક મીઠી સ્મૃતિ હૈયામાં સદા ટકી રહે. બાકી તો પથ્થર ઉપાડીને મજૂરો પણ આ તીર્થ ઉપર આવે છે, એમને થોડો જ યાત્રાનો લાભ મળવાનો હતો ! યાત્રા તો એ કે જેની મીઠી યાદ આપણા જીવનને કોઈ સદ્ગુણથી ભરી દે.’

રંગ-મંડપમાં પ્રભુની સામે ઉભા રહીને જ શેઠે સાધુના વચનો સાંભળ્યાં. એમને આ આ વચનો મીઠાં લાગ્યાં. એમણે કહ્યું: આપની વાત સાચી છે. દેવના દર્શન થયાં. ગુરુનાં વચનામૃતો સાંભળવા મળ્યાં, હવે એક નિયમ લઉં તો ધર્મ પણ જીવનમાં આવે.... તો ગુરુદેવ! મને નિયમ આપો. ગમે. તેવા પ્રસંગમાં પણ મારે ક્રોધ ન કરવો. જે ક્રોધે મારા જીવનને કટુ બનાવ્યું, એ ક્રોધને અહીં આવ્યા છતાં પણ ન છોડું તો યાત્રાનો અર્થ શો ? ક્રોધને અહીં મૂકતો જાઉં અને પ્રેમની હવા અહીંથી લેતો જાઉં એ જ યાત્રાની મીઠી સ્મૃતિ.’

સાધુએ કહ્યું : ‘ શેઠ, જો જો હો. નિયમ તો લો છો, પણ એ તૂટે નહિ. પ્રતિજ્ઞા લેવી

સહેલી છે, પાળવી ઘણી કઠિન છે. પ્રતિજ્ઞા લેવામાં ઘણા સિંહ જેવા શૂરા બની જાય છે, પાળવામાં શિયાળ જેવા કાયર.......'

'ના, ગુરુદેવ! ના. એવું નહિ બને. દેહના ટૂકડા થશે તોય નિયમ નહિ તૂટે.' દૃઢતાનું તેજ આંખમાં લાવી શેઠે કહ્યું.

શેઠ આ મીઠી સ્મૃતિ લઇ યાત્રા કરી, પોતાને ગામ આવ્યા. એ જમાનામાં આવી યાત્રા કરી આવનારનો કુટુમ્બી આખા ગામને, આ ખુશાલીમાં જમણ આપતો. સૌ સ્નેહપૂર્વક સહભોજન કરતા અને યાત્રાની પવિત્ર હવા આખા ગામમાં છવાઈ જતી. આ શેઠને એક ભત્રીજો હતો. એણે પોતાના કાકાની આ સફળ યાત્રા નિમિત્તે ગામને ભોજન આપવાનો નિર્ણય કર્યો. પણ એણે જ્યારે કાકાના નિયમની વાત સાંભળી ત્યારે એને કુતૂહલ થયું. કાકા એક કલાક પણ ક્રોધ વિના રહી શકે? ક્રોધ છોડે તો પછી એ કાકા શેના? આખું ગામ જાણે છે: ક્રોધ એટલે કાકા અને કાકા એટલે જ ક્રોધ! જોઉં તો ખરો, કે કાકા કેવી રીતે નિયમ પાળે છે? સૌની વચ્ચે કાકાનું સ્વરૂપ પ્રગટ કરાવું તો હું ખરો ભત્રીજો.

એણે આખા ગામમાં જમવાનાં નોતરાં ફેરવ્યાં, પણ પોતાના કાકાના ઘરને જાણીજોઇને ટાળ્યું. સાંજે સૌ થાળીવાડકો લઇ જમવા જવા લાગ્યા ત્યારે શેઠ પણ જવાની તૈયારી કરવા લાગ્યા, શેઠાણી છંછેડાઈ ગયાં: 'વગર નોતરે જમવા જતાં શરમાતા નથી? કાળભૂખ્યાની જેમ આ ચાલ્યા!'

શેઠ તો પ્રેમની હવા લઇને આવ્યા હતા. એણે હસીને કહ્યું: 'તારી બુદ્ધિને પણ ધન્યવાદ છે. અરે, ઘરમાં તે વળી નોતરાં શાં ને નિમંત્રણ શાં? આપણે ક્યાં પારકાં છીએ? આપણી યાત્રા નિમિત્તે તો આ પ્રેમભોજન છે! ચાલ, ચાલ હવે નિમંત્રણવાળી.'

શેઠાણી મનમાં બબડતી એની પાછળ ચાલી. વાડીની ડેલીમાં એનો ભત્રીજો સૌનું સ્વાગત કરી રહ્યો હતો. કાકાને જોતાં જ એ પૂંઠ કરીને ઉભો રહ્યો. શેઠ એની પાસે થઇને પસાર થઇ ગયા. આગળ જતાં શેઠાણીએ કહ્યું: "જોયું? નિમંત્રણ વિના આવ્યાં તે કેવી ફજેતી થઇ? સૌનું એ માનપૂર્વક સ્વાગત કરી રહ્યો છે. આપણને 'આવો' એટલુંય કહ્યું? એ ગામને જમાડે છે તે આપણા માટે નહિ, પણ એનું ખોટું ન દેખાય એટલે જમાડે છે. તમારી તો એ સામુંય જોતો નથી. જાઓ તમારે જવું હોય તો, હું તો આ ચાલી...."

ભત્રીજો દૂર ઊભો ઊભો આડા કાને આ વાર્તાલાપ સાંભળી રહ્યો હતો. એની આંખ બીજી બાજુ હતી, કાન અહીં હતા.

શેઠે કહ્યું: 'તીર્થે જઇ આવી, પણ તું તો આવી જ રહી. એકલો માણસ કેટલું ધ્યાન રાખે? જોતી નથી એ કેટલી ધમાલમાં છે? એ તો આપણું બાળક કહેવાય. ચાલ હવે, નહિ તો જમવાનું મોડું થશે.'

ભત્રીજાએ કાકાને સાંભળ્યા. એનું હૈયું નમી પડ્યું; પણ એને એક વધારે કસોટી કરવાનું મન થયું. એણે જઇને કાકાની થાળીમાં લાડવા પીરસવાને બદલે એક ગોળ પાણો મૂકયો. શેઠે ઊંચું જોયું. આસપાસ બેઠેલા સૌ હસી પડયા. દૂરથી શેઠાણીએ આ અપમાનજનક દૃશ્ય જોયું અને એ સળગી ઉઠી. પણ શેઠ તો તીર્થથી વિવેક ને પ્રેમનો પ્રકાશ લઇને આવ્યા

( અનુસંધાન ટાઇટલ પેજ ૨ જું )

# રાજા મુંજની અનુભવ વાણી

## શ્રી. પદ્મકુમાર

માલવદેશના મહારાજા મુંજ કર્ણાટક દેશના રાજાના હાથે યુદ્ધમાં પરાજીત થઇને પકડાઇ ગયા. જો કે મહારાજા મુંજે કર્ણાટક દેશના રાજાને સાત સાત વાર હાર આપી હતી, પરંતુ ભાગ્યવશાત્ આઠમીવાર પરાજીત થયા, અને કર્ણાટક દેશના રાજા તૈલપનાં હાથમાં પકડાઇ ગયા. તે વખતે કર્ણાટક દેશના રાજા તૈલપદેવે મહારજા મુંજને બંદીખાનામાં રાખ્યા.

રાજા મુંજ મૃણાલવતીના પ્રેમમાં પડયા, જે રાજા તૈલપદેવની બહેન હતી. ખરેખર કામને આધિન થએલ પુરૂષ કાર્યાકાર્ય કાંઈ પણ જોતો કે ગણુતો નથી.

હૃદયરૂપી તૃણુની ઝૂંપડીમાં કામાગ્નિ સળગે છે ત્યારે પંડિત છતાં પણ કયો પુરૂષ ઉચિત કે અનુચિતને જાણે છે? શું સ્વર્ગમાં કમલનયના દેવાંગનાઓ નહોતી કે જેથી ઇંદ્ર અહલ્યા નામની તાપસીનું સેવન કરવા ગયો?

મહારાજા મુંજ સ્નાનાદિ વિધિ કર્યા બાદ કોઇ એક વખતે આરિસામાં પોતાના રૂપને નિહાળી રહ્યા હતા. મહારાજ મુંજને માલુમ ન પડે એ રીતે મૃણાલવતી પાછળ પાછળ આવીને ઉભી. મૃણાલવતીએ રાજા મુંજનું રૂપ જોયું, અને સાથે સાથે પોતાનું રૂપ પણ આદર્શમાં જોયું. યૌવનની ઉતરતી કળા અને લાવણ્યનીરનો શોષ તે પોતાનાં શરીરનો જોઇ ખેદ પામી.

મૃણાલવતી વિચાર કરવા લાગી, 'અહો યુવાવસ્થા કેવી અસ્થિર અને ચપળ છે? કહ્યું છે કે 'દાંતો હતા કે ન હોતા તેની કથા પણ નષ્ટ થઇ ગઈ, મસ્તકના કેશનો સમૂહ પોતાના સૌંદર્યને ગુમાવી પલિતપણાને પામી ગયો. નેત્રો અંધકારનું સ્થાન થયાં. કર્ણપૂટ પોતાનો વિષય ગ્રહણ કરવામાં અશક્ત બન્યા, તથા આખુંએ શરીર વળીઓ દ્વારા વ્યાપ્ત બની ગયું, તો પણ આ ચિત્ત જાણે હજુએ યુવાન હોય તેમ હંમેશાં ચોતરફ દોડયા કરે છે' આમ છતાં પણ જીવ ધર્મમાં બુદ્ધિને ધારણ કરતો નથી. કહ્યું છે કે–

'સંપત્તિઓ જલના તરંગ જેવી ચપલ છે, આયુષ્ય શરદ ઋતુના વાદળાની જેમ અલ્પકાળ રહેનારૂં છે, તો ધનનું શું કામ છે! માત્ર અનિંદ્ય, ઉત્તમ, એવા ધર્મનું જ આચરણ કરો.'

પોતાના શરીરની જરા જર્જરિત દશાનો વિચાર કરતી મૃણાલવતી ઉપર રાજા મુંજની દૃષ્ટિ પડી. મુંજ મૃણાલવતીના અભિપ્રાયને સમજી ગયો અને મૃણાલવતીને પ્રેમપૂર્વક ઉદ્દેશીને રાજા મુંજ બોલ્યો;

'હે પ્રિયે, મૃણાલવતી! યૌવન ગયું એમ ધારીને તું ખેદ ન કર, કારણ કે સાકરના સો ટૂકડા થઇ જાય તો પણ તેની મીઠાશ જતી નથી.'

યુવાનીના મદમાં આવેલ મુંજ રાજાએ પ્રેમમિશ્ર વચનોદ્વારા મૃણાલવતીને આનંદીત કરી.

આ બાજુએ રાજા મુંજના પ્રધાનો ઉજ્જયિનીથી તેના કારાગૃહ સુધી સુરંગ ખોદાવી રથ અને અશ્વો તૈયાર કરી રાખી મુંજને ત્યાંથી લઈ જવા આવ્યા.

શત્રુના ઘરમાં રહેલા પણ મૃણાલવતીના

પ્રેમમાં પડેલા રાજા મુંજે પ્રધાનોને કહ્યું કે, 'એક ક્ષણવાર રાહ જૂઓ. હું સામગ્રી તૈયાર કરીને હમણાં જ આવું' એમ કહી મૃણાલવતીને પોતાની સાથે લઇ જવા માટે પોતાની જાતને નિષ્કારણ આપત્તિમાં નાંખવાની પરિસ્થિતિને સર્જે છે. રાજા મુંજની વાત સાંભળીને મૃણાલવતીએ વિચાર કર્યો કે–

'આ મુંજ અહીં તો મારી સાથે પ્રીતિવાળો છે, પરંતુ ત્યાં ગયા પછી રૂપવાન નવયૌવના પાંચસો રાણીઓની ક્રીડામાં પડશે, તેથી મને અર્ધ વૃદ્ધાને તૃણ સમાન પણ ગણશે નહિ' એમ વિચારી પોતાના આભરણનો ડબ્બો લઇ આવવાના બહાનાથી પોતાના ભાઈ તૈલપદેવની પાસે જઈ, સુરંગના પ્રયોગથી મુંજ જતો રહે છે એમ તેને કહી દીધું. હા–હા કામની અંધ દશા, અને સ્ત્રીનું વિલસિત!

બેનનું આ વચન સાંભળી તૈલપદેવનો ક્રોધાવેશ વધ્યો, અને તરત જ મુંજને પકડી અત્યંત માર માર્યો, દઢ રીતે બંધનપૂર્વક કેદમાં રાખ્યો. સાત દિવસ સુધી સર્વથા ભોજન ન આપ્યું. સાત દિવસ બાદ વિશેષ ફજેતી કરવા માટે ઘર–ઘર ભિક્ષા મંગાવી.

તે સમયે રાજા મુંજ સ્ત્રીચરિત્ર વિષે વિચારવા લાગ્યો. કે–

'સ્ત્રીના ચિત્તમાં સો, મનનાં સાઠ, અને હૃદયમાં બત્રીસ પુરૂષો હોય છે. એવી સ્ત્રીઓનો અમે જે વિશ્વાસ કર્યો એથી અમે ખરેખર મૂર્ખ છીએ. તે સ્ત્રીના ચરિત્રના પારને કોણ પાર પામ્યું છે? જે સ્ત્રી દિવસે દોરડી દેખીને પણ બીએ છે, અને રાત્રિએ સર્પની ફણને મરડે છે, દેવાલયના–પગથીયા પર ચડતી ખસી પડે છે, અને મોટા પર્વતોને ઓળંગે છે. ઉંદરને જોઇ ધસી પડે છે અને વિકરાલ સિંહને કાને ઝાલે છે. સૂકી નદીમાં ડૂબી જાય છે, અને સમુદ્રને લીલાપૂર્વક તરી જાય છે.

–રાજા મુંજ કહે છે કે; 'એવી સ્ત્રીઓનો કોઇ વિશ્વાસ કરશો નહિ.'

મુંજ રાજા આ રીતે ખુબ ખુબ વિચાર કરવા લાગ્યો. પોતાના આત્માને ઉદ્દેશીને કહેવા લાગ્યો, 'હે જીવ! ઝોળી તૂટીને તું બાલ્યાવસ્થામાં કેમ મરી ગયો નહિ? અથવા રાખના ઢગલારૂપ કેમ થઇ ન ગયો? કે જેથી માંકડાની જેમ તને ઘર ઘર ભિક્ષાને માટે ભમાડવામાં આવે છે.'

રાજા મુંજ ભિક્ષા માંગતાં કોઈ યુવતી તેને આપવા માટે ઘીના બિન્દુઓથી નિતરતો અર્ધો મંડક (ખાખરો) લાવી, તે જોઇ મુંજરાજા બોલ્યો.

'રે મંડક! હું સ્ત્રીથી ખંડિત કરાયો એમ ધારીને તું રૂદન ન કર, કારણ કે રાજા રામ, રાવણ અને મુંજ વગેરે કયા કયા પુરૂષો સ્ત્રીઓથી ખંડિત થયા નથી? સર્વ કામી શૂરવીરો પણ ખંડિત થયા છે.'

આ રીતે દહીં વલોવનારીને માટે કહ્યું છે કે; 'સારા વંશમાં ઉત્પન્ન થયેલ પુરૂષ પણ સ્ત્રીની પ્રેરણાથી અકૃત્ય કરે છે. જુઓ! સારા વંશથી ઉત્પન્ન થએલ મંથાનક (રવૈયો) શું સ્નેહવાળા (ઘી વાળા) દહીંનું મંથન નથી કરતો?'

ધાન્ય દળનારીને માટે કહ્યું કે, 'જેનો હાથ (હાથો) ગ્રહણ કર્યો છે એવો પતિ ઘરની જેમ સ્ત્રીઓના ભમાડવાથી ભમે અને પિતા, માતા, વગેરેના સ્નેહને ક્ષણવારમાં દળી નાંખે છે.'

કામાન્ધ દશામાં સ્ત્રીને આધીન બનેલા રાજા મુંજને સ્ત્રીઓના વિલક્ષણ અનુભવથી કાંઈક ભાન આવ્યું અને પોતાની માફક બીજા પણ ભવાન્તરમાં દુર્ગતિમાં લઈ જનાર અને વર્તમાનમાં આપત્તિમાં નાંખનાર, માનહાનિ કરનાર સ્ત્રીઓના પરિચયથી સાવચેત બને એ માટે પોતાના વાસ્તવિક અનુભવને રાજા મુંજે આ રીતે શબ્દદેહ આપ્યો.

શું વાચક! રાજા મુંજની આ અનુભવ-વાણીને નહિ યાદ રાખે?

સુતર કાંતનારીને કહ્યું કે, 'રે રેંટીયા!' આ સ્ત્રી તને ભમાવે છે, એમ ધારી તું રો મા! આ સ્ત્રીઓ માત્ર ભ્રકુટિ રૂપી ધનુષને ઉંચું કરીને પણ કોને કોને ભમાડતી નથી?

પછી લુહારની કોડને જોઈને મુંજ બોલ્યો કે, 'વૃક્ષો અગ્નિથી બળ્યા છતાં પણ કદાચ નવપલ્લવિત થાય છે, અને કાપ્યા છતાં પણ કદાચ વધે છે, પરંતુ સ્ત્રી રૂપી અગ્નિથી બળેલા લાખો પુરૂષ રાખની જેમ ઉડી જ ગયા છે.

❀

## સાચી પ્રગતિ

જીવ આશ્રવથી જેટલા અંશે બચે, અને સંવરભાવમાં જેટલા અંશે આવે, એટલી સાચી પ્રગતિ થઈ એમ સમજવાનું છે. અનાદિકાળની મોહની પ્રબળ વાસનાના પ્રતાપે, સમજણ મળવા છતાં જીવ અવળી પ્રવૃત્તિમાં રાચી રહ્યો હોય છે, સંસારના સુખનો અધિક પડતો રાગ લોભને પેદા કરે છે, લોભથી પરિગ્રહ વધારાય છે. પરિગ્રહ વધારવા માટે અને વધ્યા પછી આરંભાદિ પ્રવૃત્તિમાં જીવ નિર્દયપણે પ્રવર્તે છે. આથી હિંસાદિ પાપની પ્રવૃત્તિ બેધડકપણે કરે છે. આત્માની વાત, ધર્મસ્થાનોમાં આવે એટલી ઘડી સાંભરે, પણ ટકતી નથી; ભવવાસનાના ઉત્કટ જોરથી જીવ સંસારમાં રડવડે છે. પરમાત્માના શાસનનું અવલંબન લઈ પોતાને બચાવવા પ્રયત્ન કરે તે જ બહાદુર.

## હાજર જવાબી

જ્યારે વોલ્ટાયર ૧૭૨૭માં ઇંગ્લેન્ડના પ્રવાસે ગયો ત્યારે ત્યાં ફ્રેંચો વિષે ભારે રોષ પ્રવર્તતો હતો. રસ્તે જતાં એક વાર લોકોનાં ઉશ્કેરાયેલા ટોળાંએ એને ઘેરી લીધો 'પૂરો કરો આ ફ્રેંચને; લટકાડી દો એને ફાંસીએ' ટોળામાંથી એ રીતે શોર ઉઠયા.

સમયસૂચકતા વાપરી એક ઓટલા પર ચડી જઈ એણે કહ્યું: 'અંગ્રેજો, હું ફ્રેંચ છું એ માટે મને મારી નાખવા માગો છો, પણ એક અંગ્રેજનો જન્મ ન આપી ઇશ્વરે મને અગાઉથી જ પૂરતી સજા નથી કરી નાખી?'

એની આ હાજર જવાબીથી ટોળું ખુશખુશાલ થઈ ઉઠયું ને એને સહીસલામત ઘેર પહોંચાડી આવ્યું.

❀

# વિધિની કરૂણ વિચિત્રતા: બહેન, ભાઈને પરણી

## અજાણતાં મા જણ્યા ભાઈને પરણી, અને બે સંતાનોની માતા બનેલી કમનશીબ નારીની કરૂણ કથની.

❀

જૈન કથાનુયોગના અભ્યાસીઓને ખ્યાલમાં હશે કે, ૧૮ નાતરા-સંબંધનો પ્રસંગ આપણે ત્યાં કુબેરદત્તા તથા કુબેરદત્ત ભાઇ-બહેનના લગતા સંબંધથી ઉત્પન્ન થયો હતો. સગા ભાઇ તથા સગીબહેન પરસ્પર લગ્ન સંબંધથી જોડાઇને પરણે. એ ખરેખર વિધિની કમનશીબી વિચિત્રતા ગણી શકાય ! જૈન કથા સાહિત્યમાં જે જે કથા પ્રસંગો ચરિત તરીકે જણાવ્યા છે, તે અનાદિ અનંત સંસારમાં કર્મવશ આત્માના જીવનમાં સંભવિત છે. આ જ વિધિની વિચિત્રતાનો કેટલેક અંશે આબાદ ખ્યાલ કરાવતો વર્તમાન જગતનો એક પ્રસંગ, 'કલ્યાણ'ના વાચકોના ખ્યાલમાં આવે અને તે દ્વારા કર્મની પરતંત્રતા આત્માને કેવી નચાવે છે. તે જાણી વિવેકી જીવોને નિર્વેદ જાગે તે માટે નીચેનો પ્રસંગ 'બીજ' માસિકમાંથી ઉદ્ધૃત કરીને પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવર શ્રીએ મોકલ્યો છે.

❀

હૃદય થીજી જાય એવી આ એક સત્ય કહાણી છે.

મારગેરી એની હ્યુજીસ એનું નામ. ઉંમર વરસ ૨૪.

કર્મે એવી ભયાનક બાજી એની સાથે ખેલી કે એ સગા ભાઈ સાથે પરણી અને એનાથી તે બે છોકરાની મા પણ બની!

થોડા સમય પહેલાં જ એ કમનસીબ તરૂણીને ખબર પડી કે પોતાનો પતિ, એનો મા જણ્યો ભાઈ હતો! ન્હાનપણથી વિખૂટો પડેલો ભાઇ.

બાળપણમાં એના માતાપિતા મરણ પામ્યા અને મુફલિસ હાલતમાં ભાઈ-બહેન જુદાં પડી ગયાં. ભાઈ કોઇ અનાથાશ્રમમાં દાખલ થઈ ગયો અને બહેનને કોઇ નિસંતાન કુટુંબે દત્તક લઇ લીધી.

દત્તક લીધા બાદ એનું ક્રિશ્ચિયન નામ મારગેરી રાખવામાં આવ્યું, પણ એ 'એની' નાં હુલામણાના નામથી જ ઓળખાતી, અને જેણે તેને દત્તક લીધી હતી તેનું આડનામ એનાં નામ સાથે જોડાઇ ગયું. એટલે એ મીસ એની સ્ટોનહોમ બની!

ભાઈનું નામ હતું જ્યોર્જી.

આ ભાઇ-બહેને વરસો સુધી એક બીજાને જોયા નહિ; મળ્યાં નહિ; મળ્યાં ત્યારે બન્ને ભરયુવાનીમાં પ્રવેશી ચૂકયાં હતાં.

એક નાચપાર્ટીમાં બન્નેનો મેળાપ થયો અને પહેલી જ નજરે બન્ને આકર્ષાયાં; પ્રેમમાં પડયાં અને પરણી બેઠાં !

એની લખે છે; 'અમારૂં પરિણિત જીવન એટલું તો સુખી હતું કે પાડોશીઓ અમારી ઈર્ષ્યા કરતા ! સારાયે ગામમાં અમારૂં લગ્ન-જીવન પ્રશસ્તિ પામતું અને નવા પરણતાં છોકરા-છોકરીઓને એમનાં વડીલો પરણ્યા પછી અમારાં જેવું સુખી ને સંપીલું ગૃહ-જીવન ભોગવવાની સલાહ આપતા !'

એનીને પહેલાં પુત્રરત્નની પ્રાપ્તિ થઇ. એ પછી બે વર્ષે બીજો પુત્ર જનમ્યો.

એ પછી એનીનું ભાગ્ય, જાણે વીજળીની

આગમાં બળીને ઓચિંતું ભસ્મ થઇ ગયું, આ રીતેઃ

બીજા બાળકના જન્મ પછી એક દિવસ એનીને મીસીસ નેન પોવેલ નામની બાઈ મળી ગઇ. આ બાઇ જ્યારે એનીને દત્તક લેવામાં આવી ત્યારે કાયદેસરનાં કાગળિયાં કરતી વખતે કચેરીમાં હાજર હતી.

મીસીસ નેન, એનીને જોઈ ઘણી જ ખુશી થઇ અને તેના જીવનનાં સુખદુઃખ વિષે માહિતી પૂછી. એનીને સુખી જાણી આનંદ પામી તેણે કહ્યું, 'લગ્ન પછી તારી અટક શું થઈ છે?'

'હ્યુજીસ.'

'વાહ! ઘણું વિચિત્ર! તારી મૂળ અટક પણ હ્યુજીસ હતી તે તું જાણે છે?'

એની હસી. પરંતુ તેના મનમાં એ સવાલથી જ વહેમનાં બીજ રોપાઇ ગયાં, કારણ કે તેના પતિની અટક પણ 'હ્યુજીસ' હતી.

ઘેર આવી તેણે આ વાત જ્યોફ્રીને કહી ત્યારે એ હસ્યો, 'નકામી લપ છે. એમાં એટલી બધી ચિંતા શાને? પતિ-પત્નીની અટક કદી એક હોતી નથી શું?'

છતાં તેઓએ આ બાબતમાં પૂરતી તપાસ કરવાનું નક્કી કર્યું. અને બન્નેનાં જન્મનાં પ્રમાણપત્રોની નકલો મેળવવા કચેરીમાં ગયાં.

એની કહે છે; 'મારી જીંદગીની એ એક ભયાનક પળ હતી! દિલ શંકાથી કોરાઈ રહેલું હતું! ભવિષ્ય એક પળે ઉજળું તો બીજી પળે અંધકારથી વિંટળાયેલું દેખાતું હતું. મારાં ગાત્રો કંપી રહ્યાં હતાં!'

અને પ્રમાણપત્રો મેળવી અને કચેરીમાંથી બહાર નીકળી ત્યારે એનીને માલુમ પડ્યું કે, એ પોતાના સગા ભાઈની જ પત્ની હતી!

બન્ને બાળકો જ્યોફ્રીની આંગળીએ વળગી ખેલતાં-કુદતાં હતાં, પણ જ્યોફ્રી જાણે જીવતું મુડદું બની ગયો હતો!

આ બન્ને બાળકો, સગાં ભાઇ-બેનનાં લગ્નથી થયેલાં બાળકો હતાં! એમનું શું? એમના કિસ્મતમાં આવું કલંક લખાયું હશે? રે વિધાતા!

એ પછી મૂંજવણ, નિરાશા, આઘાત-જનક તરંગો અને શોકાગ્નિ વચ્ચે એનીના મનમાં કેવું તુમુલ યુધ્ધ મચ્યું હશે, એની કલ્પના થઈ શકે તેમ નથી!

મા-જણ્યા ભાઈ સાથે પહેલી નજરે પ્રેમ-લગ્ન, અને એનાથી થયેલાં સંતાન એવી એક નારીનાં હૃદયની હાલત વચ્ચે એનીએ લગ્નના દફતરના વડાનો સંપર્ક સાધ્યો અને પૂરી ખાત્રી પછી એને કહેવામાં આવ્યું કે, એનાં આ લગ્ન કુદરતી રીતે જ ફોક થતાં હતાં!

એ ઘેર આવી. અતિશય ગંભિરતાથી એણે રસોઇ પકાવી; પોતાના પતિ-પોતાના સગા ભાઇને મૂંગે મૂંગે જમાડયો; પરંતુ એની સામે જોઇ શકી નહિ. એનીને ગળે અન્નનો એક કોળિયો પણ ન ઉતર્યો. જ્યોફ્રીએ કહ્યું, 'તું જમતી શા માટે નથી?'

એનીના દિલની વેદનાએ આંખનાં આંસુને બહાર ધકેલ્યાં અને એ સમજી ગયો. તુરત જ એ ઉપર ચાલ્યો ગયો. ત્યાં બન્ને બાળકોને ફરી ફરી ચુમ્યાં. એનાં નયનોમાંથી પણ આંસુધારા વહી રહી હતી. કમનસીબ પતિ!

બિચારો ભાઈ!

પછી એણે પોતાનો સામાન બાંધ્યો. એનીને જોઇ રહ્યો; જોઈ જ રહ્યો. તેની આંખો જાણે શું કહી રહી હતી! પછી એક પણ શબ્દ બોલ્યા વિના એ ચાલ્યો ગયો. આખી રાત એની જાગતી રહી. સવારે એણે એના પતિ માટે હંમેશની જેમ નાસ્તો તૈયાર કરવાનો નહોતો....

બન્ને બાળકોને નાસ્તો કરાવી ભૂખ્યે પેટે એ પાછી સોલીસીટરને ત્યાં ગઈ. સોલીસીટરે સલાહ આપી: 'બધું ખલાસ છે. હવે બધું ભૂલી જાઓ!'

આમ ને આમ એની દિવસો સુધી રડતી રહી, એ કહે છે; 'ભલે એ મારા ભાઇ તરીકે સાબીત થયો, છતાં હું એને પતિ તરિકે ભૂલી શકતી નથી. હું સમજું છું કે એ પાપ છે, મહાભયાનક પાપ છે; પણ હું શું કરૂં?

એક દિવસ રડી રડીને સૂઝી ગયેલી આંખો સાથે એ દૂર દૂર કંઇ નિરખી રહી હતી. નાતાલના તહેવારો હતા. બાળકો–ગભરૂ બાળકોનો પિતા, આ તહેવારોમાં નહોતો! એ ક્યાં હશે? અરે! પતિ તરીકે નહિ તો ભાઇ તરીકે પણ ખબર કાઢવા આવ ને?

એકાએક કોઈએ દ્વાર ખખડાવ્યું. એનીએ કહ્યું, 'આવો!' અને અંદર આવ્યો જ્યોર્જી!

'હું આવ્યો છું નાતાલનું ભોજન તમારી સાથે લેવા.' આટલું કહી એ જવાબની રાહ જોઇ ઉભો રહ્યો. પણ બિચારી એનીથી ન તો એને પત્ની તરીકે ભેટાયું, ન તો બહેન તરીકે.... મૌન સેવતી એ ઉભી, થઇ જ્યોર્જીને બેસવા માટે ખુરશી આપી. એ બેઠો એટલે એ બાળકોને બોલાવી આવી. બાળકો એને 'પિતા' કહેશે એ સમજી જઈ, પોતે અંદરના ઓરડામાં ચાલી ગઈ.

નાતાલ દરમ્યાન એક દિવસ આ રીતે રોકાઈ જ્યોર્જી ચાલી ગયો.

પછી એકાએક એક દિવસ એ આવ્યો. બાળકોનાં મસ્તક પર વહાલથી હાથ ફેરવ્યો અને કપાળ તથા ગાલ પર ચુંબનો કર્યાં. દબાઇ રહેલાં રૂદનને ડુસકાએ બહાર હડહેલ્યું. એનીને એણે દૂરથી હાથ ઉંચો કરી કહ્યું, 'ગુડબાઇ' અને પછી ચાલ્યો ગયો; સદાને માટે!

એની કહે છે; એ પછી કદીયે મેં એને જોયો નથી. પરંતુ મને ખાત્રી છે કે એ જ્યાં હશે ત્યાં અમને–મને અને બાળકોને રાત દિવસ યાદ કરતો હશે. માનશો? દુનિયાની દુઃખીમાં દુઃખી સ્ત્રી હું જ છું. હવે હું છુટથી બીજા લગ્ન કરી શકું તેમ છું, હું યુવાન છું. હજી લાંબો જીવનપ્રવાસ ખેડવો મારે માટે બાકી છે. પરંતુ.... પરંતુ હજીયે હું પાપના પશ્ચાતાપમાં સળગી રહી છું. પ્રભુ મને માફ કરો.

❀

ડિઝરાયલી કહેતો: 'જ્યારે હું કોઇને મળું ત્યારે એનું નામ યાદ ન આવે તો બે મીનીટ વિચાર કરૂં છું. છતાં સફળ ન થાઉં તો છેવટે 'કેમ, તમારી પેલી ફરિયાદ હવે ટળી ગઇ હશે નહિ?' એમ પ્રશ્ન કરૂં છું. દરેકને તબીયતની કંઇ ને કંઇ ફરિયાદ તો હોય છે જ.

❀

# સજ્જનતાની દેનગી

## પૂ. મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મહારાજ

આ ભારતભૂમિ પુરાણું ધર્મક્ષેત્ર છે. એ સૌને સુવિદિત છે. તેમાં નિવાસ કરતી જનતા ધર્મશીલ હોય એ સ્વાભાવિક છે. તેથી તે આત્માઓ આર્ય કહેવાય છે. કામવાસનાઓથી જેઓ દૂર હોય અને ધર્મભાવના તરફ વળેલા હોય, તે જ સાચા આર્ય સમજવા. આર્ય શબ્દનો એ જ વ્યુત્પત્તિ અર્થ છે. આવી પવિત્ર ભૂમિમાં ઉંચી નીચી કોમ હો, કે શેઠ શાહુકાર વર્ગ હો, રાજા-મહારાજા હો કે અમલદાર વર્ગ હો, એ બધાયની આસપાસ પવિત્ર વાતાવરણ સર્જાએલું રહેતું હોવાથી, તેઓ દુન્યવી પદાર્થોમાં આસક્તિ ભાવ કરતા નથી. એ વિનશ્વર પદાર્થોદ્વારા ધર્મની પ્રાપ્તિ કરવા ઔદાર્યાદિ ગુણોને અપનાવી માનવજીવન સફલ કરી શકે છે.

ગુણવાન ઉપર અનુરાગ તે પરમાર્થે ગુણો ઉપર જ અનુરાગ છે; તેથી જે પુરૂષના અંતઃકરણમાં ગુણવાન જન ઉપર અનુરાગ રહે છે, તે ગુણોનો હિમાયતી થવાથી અવશ્ય ગુણવાન થાય છે. અને જેમ જેમ તે ગુણોમાં આગળ વધે છે, તેમ તેમ તેને સઘળી રિદ્ધિસિદ્ધિ પ્રાપ્ત થતી જાય છે. કારણ કે 'ગુણાનુરાગ' એ પોતે પણ એક જાતનો ગુણ જ છે. એ ગુણ પ્રાપ્ત થતાં વિનય ગુણ વધતો રહે છે. વિનય ગુણ વધવાથી બીજા તમામ ગુણોનાં બીજો રોપાવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે અને તેમ થતાં તેમના પરિપાકે તીર્થંકરપદ સુધીની પદવીઓ અને પરિણામે મોક્ષ પણ મેળવી શકાય છે.

ગુણાનુરાગનો મહિમા અલૌકિક અને આશ્ચર્યકારક છે. જેમાં જેનું મન લાગે છે તે તેને વહેલા મોડા પ્રાપ્ત થાય છે. એ નિયમાનુસાર આપણું મન ગુણોમાં અનુરાગી થાય છે ત્યારે તેમાં ગુણોનાં બીજ રોપાય છે. માટે ગુણો પ્રાપ્ત કરવાનો એ જ ખરો ઉપાય છે કે '**ગુણો તરફ પ્રીતિ કરવી અને ગુણવંતોની સોબત કરવી.**'

ગુણાનુરાગી પુરૂષના હૃદયમાં મૈત્રી-પ્રમોદ-કરૂણા અને માધ્યસ્થ આ ચાર ભાવના રૂપ ચાર ગુણો શરૂઆતમાં દાખલ થાય છે. કારણ કે ગુણાનુરાગના પ્રતાપે એ ચાર ગુણોના વિરોધી વૈર, મત્સર, દ્વેષ અને કલેશરૂપ ચાર દુર્ગુણો તેના હૃદયમાં દૂર ખસેલા હોય છે. જ્યાં સુધી આપણા હૃદયમાં વૈર-મત્સર-દ્વેષ અને કલેશ ભરાયા હોય છે ત્યાં સુધી તેમાં ગુણાનુરાગ દાખલ થઇ શકતો નથી. માટે હૃદયની શુદ્ધિ કરવા માટે આ ચાર દુર્ગુણો અવશ્ય દૂર કરવા જોઈએ.

કાલાદિની હીનતાથી અજ્ઞાન અવસ્થામાં વર્તતા માનવીઓ પોતાની ભ્રાન્ત માન્યતા અને પરવશતાથી પાપાચરણો કરીને પણ પદાર્થોનો સંચય કરવાના નિરંતર ઉદ્યમ કરવા દ્વારા સુખી બનવાની અંતરની ઇચ્છા હોવા છતાં પરિણામે દુઃખી બને છે. આ માટે નીચેનું એક દૃષ્ટાંત માર્ગદર્શક બની શકશે.

સમૃદ્ધિમાં જાણે ઇંદ્રપુરી જ ન હોય, એવું એક વિરાટ કંપીલપુર નામનું નગર હતું. ત્યાં એક દયાળુ શેઠ અને તેમનાં ધર્મપત્ની વસતાં હતાં. પુણ્યોદયે તેઓને સંપત્તિ, માન-સન્માન, વેપારધંધો, આબરૂ અને આરોગ્ય વગેરે સારાં પ્રાપ્ત થયાં હતાં જીવન, ધન અને યૌવનને અસ્થિર સમજતા આ શેઠ પરલોકના સાધનને જ મુખ્યતા આપતા હતા. એ વિચારતા કે મળેલું ધન કેટલો કાળ ટકવાનું ? કાલે ચાલ્યું પણ જાય, ચોર લુંટી પણ જાય, સરકાર દંડી લે, સગાસંબંધીઓ ભાગ પડાવી લે, અગ્નિમાં ભસ્મીભૂત થઇ જાય, જલપ્રવાહે તણાઇ જાય કે દાટેલું છેવટે કોલસા પણ થઇ જાય! આમ કોઇ ને કોઇ રીતે ધનનો વિનાશ થતો આપણે ઘણે ઠેકાણે નજરે જોઇએ છીએ. શરીરનો પણ કાંઈ ભરોસો નહિ. કાચી માટીના ઘડાથીએ કાચું આ શરીર સેકંડના સોમા (૧૦૦) ભાગમાં પણ ઉડી જાય તેવું છે. મૃત્યુની સહચારિણી જરા રાક્ષસી આવીને પોતાના પંજામાં પ્રાણીને સપડાવી યૌવનને નષ્ટ કરી નાખે છે. એટલે આ નશ્વર સાધનોથી માત્ર આત્મકલ્યાણ સાધી લેવું એ જ મારે માટે હિતાવહ ગણાય. કારણ કે સુખ માટે તલસતા પ્રાણીને સુખની આશાજ ક્યાં છે? તેઓનું હૈયું આ સુપ્રસિદ્ધ સુભાષિતથી તરબોળ

હતું કે–

'વૈભવ સુખો સંસારના, ચિરકાળ તે રહેતા નથી; આંખો મીચાંતાં આખરે, જરૂર તે રહેતાં નથી.'

શેઠને ઘેર સાધુસંત અને સજ્જનોનું આવાગમન રોજનું જ અવિરત ચાલુ હતું. તેઓનો યથા સત્કાર, સેવા ભક્તિ આદિ શેઠાણી ખૂબ કરતા હતા. હજારો રોતા આવેલા માનવીઓ ત્યાંથી હસતા જ જતા. ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, નાગાને વસ્ત્ર અને ધનના અર્થીને ધન પણ અપાતું હતું. મળેલી બધીય સંપત્તિ અને શક્તિ કેવળ પરાર્થે જ ખર્ચી નાખવા શેઠજી સદાયે ઉજમાળ રહેતા હતા, પણ, એ બધું શેઠ વિવેકથી કરતા. વાંદરાના હાથમાં તલવાર આપવા જેવી, કે સર્પને દૂધ પાવા જેવી ગાંડી ભક્તિ તેનામાં ન હતી. મનમાં કેવળ શુભભાવ અને પરોપકારની જ લાગણી હતી. અમૃત જેવી વાણી અને સેવારસીક શરીર એમ બેઉના યોગે શેઠ પરમપંથના આરાધક બની ગયા હતા. શેઠાણી પણ શેઠના માર્ગને જ અનુસરનારી હતી. કાળક્રમે શેઠને ઘેર એક પુત્ર રત્નનો જન્મ થયો. બધી કામનાની પૂર્તિવાળા એ શેઠ સુખમાં દિવસો પસાર કરે છે આવા શેઠથી બધા રાજી થાય છે, એ શેઠની સ્તુતિ કરે છે, ને આશિષ ઇચ્છે છે.

એવા એ સમૃદ્ધિશાળી નગરમાં ઘઉંમાં જેમ કાંકરા હોય તેમ, ચાર દુર્જનો વસતા હતા. જેમનાથી શેઠની સમૃદ્ધિ અને સન્માન અંશમાત્ર પણ સહન ન થતું. આખા નગરમાં શેઠનું બૂરૂં ઇચ્છનારા જો કોઈ હોય તો આ ચાર જ માત્ર હતા. તેથી શેઠજીને સતાવવામાં તેમને કેમે કરીને સફલતા મળતી ન હતી. એ ચારેયે દૂર દેશથી એક ચોરને બોલાવી, અનેક પ્રયાસેથી આડી અવળી વાતો કરી, ધર્મી શેઠના ઘરમાં ખાતર પાડવા પ્રેર્યો. ચૌર્યકળામાં નિપુણ એવા એ ચોરે એક દિવસ મોકો સાધી શેઠના ઘરમાં ચોરી કરવા પાટલાઘોદ્વારા પ્રવેશ કર્યો. શેઠજીનું ધન મેડા ઉપર તિજોરીમાં રાખેલું છે, એવી પ્રથમથી જ પેલા પરદેશી ચોરને ચાર દુષ્ટોએ જાણ કરી હતી. ચોર હિંમતભેર મેડા ઉપર ચડી ગયો ને અંધારામાં તિજોરી શોધવા આમતેમ ભીંતના આસરે ફરવા લાગ્યો. તેમ કરતાં એક દાદરબારી પાસે આવ્યો, જેનું ઢાંકણું કર્યું ન હતું અને નીચે દાદર પણ ગોઠવ્યો ન હતો. એ દાદરબારીની નીચેના ભાગમાં પાણીથી ભરેલું એક ટાંકુ હતું. ચોર અજાણમાં દાદરબારીની પાસે સરખી જમીનની ભ્રાંતિએ જતો હતો. તેવામાં નીચે ગબડયો, ને ચીસ જોરથી સંભળાઇ.

દયાળુ શેઠ–શેઠાણી તરત જ ત્યાં આવી પહોંચ્યાં, દીવો કર્યો. આજુબાજુનાં માણસોને બોલાવી ઘણાં પ્રયત્ને ચોરને ટાંકામાંથી બહાર કાઢયો. તેને માથે ભારે ઇજા થએલ. તેમ બીજે પણ ઘણો માર વાગેલ, તેથી તે બેભાન થઇ ગયો હતો. શેઠે વૈદ્યને બોલાવી ચિકિત્સા કરાવી. પ્યારા પુત્રની સારવાર કરે તે રીતે તેની થવા લાગી. બે દિવસે ભાન આવતાં ચોર વિચારે છે કે આ શું ? જેના ઘરમાં હું ચોરી કરવા આવ્યો, એ શેઠ–શેઠાણી મારા માબાપથી પણ વધી જાય તેવી મારી ચાકરી કરી રહ્યાં છે. ધન્ય છે તેઓને ! હું ટાંકામાં પડયો એટલું મને બરાબર ભાન છે. પછી જો આ ઉપકારી ન આવ્યા હોત તો તો મારા પ્રાણ જ ગયા હોત ! આવા દૈવી આત્માઓના ઘરમાં ચોરી કરાવનાર દુષ્ટોને શિક્ષા થવી જ જોઇએ. હમણાં તો હું બિમાર છું પછી બધી વાત. આવો વિચાર કરી ચોર શેઠ–શેઠાણી સામે દીનભાવે જોઇ રહ્યો. પણ તેઓએ તેને આશ્વાસન આપ્યું. પંદર દિવસે સંપૂર્ણ આરામ થયો. શેઠ–શેઠાણીને પગે પડી વિદાય માંગી. તેઓએ કહ્યું: ભાઈ ! જરૂર હોય તે માગી લો, ને બીજીવાર કાંઇ પણ જરૂર પડે તો અમારે ત્યાં ખુશીથી આવજો ! ચોરે આભાર માનીને કહ્યું, કે 'મને મારા ગુનાની માફી આપી મારો ઉદ્ધાર કરો ! તમારો હાથ મારા પર મૂકો, એટલે મને બધુંયે મલ્યું એમ હું માનીશ. હવેથી મારે ચોરી કરવી જ નથી.

શેઠને ત્યાં ચોરી થઇ એ વાત તો ઠેઠ રાજવાડે પહોંચેલ હોવાથી ચોર શેઠને ત્યાંથી રજા લઈ રાજવાડામાં ગયો. ત્યાં રાજા પાસે જઈ રાજાને કહ્યું,

સાહેબ ! હું દયાળુ શેઠને ઘેર ચોરી કરવા ગયો હતો તે સાચું છે. મને યોગ્ય લાગે તે શિક્ષા કરો, પણ હું જે ચોરી કરવા ગએલ તે અહીંના વતની ચાર દુષ્ટોના કહેવાથી જ ગએલો. મને આ ગામનો કે એ ધર્મી શેઠનો પરિચય નથી. એ દુષ્ટોએ મને અહીં બોલાવી ગમે તેમ અવળું-સવળું સમજાવી એ કાળું કર્મ મારી પાસે કરાવ્યું. શેઠશ્રીની ઉદારતાથી મેં ચોરીનો પણ તિરસ્કાર કર્યો છે, ને હવેથી કાયમ માટે ચોરી કરવી મેં તજી દીધી છે.

રાજાજીએ ચોરની વાત સાંભળી તેને માફી આપી, ને કહ્યું, તું ઉભો રહે, હવે એ ચારે દુષ્ટોનું આવી જ બન્યું છે. કારણ હું જાણું છું. કે મારા સમગ્ર નગરમાં આ ચાર દુષ્ટો ઘણા જ હરામખોર છે. હું એમને પકડી મંગાવું છું. મોઢામોઢ સાક્ષી થયા પછી હું બધીએ તેને શિક્ષા કરીશ. રાજાના બોલાવવાથી ભયભીત બની તે દુષ્ટો ત્યાં આવ્યા. ત્યાં તે ચોરને બેઠેલ જોઈ ગભરાયા. રાજાએ ચોરની સમક્ષ પૂછ્યું કે, આ ચોરની આ રીતે કરેલી વાત સાચી છે? દુષ્ટોની જીભ તાળવે ચોંટી ગઇ, તેઓ કંઇ જવાબ ન દઈ શકયા. રાજાએ તેમના ઘરબાર લૂંટી લઇ જેલમાં મોકલવાની શિક્ષા કરી.

ચોરે દયાળુ ધર્મીશેઠને કહ્યું કે 'તમારા દુશ્મનોના આજ ઘરબાર લૂંટાવી જેલમાં તેમને નંખાવ્યા છે.' શેઠજી ચોરની વાત સાંભળી એકદમ ગભરાયા અને પૂછ્યું કે' વળી મારા દુશ્મન કેવા? ચોરે કહ્યું કે, મને તમારા ઘરમાં ચોરી કરવા પ્રેરણા કરનારા પેલા ચાર દુષ્ટો! શેઠને કોઇના ઉપર વેર વિરોધ હતો નહિ. 'બૂરૂ કરનારનું પણ ભલું કરવું' એ મહામંત્ર જેણે સિદ્ધ કર્યો છે. તે આ દુષ્ટોનું દુઃખ શી રીતે સાંભળી શકે? શેઠજીએ રાજા પાસે જઈ ભેટણું મૂકી, અનેક પ્રકારની સમજુતી કરી પોતાના આ અજ્ઞાન ભાઇઓને છોડાવવા માંગણી કરી, જે રાજાએ પુણ્યશાળી દયાળુ શેઠના વચન સાંભળી સહર્ષ સ્વીકારી.

સુંદર ઘોડાગાડીમાં પોતાના અજ્ઞાન ભાઇઓને સહકુટુંબ બેસાડી ઘેર લાવી સ્નાન-ભોજનાદિ કરાવી આનંદના સમાચાર જણાવ્યા, કે તમારા ઘરબારની લુંટેલી સઘળી મિલકત રાજા તમને પાછી આપશે. તે સિવાય તમારે જે કાંઇ જરૂરીઆત હોય તો આ સેવકસ જણાવવા કૃપા કરશો. સાચે જ કહ્યું છે કે 'philanthropy is a philosopher's stone' **પરોપકાર એ પારસમણિ છે.**

શેઠજીની ઉદારતા, પરોપકારિપણું અને ક્ષમાદિ ગુણોથી એ ચાર દુષ્ટોના પાષાણુ હૈયા પણ પીગળી ગયા. '**પ્રેમ એ પ્રેમનો જનક છે અને દ્વેષ એ દ્વેષનો જનક છે.** પ્રેમ અને શુભ ભાવના શરીરને પ્રોત્સાહન આપે છે અને જીવન પણ સમર્પે છે. પ્રેમ દ્વેષ કરતાં વધારે બળવાન છે અને તેથી દ્વેષનો જય પ્રેમ વડે થવો જ જોઇએ' તે ચારે દુષ્ટો પોતાની દુષ્ટતા છોડી શેઠજીના ચરણે પડી પોતાના અપરાધની વારંવાર સાચા દીલથી ક્ષમા માંગી નિર્મળ બન્યા. શેઠજીના સમાગમથી અનુપમ ધર્મની આરાધના કરી કલ્યાણના ભાગી બનવા ભાગ્યશાળી થયા. આ રીતે શેઠજીની ઉદારતા, પરાર્થકારિતા, પ્રેમ અને ક્ષમાદિ ગુણોએ ચોર અને વૈરીને પણ સજ્જનતાની સુવર્ણ દેનગી-બક્ષિસ આપી.

**વિન્સ્ટન ચર્ચીલ એક મહાન વક્તા છે. પણ એણે જાહેર જીવન શરૂકર્યું ત્યારે એનું ભાષણ અચકાતું અચકાતું મુસીબતે થતું.એક દહાડો માંચેસ્ટરમાં સભા હતી. એ ને એનો સાથી વક્તા લોર્ડ એલીસબરી મોટરમાં બેસીને સાથે ત્યાં જતા હતા. વાતમાં ને વાતમાં લોર્ડ એલીસબરીએ કહ્યું: 'દોસ્ત, તને મનમાં ગભરામણ થતી લાગે છે, નહિ?'**

**વિન્સ્ટને કહ્યું: હા, ખરેખર થાય છે!**

**ડોસાએ કહ્યું: જો દીકરા, ગભરાવું નહિ. હું તને કરામત બતાવી દઉં. હું જ્યારે બોલવા ઉભો થાઉં ત્યારે ઉભો થઇને શ્રોતાગણ તરફ એક નજર નાંખી લઉં છું. પછી મનમાં ગણગણું છું. 'કેવા બેવકુફો બધા ભેગા થયા છે? નર્યા મુરખાઓ! બસ તે પછી ઝીકવા માંડું છું, તે ચાલે છે જાણે પાણીનો રેલો!'**

# રૂપનો મદ

શ્રી ચંદ્રકાંત પ્રાગજીભાઈ શાહ શિહોર.

મદ-અહંકારના જ્ઞાની પુરૂષોએ આઠ પ્રકાર કહ્યા છે. કુળમદ, જાતિમદ, બળમદ, રૂપમદ, તપમદ, ધનમદ, જ્ઞાનમદ અને લોભમદ. આ આઠેય પ્રકારના અભિમાન પૈકી કોઇ પણ પ્રકારનો અહંકાર જીવનવિકાસમાં ખાસ અંતરાયભૂત નિવડે છે. આ પૈકી આપણે રૂપમદ ઉપર સનતકુમારનું દષ્ટાંત વિચારીએ! મળેલું જ્ઞાન-રૂપ-કે ધન એનો જો સદુપયોગ કરતાં આવડે તો અમૃત સમાન બને છે, નહિતર વિષરૂપે પરિણમે છે. રૂપનો અહંકાર સનત્કુમારે કર્યો તો તેને કડવાં ફળ ભોગવવાં પડયાં. રૂપ એ જો કે શ્રાવકના બાવીશ ગુણ પૈકીનો એક ગુણ છે. રૂપ-સૌંદર્ય મળવું એ પણ બહુ જ પુણ્યની વાત છે.

રૂપ એ ધર્મ પમાડવામાં અને ધર્મારાધનામાં સહાયભૂત બને છે. દા. ત. મહારાજ સાહેબ પાટ ઉપર બેસીને વ્યાખ્યાન આપતા હોય તેની અસર શ્રોતાવર્ગ ઉપર પડે છે. પણ જો સાથોસાથ રૂપ ગુણ હોય તો તેની બેવડી અસર જરૂર પડે જ છે. બહારથી આવતો અજાણ્યો માણસ પ્રથમ ક્ષણે મુખારવિંદના દર્શન કરી સહર્ષ નમી પડે છે.

આમ રૂપ એ ધર્મ પમાડવામાં ખૂબ જ સહકાર આપે છે. પરંતુ એનું અભિમાન જ્યારે હૃદયના ખૂણામાં પ્રગટે છે, ત્યારે એ વસ્તુ જ આત્માને દુર્ગતિ તરફ ધકેલી દે છે. અહંકાર દુર્ગતિને વણમાગ્યું નોતરૂં આપે છે.

બાર ચક્રવર્તી પૈકી સનત્કુમાર નામના ચક્રી, પંદરમા શ્રી ધર્મનાથ ભગવાનના શાસનમાં થઈ ગયા.

હસ્તિનાપુરમાં ચક્રવર્તિ સનત્કુમાર રાજ્ય કરતા હતા. હસ્તિનાપુર એટલે મૃત્યુલોકનું નંદનવન, પ્રકૃતિદેવીનું લીલાક્ષેત્ર. શ્રી અને સરસ્વતીનું મિલનસ્થાન. ભૂલોકમાં એ બીજા સ્વર્ગરૂપે ગણાતું હતું. આવા ઐતિહાસિક શહેરમાં પોતે રાજ્ય કરતા હતા. તેમનું રૂપ દેવતાઓને પણ શરમાવે તેવું હતું. આખાયે જગતમાં તેમનો જોટો જડતો ન હતો. તેમની કાયા રૂપ-લાવણ્યથી મઘમઘી રહી હતી. રાજ્યસિંહાસન ઉપર જ્યારે બેસતા ત્યારે જેમ ચંદ્ર આગળ તારાઓ ઝાંખા લાગે તેમ સનત્કુમારના રૂપ આગળ દેવતાઓ પણ ઝાંખા લાગતા. આવું અનુપમ રૂપ તેમનું હતું. હવે એકદા સૌધર્મેન્દ્ર મહારાજ પોતાની દેવસભામાં તેમના રૂપની પ્રશંસા મુક્તકંઠે કરે છે. આ પ્રશંસા સાંભળી કોઇ બે દેવો તેમનું રૂપ જોવાને બ્રાહ્મણનું સ્વરૂપ લઈને તેમના રાજમહેલમાં પ્રવેશે છે.

આ વખતે સનત્કુમારને સ્નાનગૃહમાં વિલેપન આદિ સેવકો કરી રહ્યા છે. બ્રાહ્મણ રૂપે આવેલા દેવો અત્યારે આવું રૂપ જોઈને પણ ચકિત થઇ જાય છે. ખરેખર, જેવી ઈંદ્ર મહારાજે પ્રશંસા કરી હતી, તેવું જ અદ્ભૂત રૂપ છે. બંને દેવતાઓ પણ તેમના રૂપની પ્રશંસા આપસ-આપસમાં કરે છે. સ્નાનગૃહમાં વિલેપનાદિ કાર્યમાં રત ચક્રવર્તીની દષ્ટિ આવેલ બ્રાહ્મણો ઉપર પડે છે, એટલે આદર-સત્કાર કરે છે, અને આગમનનું કારણ પૂછે છે. બ્રાહ્મણો કહે છે કે-રાજન્! અમોએ તમારા રૂપની પ્રશંસા સુણી હતી, ને તેથી અમો આપનાં રૂપનાં દર્શન કાજે આવ્યા

છીએ.'

ત્યારે સનત્કુમાર કહે છેઃ–

"અબ શું નીરખો લાલ રંગીલે,
ખેળ ભરી મુજ કાયા;
નાહી ધોઈ જબ છત્ર ધરાવું,
તબ જોજો મોરી કાયા."

"હે બ્રાહ્મણો! જો તમારે ખરેખરા રૂપનાં દર્શન કરવા હોય તો, હું સ્નાન કરીને રાજ-સિંહાસન ઉપર મુગટ–કુંડલ ઇત્યાદિ પહેરીને બેઠો હોઉં, ચામર–છત્ર ઢોળાતા હોય, ત્યારે તમો આવજો. બાકી અત્યારે હું વિલેપનાદિ કરૂં છું. એટલે આ રૂપ તો હજુ કાંઇ વિસાતમાં નથી.' ખરેખર અભિમાનમાં અંધ બનેલ આત્મા સારાસારનો વિવેક ભૂલી જાય છે. અમૃત એ વિષમાં પરિણમે છે.

નાહી ધોઇને જ્યારે રાજસિંહાસને સનત્-કુમાર બેઠા છે, ત્યારે પેલા બે બ્રાહ્મણો આવે છે. તેમનું રૂપ જોઇને જ ચકિત થઇ જાય છે, કે, 'રાજાનું પહેલાનું રૂપ ક્યાં? અને અત્યારનું આ રોગમય–વિષમય રૂપ ક્યાં?' સનત્કુમાર કહે છે, 'કેમ હવે જ રૂપ ખરેખરૂં દેખાય છે ને?' બ્રાહ્મણો કહે છે–'રાજન્! આપની કાયા સોળ–સોળ રોગથી ભરેલી છે. આપની કંચનવર્ણી કાયા અત્યારે કથીર જેવી બની ગઈ છે, વધુ શું કહીએ, પરીક્ષા કરવી હોય તો તંબોળ થુકો એટલે એમાંથી અનેક પ્રકારની દુર્ગંધ નીકળશે.' તરત જ રાજાએ એ પ્રમાણે કર્યું.

બ્રાહ્મણોની વાણી સત્ય લાગી. ઘડીક પહેલાંની કાયામાં અભિમાનને લીધે કેવો ગજબ પલટો આવે છે. એકી સાથે સોળ–સોળ રોગની ઉત્પત્તિ. પણ હવે તેમનું મન વિચારે ચડયું છે કે "જે કાયામાં હું રાતદિવસ રાચ્યો–માચ્યો રહેતો હતો, તે કાયા તો રોગનું ઘર છે. મળ–મૂત્ર અને વિષ્ટાથી ભરેલી એવી કાયામાં હું અંધ બન્યો? કાયા અને માયા, બધું ક્ષણભંગુર છે." આમ વિચારી તુરત જ ચારિત્ર અંગીકાર કરે છે. દુષ્કર તપ તપી, અનેક પ્રકારની લબ્ધિઓ મળે છે. લબ્ધિના પ્રભાવથી પોતે જો ધારે તો થુંક વડે જ બધો રોગ મટાડી શકે, પરંતુ તેમને હવે કાયાનો મોહ રહ્યો નથી.

માનવીને સત્ય વસ્તુનું ભાન થાય છે, ત્યારે તેનો જીવનપંથ જ બદલાઈ જાય છે. હવે ફરીને એકદા દેવો વૈદ્યનું રૂપ લઇને, કસોટી કરવા આવે છે. વૈદ્ય કહે છે કે, 'અમારી પાસે એવા એવા પ્રકારના ઔષધો છે કે, આપનો રોગ તદ્દન નાશ પામે.' ત્યારે સનત્કુમાર કહે છે, 'વૈદ્યરાજ! મને કાયાના રોગની દવાની જરૂર નથી. એની દવા તો મારા થુંકમાં છે, પરંતુ ભવરોગ–આત્માના રોગને મટાડવાની દવા જો હોય, તો મને આપો.'

વૈદ્યને પરીક્ષા જ કરવી હતી. છેવટે આવી વૈરાગ્યયુક્ત વાણી સાંભળી આનંદિત થાય છે, અને મૂળ સ્વરૂપે પ્રગટ થઈ, વંદન કરી, સ્વસ્થાને ચાલ્યા જાય છે. પછી તો તેમનો રોગ સાતસો વરસે નાબૂદ થાય છે. એક લાખ વરસ સુધી નિરતિચાર ચારિત્ર પાળી દેવલોકમાં જાય છે, ને પ્રાંતે મુક્તિમાં જશે.

સાર એટલો જ ગ્રહણ કરવાનો કે, કોઇ પણ પ્રકારનો અહંકાર ન કરવો. અભિમાન કરશો તો મળેલી વસ્તુ જ્ઞાન, ધન, રૂપ, બુદ્ધિ અમૃતમય બનવાને બદલે, વિષરૂપ બની જશે. માટે નિરભિમાની બની, જીવનમુક્તિના પંથ પ્રત્યે પ્રયાણ કરો!

# " જિનભકતો સ્વ–અધિકારને છાજે તે રીતે જીવવા મથે. "

શ્રી ઉજમશી જુઠાભાઈ શાહ

શ્રી અરિહંત વીતરાગદેવે પ્રરૂપેલા માર્ગને આત્મવિકાસનો યથાર્થ રાહ સમજી સર્વથા તે માર્ગે ઢળવા નિરંતર જેઓ ભાવના ભાવે છે, અને શ્રુતકેવલીઓના વિધાનોની વિરૂદ્ધ ઉત્સૂત્રભાષણ અજાણતાંયે ન થાય તે માટે જેઓ જાગૃત છે, તેઓ ખરા જિન-ભક્તો છે.

તે ભક્તો માનવ તરીકેની પોતાની ફરજો સહજ સમજે અને પોતાના અધિકારને છાજે તે રીતે તેઓ જીવવા મથે. અર્થાત્ તેઓ સદા જાગૃત રહી પોતાનો આત્મિક પુરુષાર્થ વેગ-વંત બનાવે.

સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા; તે શ્રમણસંઘના ચતુર્વિધ અંગોમાંનું કોઈ પણ અંગ પોતાના વૈયક્તિક અધિકાર પ્રત્યે જો ઉપેક્ષાવૃત્તિ સેવે તો સમસ્ત શ્રમણસંઘ પર તેની માઠી અસર અવશ્ય નિપજે. તેમાંયે ઉચ્ચ અધિકારના સ્વામી શ્રી ભગવાન મહાવીરના શ્રમણો પોતાના વૈયક્તિક અધિકાર પ્રત્યે સ્હેજ પણ ગાફેલ રહે તો તેના ભયંકર પરિણામ નિપજે. અને શાસનને ભારે હાનિ પહોંચે.

વ્યક્તિના દ્રવ્ય–અધિકાર અનુસાર ઉચિત કે અનુચિત–આચરણની સારી–માઠી અસર સમાજ પર અવશ્ય પડે છે.

વ્યકિતના ભાવપરિણામની છાયા બાહ્ય ક્રિયામાં પ્રતિબિંબિત થતી હોવાથી વ્યક્તિએ મનના પરિણામ શુધ્ધ રાખવા જોઇએ. મનમાં ઉઠતાં અશુદ્ધ વિકલ્પોને વિવેક યુક્ત રીતે ડામવાં જોઇએ, કે જેથી સ્વપરનું કલ્યાણ થાય.

જીવનનો આદર્શ સમજ્યા વિના દોટ મૂકવાથી વ્યકિત દોષોથી ઉગરતી નથી. માટે જીવનનો અંતિમ આદર્શ મોક્ષ ( સ્વસ્વરૂપ-પ્રાપ્તિ ) વ્યક્તિએ હૃદયમાં વિવેકયુક્ત રીતે સ્થાપિત કરવો જોઇએ.

જીવનનો તે અંતિમ આદર્શ સ્વસ્વરૂપ-પ્રાપ્તિ વ્યકિત સિદ્ધ ન કરે ત્યાં સુધી 'તે બીજાથી કંઇક વધુ છે, અથવા તે પોતે બીજાથી કંઇક વધુ કરે છે' તે વિચારજ દોષિત છે. જેમ જેમ વ્યકિત ફરજ અને કર્તવ્ય અદા કર્યે જાય છે, તેમ તેમ તેનો અધિકાર અને ફરજ વધે જાય છે. સ્વસ્વરૂપપ્રાપ્તિની અંતિમ ઘડી સુધી તેની સામે ફરજ અને અધિકાર પડ્યાં જ હોય છે. અને તે તેણે અદા કરવાના હોય છે. એટલે કે, 'બીજાથી હું કંઇ વધુ છું, અને વધુ કરૂં છું' તે દોષિત વિચારને વિવેકી-જનોને ત્યાં ટકવાનું સ્થાન જ નથી.

સ્વ–અધિકારને છેહ દેનારા પરિણામો આપણને હૈયે ખટકે નહિ તો સમજવું કે હજુ ખરો વિવેક આપણામાં પ્રગટયો નથી.

સ્વ–અધિકારનું ભાન ભૂલાય તો મામૂલી જણાતાં દોષો પણ વ્યાપક સ્વરૂપ પકડે છે. અને ભયંકર અનર્થો નિપજાવે છે. માટે જ, તે સૂક્ષ્મદોષની કોઇ પણ ચિણગારી વ્યાપક સ્વરૂપ પકડે તે પહેલાં વિવેકીઓએ બૂઝાવી દેવી જોઇએ.

એટલે કે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા સર્વેએ પોતાના અધિકારની સમજણ રાખી પોતાનું કર્તવ્ય, શકિત ગોપવ્યા વિના અદા કરવા વિવેકપૂર્વક પ્રયત્નશીલ રહેવું જોઇએ. સ્વપ-રના કલ્યાણ માટે ખરી કેડ કસવી જોઇએ. અને વીરશાસનનો ધ્વજ છુટે છેડે ફરકતો રાખવા ચતુર્વિધ–શ્રમણસંઘ–વ્યવસ્થા શિસ્તબદ્ધ જાળ-વવી જોઇએ.

# વીતરાગવાણીનો મહિમા

શ્રી એન. એમ. શાહ અમદાવાદ

સામાન્ય રીતે વિશ્વમાત્રમાં, શારીરિક, માનસિક અને આત્મિક એવા ત્રણ પ્રકારના દુઃખો વિશેષે કરીને જોવામાં આવે છે. આ તો માનવગતિને લક્ષમાં લઇ વાત કરી. મંત્રશાસ્ત્રીઓ, તંત્રશાસ્ત્રીઓ અને ઔષધોના કરનારાઓનો તોટો પણ નથી, આમ છતાં આમાંનાં એક પણ પાપને પાડવા માટે શક્તિમાન નથી. આ વચનો પણ અપેક્ષાએ સમજવા જોઈએ, કારણ કે નવકારમંત્ર એ અત્યંત મહાન મંત્ર છે, અને એના જાપથી પાપો ક્ષય થઇ શકે છે, એ સૌને વિદિત જ છે.

એટલે મંત્ર, તંત્ર અથવા ઔષધ શરીર, મન ઇત્યાદિના દુઃખો દૂર કરવામાં નિમિત્તભૂત બની શકે, પરંતુ પાપ દૂર કરી શકે નહિ, 'પાપ' શબ્દની વ્યાખ્યા કરવી જરૂરી બને છે.

અઢાર પ્રકારના પાપસ્થાનકો તો છે જ, પણ સૌથી મોટું પાપ તો આત્મ-વિસ્મૃતિ જ છે. અને ખરી વસ્તુ એ છે કે રોગ કયાં છે અને કયો છે, એની પણ જીવને સ્મૃતિ નથી. જેવી રીતે વૈદ્ય કે ડોકટર રોગનું સાચું નિદાન કર્યા વિના દવા આપે તો પણ તે ફાયદામાં પરિણમતી નથી, તેવી રીતે જીવ પણ રોગને સમજ્યા વિના મંદિર જાય, પુસ્તકો વાંચે, તો પણ તેનું ફળ પામી શકે નહિ. મારો કહેવાનો આશય એમ નથી કે એણે મંદિર ન જવું, અથવા પુસ્તકો ન વાંચવા. પરંતુ રોગ કયો છે એ પારખવા જલ્દી તત્પર થવું જોઇએ. કાળ અનંત છે, એમાં આ માનવગતિના વર્ષો બહુ જ અલ્પ ગણાય. માટે વેળાસર તત્ત્વ સમજવું જરૂરી છે.

શરીરનો રોગ હોય તો ઠીક; શરીરશાસ્ત્રીઓનો તોટો નથી. માનસિક વ્યાધિ પણ નિવારી શકાય છે, એમ માનસશાસ્ત્રીઓનું કહેવું છે, અને જિનસિદ્ધાંત પણ કહે છે, 'વસ્તુ માત્ર પરિવર્તન પામ્યા કરે છે' આ રોગ, જે દેહનો પણ નહિ, મનનો પણ નહિ, તે નિવારી શકાય એવો છે.

એટલે જેમ જુદા જુદા રોગ ઉપર કોઇ વખત એક જ દવા, તો કોઇક વખત જુદી દવા કામ લાગે, તેમ આ રોગ માટે પણ 'ઔષધો' અનેક પ્રકારના છે, જેને જે રુચે તેણે તે એકાગ્રપણે શ્રદ્ધાપૂર્વક અપનાવવાનું છે.

સામાન્ય રીતે કેટલાક રોગો સુસાધ્ય છે; કેટલાક દુઃસાધ્ય, એમ અત્યારના જમાનાને લક્ષીને કહી શકાય. ભવ્ય અને અભવ્ય એમ બે પ્રકારના રોગીઓ છે જેમાં ભવ્ય—સુસાધ્ય છે, અને અભવ્ય? એ વિષે શું કહેવું?

આ રોગ તે કયો? અને એ કઈ રીતે

---

વ્યકિતના ભાવ અધિકારની આછી છાયાના અનુભવ વિના તે વ્યકિતમાં તેનો દ્રવ્ય (બાહ્ય) અધિકાર (જવાબદાર વ્યકિતઓ દ્વારા) સ્થાપિત કરવાથી પણ શાસનનું શિસ્ત અવશ્ય ખોરવાય છે. અને શાસનની હેલના થાય છે.

માટે જ, ગમે તે ક્ષેત્રે, ગમે તેને ગમે ત્યારે સ્થાપિત કરતાં પણ શ્રી શ્રમણ સંઘે વિવેક ધરાવવો જોઇએ.

નિવારી શકાય? આ રોગ તે 'ભવરોગ' છે, અને તે સત્યવચનામૃત વડે નિવારી શકાય છે.

'વીતરાગ વાણી' એ જ આ રોગ ઉપરનું મહામૂલું ઔષધ છે.' 'હે ગોયમ! મા સમયં પમાયએ! હે ગૌતમ! ક્ષણુ પણુ પ્રમાદ ન કર, આવું પ્રભુ મહાવીરનું વચન ત્રિકાળ સત્ય છે, તે સર્વ જીવને સર્વ સ્થળે સરખી જ રીતે લાગુ પડે છે.

જીવમાત્ર, જે આ ચઉગતિરૂપ સંસારમાં અનાદિઅનંતકાળથી જન્મમરણુના ચક્રમાં ફરે છે, તે સર્વને દુઃખ છે, દુઃખના ક્ષય કરવાના હેતુરૂપ પ્રવૃત્તિ છે, પછી તે સમ્યક્ હોય અથવા ન હોય. વીતરાગવાણી એ એવી અલભ્ય ભેટ છે કે જેનું મૂલ્ય અમૂલ્ય છે, "વાણી"-જેનો શબ્દે શબ્દ, ભાવે ભાવ, શ્રવણુ કરતાં, વાંચતાં, વિચારતાં, મનન કરતાં, ચિંતવન કરતા, ક્રોડો પાપ ક્ષય કરી શકે એવી તાકાતવંત તે 'વીતરાગવાણી' છે!

રોગ જીવ સાથે લાગેલો છે, ભવરોગ, જેના ત્રણુ મુખ્ય કારણુ રાગ, દ્વેષ, અજ્ઞાન છે. જે દુઃખોત્પાદક છે, દુઃખવર્ધન કરનાર છે, જે ચતુર્ગતિમાં ફેરવનાર છે. રાગ-દ્વેષ-અજ્ઞાનથી 'આત્મ-વિસ્મૃતિ' છે, એ પાપ છે, અને એટલા માટે જ 'વીતરાગવાણી'ની આવશ્યકતા છે.

જગતના ચતુર્ગતિના જીવોને પોકારી પોકારીને વીતરાગ-વાણી ઉદ્બોધે છે કે-

'હે જીવો, આ સંસારમાંથી પાછા વળો. અમે પણુ ત્યાં ભટકયા, પરંતુ ત્યાં સાચું સુખ નથી, સાચું સુખ આત્મામાં છે, તે બહાર શોધવાથી નહિ મળે, તે તો આત્મામાં છે, ત્યાં અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય રહ્યાં છે, એનો આવિર્ભાવ કર! એનું સ્મરણુ કર, એનું ચિંતવન કર, એ રૂપ બનો!'

❀

પ્રસિધ્ધ ધનકુબેર લોર્ડ રોથ્સચાઈલ્ડને ત્યાં એક વાર ત્રણુ-ચાર સામ્યવાદીઓ જઈ ચડયા અને સમાનતા પર અને દ્રવ્યની અસમાન વહેંચણી પર ભાષણુ ભરડવા માંડયા. તેમને આટલી બધી દોલત ધરાવવાનો કંઇ હક્ક નથી એમ જોરશોરથી કહેવા લાગ્યા.

ભાષણુ સાંભળી રહ્યા પછી રોથ્સચાઈલ્ડ ચુપચાપ એક કાગળની ચબરખી પર કંઈ હિસાબ ગણુવામાં પરોવાયા ને તે પૂરો થયે તેણે દરેક સામ્યવાદીના હાથમાં બબ્બે પેન્સ મૂકયા.

આશ્ચર્ય પામી પેલાઓએ આમ કરવાનું કારણુ પૂછયું. ત્યારે રોથ્સચાઈલ્ડે કહ્યું કે 'મારી દોલતને મેં દુનિયાની વસ્તીથી ભાગી નાખી છે. એ હિસાબે દરેક જણુને ભાગે બે પેન્સ આવે. તમે તમારો ભાગ લેતા જાઓ, ને બીજાઓ તેમનો ભાગ લેવા આવશે ત્યારે તેમને પણુ આપતો રહીશ.'

❀

રાજકારણુ એ એક કળા છે. તેમાં શ્રીમંત અને શ્રમજીવીને એક-બીજાથી બચાવવા પડેલા પાસેથી મતા અને બીજા પાસેથી મત પડાવવામાં આવે છે.

# ગુણાનુરાગ અને જૈનશાસન

પૂ. મુનિરાજ શ્રી રવિવિજયજી મહારાજ

જૈનશાસન એટલે ગુણનો પૂજક સમુદાય. જિનેશ્વરદેવ એટલે ગુણનો ભંડાર. જિનેશ્વરદેવના ઉપદેશનું ધ્યેય આખું જગત ગુણોથી પૂર્ણ બને તે છે. એમના ઉપદેશમાં એકપણ દોષનું પોષણ નથી તેમ જ એક પણ ગુણનું શોષણ નથી. એમના-દ્વારા કહેવાયેલા ધર્મના બે પ્રકારમાં મુખ્ય પ્રકાર સર્વવિરતિનો છે અને અમુખ્ય પ્રકાર દેશત્યાગનો છે. આ મુખ્યામુખ્ય ધર્મના પ્રકારમાં પણ મુખ્ય ધર્મના પ્રકારમાં ગુણો ઘણા છે અને અમુખ્ય ધર્મના પ્રકારમાં ગુણો અતિ અલ્પ છે. પ્રથમ ગુણસ્થાનકથી માંડી ૧૪મા ગુણસ્થાનક સુધીની ભૂમિકાઓના ભેદમાં કારણ ગુણો જ છે. સાધુઓ એટલે આત્મામાં ગુણોને પ્રગટ કરવા માટે સતત પ્રયત્નશીલ આત્માઓ. શ્રાવકો એટલે આત્મામાં ગુણોને ખીલવવા માટે અવસરે અવસરે પ્રયત્ન કરનાર આત્માઓ. માર્ગાનુસારીઓ એટલે ગુણોના સ્થાનભૂત દેખાતા આત્માઓને જોઈને નાચતા તથા પોતાનામાં ગુણો ક્યારે પ્રગટે તેની અભિલાષા કરતા આત્માઓ.

જીવોમાં ગુણોની શરૂઆત 'હું જડ શરીરથી મુક્ત બની અખંડ આત્મિક આનંદ લૂંટનાર થાઉં તો સારૂં,' એવી ભાવના જ્યારથી થાય છે, ત્યારથી જ થાય છે. 'સંસાર જ ઉપાદેય છે, અહિં જ સર્વ, પ્રકારનું સુખ છે, શરીર વગર સુખનો ભોગવટો હોય જ શાનો ? આત્મા, પરલોક, પુણ્ય, પાપ, સ્વર્ગ નરકાદિની વાતો કાલ્પનિક છે, ઉપજાવી કાઢેલી છે, નકામા લોકોને આત્મા આદિની વાતો કરી આ બધા સુખોથી વંચિત કરે છે' વિગેરે વિગેરે પ્રકારની માન્યતા જે કોઈ જીવોમાં હોય અને બાહ્યથી દયા-દાનાદિ ક્ષમા કે સહનશીલતા આદિ ગુણો દેખાતા હોય તો તેને ગુણો માનવા એ છોકરાને મારી નાખી તેના મડદા આગળ તેની પ્રશંસા કરવા તૂલ્ય છે. આત્માભિમુખતાથી શૂન્ય વ્યક્તિમાં દેખાતા ગુણો કેવળ સ્વાર્થસાધક જ હોય છે, અથવા તો દોષપોષક હોય છે, માટે તે ગુણો પણ દોષસ્વરૂપ છે. પાંચ ઇંદ્રિયોમાં તથા પરિગ્રહાદિમાં જે આત્માઓની એકાંત રીતે ઉપાદેય બુદ્ધિ છે તે આત્માના દેખીતા ગુણો ક્યારે દોષસ્વરૂપ બને તે કહેવું અશક્ય છે, અરે એ ગુણો પણ દોષોનું જ કામ કરે છે, તેથી તે ગુણો પણ દોષ જ છે. જ્યારથી આત્માભિમુખ દૃષ્ટિ થાય છે ત્યારથી જ આત્મામાં તાત્ત્વિક ગુણોની શરૂઆત થાય છે. ગુણશૂન્ય આત્માઓ કોઈ પણ કાલે આત્મક શાંતિ, સમાધિ કે સુખનો અનુભવ કરી શકતા નથી.

જૈનશાસનમાં ગુણો તથા ગુણવાનોની મહત્તા ખૂબ ખૂબ ગણવામાં આવી છે. તેથી જ પોતાનાથી અધિક કે અલ્પ ગુણીની પણ પ્રશંસા અને અનુમોદના કરવાનું આ શાસનમાં જોરદાર ફરમાન છે, આચાર્ય પણ સાધુ વિહાર કરીને આવે તે વખતે તરત જ પોતાના આસન ઉપરથી ઉભા થઇ જાય. એ પ્રકારે વિધિનું પ્રતિપાદન કરી ગુણીનું બહુમાન કરવાનું ફરમાન આ શાસન કરે છે.

મહારાજા કુમારપાળના સંઘમાં સાથે ગયેલા પૂ. હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સિદ્ધગિરિરાજ ઉપર આદીશ્વર ભગવાનના મંદિરમાં ધનપાળ કવિથી રચાયેલ ધનપાલ પંચાશિકા બોલે છે 'કુમારપાળ મહારાજા કલિકાલસર્વજ્ઞ પૂ. હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજને પૂછે છે કે, 'આપ જબરજસ્ત કવિ હોવા છતાં પણ આપ આપના રચેલા સ્તોત્રો ન ગાયાં અને ધનપાલ શ્રાવકના બનાવેલ સ્તોત્રો ગાયા એ કાંઇ અમને સમજમાં આવ્યું નહિ.' જવાબમાં પૂ. હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ કહે છે કે, 'તેમની કૃતિઓમાં જે ભાવ ભર્યો છે, તે ભાવ મારી કૃતિઓમાં નથી.' કેટલો જબ્બર ગુણાનુરાગ ! કેટલી આત્મલઘુતા ! પોતે આચાર્ય છે, કલિકાલસર્વજ્ઞનું તાત્ત્વિક બિરૂદ ધારણ કરનાર છે, તે કાલના કવિઓમાં તેમનો નંબર પહેલો છે, મહારાજા કુમારપાળ જેવાને પ્રતિબોધ કરી આ શાસન પમાડી દીધું છે, મંત્રાદિ શક્તિઓ જેમને સ્વગત છે, અનેક વિષયો ઉપર જેમની કસાયેલી કલમો ચાલી છે, અનેક ગ્રંથોની રચના કરી છે, તે કાલમાં મહાશાસનપ્રભાવક છે, છતાં કેવો ગુણાનુરાગ ! કારણ ? તેમના આત્મામાં આ શાસન જચ્યું હતું, પચ્યું હતું, તેથી જ આ

શાસનના અનેક આદર્શોથી ' ગુણાનુરાગ કરવો જોઇએ ' એનો અમલ તેમના આત્મામાં સાક્ષાત્ જોવા મળે છે. આ રીતે આ ગુણાનુરાગને ઝળહળતી રીતે જીવનમાં જીવનારા આ શાસનમાં અનેક આચાર્યો આદિ અને શ્રાવકો આદિ થયા છે, થાય છે, તે બધાના પ્રસંગો લખવા જઇએ તો આખી જીંદગીનો અંત આવે, પણ તે મહાપુરૂષોના જીવનપ્રસંગોને લખવાનો અંત ન આવે.

અરિહંતાદિ નવપદોનાં પૂજન, દર્શન વંદન, આદિ કરવું, તે પણ ગુણોનું પૂજન, વંદન અને દર્શન છે. કારણ કે અરિહંતઆદિ ગુણોના પૂંજ છે. અરિહંત એટલે પરમાર્થ દૃષ્ટિયે પરોપકાર આદિ ગુણોના ભંડાર, સિદ્ધ ભગવાન એટલે જ્ઞાનાદિ અક્ષય અનંત ગુણોના ભંડાર. આચાર્ય એટલે શુદ્ધ આચારના ભંડાર. ઉપાધ્યાય એટલે વિનયના ભંડાર, સાધુ એટલે તપના ભંડાર. સમકિત એટલે દરેક જીવો ઉપર દ્રવ્ય તથા ભાવ દયા આદિ ગુણોને પ્રગટ કરવાનું કહેનાર અન્તર્નાદ; સમ્યગ્જ્ઞાન એટલે પોતાનું અને પારકું એવું સચું ભાન કરાવનાર. સમ્યક્ચારિત્ર એટલે કોઇને પણ ઉપદ્રવભૂત થયા વગર નિષ્પાપ જીવન કે ગુન્હા રહિત જીવન; સમ્યક્તપ એટલે આત્મા ઉપર લાગેલા મેલને સાફ કરનાર સાબુ આ નવપદો ગુણોના ધામ કે ગુણો સ્વરૂપ છે. આ નવપદો એ જૈનશાસનસ્વરૂપ છે. એ જૈનશાસન ઉપરનો પ્રેમ એ ગુણ ઉપરનો પ્રેમ છે. જગતમાં જેટલા ગુણના પ્રેમી હશે તે કદી પણ આ શાસન ઉપર અરૂચિ નહિ કરે અને પ્રેમ કર્યા વગર નહિ રહે. આ શાસનની વિશેષતા એ છે કે તેના મહારથીઓએ જ્યાં જ્યાં સાચા ગુણો જોયા, ત્યાં ત્યાં તેમની પ્રશંસા કર્યા વગર ન રહ્યા. પાતંજલીમાં મોક્ષરૂચિ, તેને સિદ્ધ કરવા ત્યાગ-વૈરાગ્યાદિ જે કોઈ પ્રાથમિક ભૂમિકાના ગુણો હતા જેને લઈને જ પૂ. આ. મ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજે તેમને 'ભગવાન પાતંજલિ' એ નામથી સંબોધ્યા. જૈન શાસ્ત્રકારોએ સંસારનો ઉદ્વેગ આદિથી માંડીને જે કોઇ ગુણો જેમનામાં જોયા છે, તેઓની તેમણે તેટલા અંશમાં પ્રશંસા જ કરી છે. આ પણ જૈનશાસનની ગુણપૂજકતાનો પૂરાવો છે.

અહિં એક વાત વિશેષ રીતે ખ્યાલમાં રાખવા લાયક તે છે કે, સંસારમાં વિષયો, કષાયો તથા પરિગ્રહાદિના પોષણ માટે, રક્ષણ માટે, વૃદ્ધિ માટે કે ભોગવટા આદિને માટે દેખાતા ગુણોને આ શાસને ગુણાભાસ કહ્યા છે. નકલી ગુણો કાચા છે. અરે એને દોષનું પણ ઉપનામ આપ્યું છે. જેમ વેપારી વકરો કરવા માટે કે ગ્રાહકને સારી રીતે ઠગવા માટે ગ્રાહક ગાળ દે, હલકા વચનો બોલે તો પણ ક્ષમા રાખે છે, ક્રોધ કરતો નથી. આ ક્ષમા ગુણ છે, પણ તે કેવળ પરિગ્રહસાધક હોવાથી, તેની અહીં ગુણ કોટીમાં ગણતા નથી, પણ ગુણાભાસ કોટીમાં ગણ્યના છે. કેમ ? વેપારીને ખબર પડી જાય કે આ ગ્રાહક માલ લેવાનો નથી, નફો થવાનો નથી.અને પજવે જ છે, તો તેને પછી ગુસ્સો આવતાં વાર લાગતી નથી. અર્થાત્ તેની દેખાતી ક્ષમા એ સ્વાર્થસાધક છે. સ્વાર્થસાધક ગુણોને જૈનશાસને ગુણાભાસ તરીકે ઓળખાવ્યા છે. ક્ષમારૂપગુણ તેજ સાચો કહેવાય કે જેનામાં સંસારના નૈર્ગુણ્યનું ભાસન છે. કોઇ ગમે તેવા અપરાધો કરે તો પણ એ વિચારવાનું કે. ' અરે આ બિચારો પોતાના કર્મથી હણાઈ રહ્યો છે, માટે મારે તેના ઉપર ગુસ્સો કરવો ન જોઇએ, કારણકે મરેલાને મારવો એ સત્પુરૂષોનું ભૂષણ નથી. એ પોતાના કર્મથી મરાઈ રહ્યો છે તેને મારે કંઇ કરવું તે મરેલાને મારવા જેવું થાય, અને તેમ કરૂં તો મારામાંથી ઉત્તમતા જતી રહે અને અધમતા આવે ' આવા વિચારપૂર્વક ક્ષમા કરનાર એ જ સાચા ક્ષમાગુણનો સ્વામી છે.

જૈનશાસન કહે છે કે, જીવમાં ગુણોની શરૂઆત, સંસારના સ્વરૂપનું જ્ઞાન અને તેનામાં નિર્ગુણતાની બુદ્ધિ, મોક્ષની રૂચિથી થાય છે. આ વગરના ગુણો એ પાયા વગરના મહેલ જેવા છે. છાર ઉપર લીંપણ જેવા છે, વિષ્ટામાં રહેલા ચંપકના ફૂલ જેવા છે.

જગતમાં રહેલા છદ્મસ્થ આત્માઓમાં દોષ અને ગુણ બન્ને રહેવાના. તેમાં તેઓના દોષ ઉપર દૃષ્ટિ નાંખવી તે નાંખનારની વાંકી દૃષ્ટિ સૂચવે છે,

અથવા તો તેનામાં રહેલ દોષપ્રિયતાને જણાવે છે, અને તેઓના ગુણો ઉપર દૃષ્ટિ નાખવી તે જોનારમાં ગુણાનુરાગ વ્યક્ત કરે છે. આથી કોઇ તપ કરતો હોય અને ક્રોધ પણ હોય તો તેના ક્રોધ ઉપરથી દૃષ્ટિ કાઢી નાંખી તપની પ્રશંસા કરતા થવું જોઇએ. પણ જો તે વખતે કોઇ એમ બોલે કે, 'ક્રોધ સાથે કરેલા તપની શું કિંમત? એના કરતાં ન કરવો સારો, તો તે પોતામાં રહેલ દોષપ્રિયતા ને તે વાણીદ્વારા બહાર કાઢે છે, એજ રીતે કોઈ સદાચાર કે બ્રહ્મચર્ય પાળતો હોય, અનેક પ્રકારનું દાન પણ કરતો હોય તે વખતે તેનામાં માન હોય કે લોભી વૃત્તિઓ પણ હોય તે માન કે લોભને આગળ કરી સદાચાર કે બ્રહ્મચર્યના પાલનને અધમ ગણાવવું અને તેનાં ગુણોની નિંદા કરવી એ અધમ માણસનું કામ છે, દોષપ્રેમીઓનું કામ છે, પણ ગુણાનુરાગીઓનું કામ નથી.' સાધુ હોય, ઉત્તરગુણોમાં ઢીલો હોય, શિથિલ હોય તે છતાં મૂલગુણોમાં મજબુત હોય, તેનું પાલન કડક હોય, તેના ઉત્તરગુણોની ઢીલાશને કે શીથિલતાને આગળ કરી તેની નિંદા કરવી, જાહેરમાં હલકા ચિતરવા, લોકોનું બહુમાન તેમના ઉપર ઓછું થાય તેવું બોલવું કે લખવું તેમાં પોતાનામાં રહેલ દોષાનુરાગ કારણ છે. જો થોડો પણ ગુણાનુરાગ હોય તો એવું કર્તવ્ય થાય જ નહિ. હા, કદાચ લાગણી પેદા થઇ જાય તો તેવા સાધુઓને, તપસ્વીઓને, બ્રહ્મચારીઓને કે દાનવીરને એકાંતમાં બેસી શિખામણ અપાય અને તે દ્વારા તેમના જીવનના દોષ કાઢવા મહેનત કરાય પણ જાહેરમાં ગમે તેમ લખી તેમના દોષોને પ્રગટ કરવા તે તેમના દોષ કાઢવાનો ઉપાય નથી, પણ પોતાના દોષોને પ્રબલ કરવાનો ઉપાય છે. આ વસ્તુસ્થિતિ હોવાથી ગુણાનુરાગીએ કોઇ પણ પ્રસંગે પણ દોષદૃષ્ટિથી દૂર રહી, વિવેકપૂર્વક આચરણ રાખવું જોઇએ. આ જ પોતામાં ગુણોને પ્રગટાવવાનો રાજમાર્ગ છે.

❀

પાર્લામેન્ટના સભ્ય મી, શેરીડને તેના વિરોધીને જૂઠ્ઠો કહ્યો ત્યારે સ્પીકરે તે માટે માફી માગવા જણાવ્યું.

શેરીડને કહ્યું: "મિ. સ્પીકર, મેં કહેલું કે આપણા આ માનનીય સભ્ય જૂઠ્ઠા છે એ સાચું છે. અને એ માટે હું દિલગીર છું."

વિરોધી સભ્યે વાંધો લીધો કે "આ વાકયરચના દ્વિ અર્થી છે માટે ચોકખા શબ્દોમાં માફી જોઈએ."

'સાહેબ,' શેરીડને કહ્યું; 'આપણા માનનીય સભ્ય પોતાના જ્ઞાન મુજબનો અર્થ કરી શકે છે. અને એમને લાગે ત્યાં અલ્પવિરામ મૂકી શકે છે.

❀

એક અંગ્રેજ ઉમરાવ એક વાર અમેરિકાના પ્રેસીડન્ટ લિંકનને ઘેર મુલાકાતે ગયો. ત્યાં લિંકનને તેમના જોડાને પોલીશ કરતા જોઈ કહ્યું. 'અંગ્રેજો કદિ પોતાના બૂટ પોલીશ કરતા નથી.

'ત્યારે તેઓ કોના બૂટ પોલીશ કરે છે?' લિંકને ધીરે રહી મમરો મૂકયો.

# શ્રી ધર્મોપદેશ-કુલકસાર-સંગ્રહ

પૂ. મુનિરાજ શ્રી માનતુંગવિજયજી મહારાજ

૧ માનમત્સર આદિ આંતરશત્રુઓને સંપૂર્ણપણે નિવારનારા, ત્રણે ભુવનના લોકોને વંદન કરવા યોગ્ય, ચરમ તીર્થનાયક શ્રી મહાવીર પ્રભુને વંદન કરીને, ધર્મઉપદેશનો કાંઈક અંશ કહેવાનો પ્રયત્ન આદરૂં છું.

૨ આ ભયંકર સંસાર અટવીમાં, ઉત્તમ પ્રકારના તત્ત્વજ્ઞાનને પામ્યા વિના જીવ અનંતો કાળ રઝળ્યો, કોઇ પણ સ્થાનમાં ભાવપૂર્વક શ્રી જિનધર્મને ન પામ્યો.

૩ અશુભ કર્મના કાંઇક લઘુપણાથી, અત્યારે. તે શ્રી જિનભાષિત ધર્મની અતિ-દુર્લભ સામગ્રી ઘણા કાળે હાથમાં આવી છે. પાણીના મોટા દ્રહમાં, શેવાલના પડ જામેલા જ રહેલા હોય, એમાં નીચે કાચબા. મચ્છ વગેરે અનેક જલજંતુઓ પોતાના કુટુંબ સહિત રહે. સેવાલના પડલ નીચે રહેવાથી, એમને સૂર્ય-ચંદ્ર આદિના પ્રકાશ કદી જોવા ન મળે. એક સમયે શરદપુનમની રાત હતી. ચંદ્ર પૂર્ણ-કલાથી ખીલ્યો. એવામાં પવનના ઝપાટાથી સેવાલના પડલમાં એક કાચબાની ડોક બહાર નીકળે એવડું છિદ્ર પડી ગયું. અચાનક કોઈ કાચબો ત્યાં આવી ગયો. ડોક બહાર કાઢીને જોયું તો જીંદગીમાં નહિ જોયેલો ચંદ્રનો અનુપમ પ્રકાશ જોયો, ઘણો આનંદ પામ્યો. પોતાના કુટુંબને બતાવવા માટે પાછો પાણીમાં નીચે ઉતરી ગયો. કુટુંબને વાત કહે છે અને ત્યાં લાવે છે, એટલામાં ફરી તેવો પ્રબલ પવન આવવાથી એ છિદ્ર પૂરાઇ ગયું. એથી એ પ્રકાશ કાચબાને ફરી જોવા ન મલ્યો. એવી જ રીતે સંસારમાં ભટકતા, મોહના અંધારામાં આથડતા, જીવને શ્રી વીતરાગ દેવના માર્ગની પ્રાપ્તિ અને તે ઉપર દૃઢ શ્રધ્ધા, એની આજ્ઞાનું પાલન આ બધું અતિ દુર્લભ પ્રકાશ સમાન છે. આ પ્રકાશના કાળમાં આત્મા જો પોતાનું કાર્ય કરી લે, તો થોડું-ઘણું બની જાય, નહિ તો, સંસારભ્રમણના મહા અંધ-કારમાં જીવ રઝળવાનો છે. મળેલી સામગ્રીનો યોગ્ય લાભ લઇ લેવાની જ્ઞાનીઓ ભલામણ કરે છે.

૪ આ શ્રી જિનભાષિત ધર્મ મનવાંછિત ફળ આપવામાં કલ્પવૃક્ષ સમાન છે, અનંત જ્ઞાનીઓએ જગતના એકાંત હિતને માટે જ કહેલ છે, પોતાના કલ્યાણની ઇચ્છાવાળા જનોએ એને જ વિધિપૂર્વક આરાધવો જોઇએ.

૫ એ ધર્મના મૂલ હેતુ જીવદયા વગેરે છે. એ ધર્મ શાંતિ આદિ દશ ભેદ વડે કહેલ છે. સઘળા ગુણને લાવનાર એવા આ શ્રી અરિહંતભાષિત ધર્મની આચરણામાં હંમેશા, આળસ ત્યજીને ઉદ્યમ કરવો.

૬ જેમ પર્વતોમાં મુખ્ય મેરૂ પર્વત છે, સમુદ્રોમાં સહુથી મોટો સ્વયંભૂરમણ સમુદ્ર છે. તારાઓમાં શ્રેષ્ઠ જેમ ચંદ્ર છે, તેમ સર્વ ગુણોમાં સાર જીવદયા છે.

૭ સત્યથી લોકમાં પ્રતિષ્ઠા જામે છે, સત્ય વડે ધર્મની શુદ્ધિ થાય છે, સત્ય વડે સદ્દગતિનો લાભ થાય છે, સત્ય જેવું ઉત્તમ બીજું કાંઈ નથી.

૮ જેઓ પરદ્રવ્યના હરણથી એકાંતે વિરક્ત મનવાળા રહે છે, તેમને કયું સુખ, કયો યશ અને કયું કલ્યાણ પ્રાપ્ત થતાં નથી?

સર્વ કાંઈ થાય છે.

૯ જે પુરૂષો અખંડ બ્રહ્મચર્ય પાલનના ગુણની મુખ્યતાવાળા જીવનને જીવે છે, તેમને બ્રહ્મા પણ નમસ્કાર કરે છે. તેમના માટે આ સંપૂર્ણ ભુવનમાં કાંઈ અસાધ્ય નથી.

૧૦ જેઓ સર્વ સ્થળોમાં પરિગ્રહની કોઇ પણ જાતિની મમતા રાખ્યા વિના રહે છે, તેમને કોઈ વ્હાલો કે કોઈ દુશ્મન હોતા નથી, અને તેઓ સદાય સઘળા દુ:ખોથી દૂર જ રહે છે.

૧૧ ભયંકર સર્પના વિષ જેવા મિથ્યાત્વનો જેમણે ત્યાગ કર્યો છે, તેઓ જ સાચા કલ્યાણની પરંપરાને પામે છે, બીજા નહિ.

૧૨ કાદવના ઢગલા જેવો ક્રોધ વિસ્તાર પામવાથી સર્વ જનને ઉદ્વેગ કરનાર થાય છે, દારૂણ દુ:ખોની મૂળ ખાણ ક્રોધ જ છે.

૧૩ માન વિનયનો નાશ કરનાર છે, દુ:ખરૂપી વૃક્ષને સિંચવામાં પાણી સરખો માન છે. હદ ઉપરાંતના દુ:ખ આપનાર છે. જ્ઞાનાદિ ઉત્તમ ગુણોની હાનિ કરનાર માન છે.

૧૪ માયા તોફાની વંટોળીયા જેમ ઘણી દોષરૂપી ધૂળને ઉછાળે છે, એ ધૂળથી આંખો મીંચાઇ જતાં જીવો સાચા ગુણ–દોષની પરીક્ષા કરી શકતા નથી.

૧૫ લોભ કાળા સર્પ જેવો જેમ જેમ નજીકમાં આવે તેમ તેમ જગતના જીવોને શિથિલ કરી નાખે છે, ન કરવા લાયક અનેક પાપ કર્મ વડે જીવને મહાદોષોથી દુષિત બનાવે છે.

૧૬ આત્માનું સદાય ખરાબ કરનારા,

૪

આ ચાર કષાયોને નિર્મલ સમાધિ યોગ વડે જે મન રૂપી ઘરમાંથી સદાયને માટે બહાર કાઢી મુકે છે, તેઓ જગતમાં સુખપૂર્વક જીવે છે.

૧૭ આવા ગુણોને આરાધવાપૂર્વક આ ધર્મને જે કોઈ જીવ, જે કોઇ પણ કાળમાં સેવે છે, તે, તે જીવને પરિણામે અમૃતની જેમ સુખ આપનાર થાય છે.

૧૮ ત્રણ જગતના સર્વ જીવોને નમન કરવા લાયક, એવા શ્રી અરિહંત ભગવંતને પરમ ભક્તિવડે દરરોજ વિધિપૂર્વક પૂજવા જોઈએ. સાચો પૂજક સમય અને શક્તિ અનુસારે પૂજ્યની પૂજા કરવામાં કશી ખામી ન રાખે. પૂજક પૂજા કરે પૂજ્યની, પણ પૂજ્ય માટે પૂજા નથી કરતો, પણ પોતાના માટે કરે છે. જે પોતાના માટે જ પૂજા કરવાની ઉત્તમ દૃષ્ટિવાળો હોય, એની પૂજા એનું પોતાનું હૈયું ડોલાવી નાખે એવી હોય, અને એની રોજ પ્રભુને પૂજવાની રીતિ તથા વિધિવિધાન જોઈને, અનેક જીવોને પૂજ્યની સાચી પૂજા પ્રત્યે પ્રેમ જાગૃત થાય એવી પૂજા હોય. આવી પૂજા પૂજકને પૂજ્ય તરફ લઈ જાય અને છેવટ પૂજ્ય બનાવે. એવા અરિહંતને પૂજવા, નમવા અને ક્ષણે ક્ષણે સંભારવા એ જ ભક્ત જીવોનું ઉચ્ચ કર્તવ્ય કહેવાય છે.

૧૯ પાંચ મહાવ્રતના ભારને યાવજ્જીવ વહનારા, સર્વ પાપકાર્યોને સદાય માટે ત્યજનારા, હંમેશાં જ્ઞાનાચારાદિ પાંચે આચાર પાળવામાં તત્પર, સંસારના જીવોને આત્મધર્મની ઓળખાણ કરાવવારૂપ સર્વોત્તમ પરોપકાર કરનારા, અનેક ગુણોના ધામ એવા મુનિવરો એ ગુરૂસ્થાને હોય તો સર્વ જગતનું હિત જ થાય.

# યોગબિન્દુ [ભાવાનુવાદ] શ્રી વિદૂર

**[ લેખાંક ૧૧ મો. ]**

**પ**ર્યાયનો ક્ષણભેદે ભેદ, તેને ક્ષણિક માની લેવામાં આવે, તોય, કટકવલયાદિ અવસ્થાના પરિવર્તનમાં ય જેમ સુવર્ણ દ્રવ્યને અનુગામિ દ્રવ્ય રૂપે સ્વીકારવામાં આવે છે તેમ એક અન્વયિ દ્રવ્યને માનવું જ જોઇએ. તો જ વ્યવસ્થા ઘટી શકે. અન્યથા ન ઘટી શકે. કારણ બંધ કરનાર જ્ઞાનક્ષણ અલગ હતો તે તો વિનાશ પામી ગયો, અને ભોગવનાર અન્ય થઇ ગયો. બંધ અને ભોગના આધાર જુદા ન હોય. જેમ જેણે અનુભવ્યું તેજ કાળાન્તરે સ્મરી શકે, તેમ જેણે બંધ કર્યો તે જ ભોગ કરી શકે. પણ બંધ અન્ય કરે અને ભોગવે અન્ય, એમ બને જ નહિ. એથી જ અનુગામિ દ્રવ્ય માનવું જ જોઈએ. એ દ્રવ્ય પર્યાયવિશિષ્ટ છે, તે બંધ કરે અને પુન: સમયે તેનો ભોગ કરે.

આ રીતે બંને મત યોગ્ય નથી, પણ દ્રવ્ય-પર્યાયરૂપ પરિણામે તત્ત્વ માનવું તે જ યોગ્ય છે.

આત્માદિ તત્ત્વો જેમ યુક્તિથી સિદ્ધ થાય છે. તેમ આગમથી પણ સિદ્ધ થાય છે. એ આગમ પણ તો જ ઘટે યદિ આત્માને કથંચિત્ નિત્યાનિત્ય, સદસત્ અને પરિણામી માનવામાં આવે. એટલે આગમ પણ જે તે માન્ય ન થાય, પણ તે જ મનાય કે જે પ્રમાણ અને સ્વવચનથી બાધિત ન હોય. આથી જ હિતેચ્છુએ આગમનું પણ પરીક્ષણ કરવું જોઈએ, જેના માટે ગ્રંથકાર મહર્ષિ ફરમાવે છે કે—

**वचनादस्य संसिद्धि—रेतदप्येवमेव हि।**
**दृष्टेष्टाबाधितं तस्मा-देतन्मृग्यं हितैषिणा ॥२३॥**

અર્થાત્ આત્માદિ તત્ત્વો આગમથી પણ સિદ્ધ થાય છે, તેમાં ય યોગાદિ તો ખાસ કરી આગમ દ્વારા સિદ્ધ થાય છે, યોગાદિ અનુષ્ઠાનોનું ફળ મુખ્યતયા પરલોકમાં પ્રાપ્ત થાય છે પરલોકાદિ અતીન્દ્રિય અર્થોનું સાધક આગમ પ્રમાણ છે. અનુમાન પણ આગમથી અબાધિત હોય તો જ પ્રમાણભૂત છે. એટલે પરલોકસાધક પ્રમાણોમાં મુખ્યતા આગમપ્રમાણની જ છે.

આથી જ નિકટ મુક્તિગામી આત્મા તે તે શુભાનુષ્ઠાનની સાધનામાં આગમાનુલક્ષી જ હોય છે.

એ આગમ પણ પરિણામી આત્મામાં જ ઘટી શકે છે. જેમ યોગ પરિણામી આત્મામાં ઘટે છે તેમ.

આગમ એ કોઇ સનાતન-સિદ્ધ તત્ત્વ નથી. આગમ એ તો તે તે તીર્થસ્થાપકદ્વારા રચિત તત્ત્વ છે. જ્યારે વક્તાને તે તે અર્થના બોધનાર્થે પરિણામ

---

**૨૦ સવાર-સાંજ સ્વાધ્યાય કરવો, પચ્ચક્ખાણ કરવા, અને ક્ષણે ક્ષણે મનના મેલને ધોઇ નાખનારી ઉત્તમ ભાવનાઓ સંભારવી.**

**૨૧ દુઃખે વશમાં આવે એવી પાંચે ઈંદ્રિયનું દમન. ૨ કામાદિ વૈરીના વર્ગનું શમન. ૩ પ્રિયભાષિપણું. ૪ પૂર્વાભાષિપણું. ૫ કપટ રહિત.**

**૨૨ સજ્જનતા ૬, સાધર્મિક વાત્સલ્ય ૭, શક્તિ અનુસારે તપ ૮, શક્તિ મુજબ સુપાત્રદાન ૯, શીલની વિશુદ્ધિ ૧૦, ઉત્તમ ધર્મ કરવામાં સતત શ્રદ્ધા ૧૧,**

**૨૩ નવા નવા શાસ્ત્રોનો અભ્યાસ ૧૨, નવા નવા ગુણો પામવા તીવ્ર અભિલાષા ૧૩, આત્માને સમાધિમાં રાખવો ૧૪. આ ગુણોના સમૂહથી ભરેલા માણસો સાથે વસવાટ. આ ગુણો નિત્ય સેવવા.**

**૨૪. અઢાર હજાર શીલના અંગથી અતિ મનોહર એવું સાધુપણું અપ્રમત્ત ચિત્ત સહિત હું કયારે પામીશ? એવું ક્ષણે ક્ષણે નિર્દંભપણે વિચારવું.**

**૨૫ શ્રી મુનિચંદ્ર આચાર્ય ભગવંતના કહેલા આ ઉપદેશને આચરનારા પુન્યવંત ભવ્ય જીવો અકલંક ગુણોનું ભાજન થાય છે.**

થાય છે, અને તે તે ભાષાવર્ગણાનાં પુદ્ગલોમાંથી તે તે પુદ્ગલોને ગ્રહે અને શબ્દરૂપે પરિણમાવે તથા તે તે પ્રયત્નો કરે ત્યારે જ વર્ણોચ્ચાર થઇ શકે છે. તે વર્ણોનો સાપેક્ષ સમુદાય તે પદ છે, અને તેનો સાપેક્ષ સમુદાય તે વાક્ય છે, **આગમ** વાક્યસમૂહાત્મક છે.

એટલે આગમ વચનરૂપ જ છે. વચનપ્રવૃત્તિ ત્યારે જ ઘટે જ્યારે આત્માનો તે તે શબ્દોચ્ચારણનો પરિણામ થાય. એથી જ જેમ પૂર્વમાં અયોગી આત્મા યોગ્યતાના પ્રભાવે યોગયોગ્ય પરિણામ પામી યોગાભ્યાસ કરી શકે. તેમ વચનોચ્ચારના પરિણામને પામીને જ આત્મા તે પ્રયત્નદ્વારા વચનોચ્ચાર કરી શકે.

તેથી આગમ પણ તો જ ઘટી શકે યદિ આત્માને પરિણામી માનવામાં આવે. આત્મા યદિ સર્વથા અપરિણામી જ હોય, તો આગમનું પ્રણયન કેમ જ થાય?

એ આગમ પણ અબાધિત જોઇએ.

જે તત્ત્વ, પ્રત્યક્ષાદિ પ્રમાણોથી બાધિત હોય અથવા સ્વવચનથી જ બાધિત હોય, પરસ્પર વિરુદ્ધ અર્થ પ્રરૂપક હોય, તેને પ્રમાણિક કેમ જ મનાય?

એટલે જ આગમ અનેકાનેક હોવા છતાં, તે જ માન્ય બની શકે છે, જે પ્રત્યક્ષાદિ પ્રમાણો અને સ્વ-વચનદ્વારા અબાધિત છે.

અબાધિત-આગમ જ યોગસિદ્ધિનું નિદાન છે. સિવાય, તો આગમના યોગે જ અધઃપતન થઇ જાય માટે જ કલ્યાણકાંક્ષિએ આગમની પણ પરીક્ષા કરવી જોઇએ.

જેના માટે ગ્રંથકાર મહર્ષિ ફરમાવે છે કે—

**दृष्टबाधैव यत्रास्ति, ततोऽदृष्टप्रवर्त्तनम् ।**
**असच्छ्रद्धाभिभूतानां, केवलं बाध्यसूचकम् ॥ २४ ॥**

વહ્નિ શીત છે, જલ ઉષ્ણ છે, ઇત્યાદિ કથનો જેમ પ્રત્યક્ષબાધિત છે એજ રીતે આત્માને પણ માત્ર નિષ્ક્રિય-અપરિણામી માની લેવો, તે પ્રત્યક્ષબાધિત છે.

આત્માનું અનુગામિ દ્રવ્યરૂપે અવસ્થાન અને તે તે અવસ્થાપ્રાપ્તિરૂપ પર્યાયતયા અવસ્થાન, પ્રત્યક્ષ પ્રમાણસિદ્ધ છે.

વસ્તુતસ્તુ વસ્તુમાત્ર અન્વયિદ્રવ્યરૂપે સ્થિર-સ્થાયિ રહી તે તે પરિણામના યોગે તે તે અવસ્થાઓને પ્રાપ્ત કરે છે. જેમ માટી, માટીરૂપે કાયમ રહી, તે તે કપાલિકા, કપાલ અને ઘટાદિ અવસ્થાને પામે છે. એ અવસ્થા જ પર્યાયરૂપ છે, તે અવસ્થાઓને, માટી પોતાની યોગ્યતાના પ્રભાવે, તે તે પરિણામદ્વારા પામે છે. અર્થાત્ માટી જ તે તે કપાલ અને ઘટાદિ પર્યાયરૂપે પરિણમે છે, એ તેની સ્વાભાવિક યોગ્યતા છે. એ અવસ્થાઓમાં માટી તો અનુગામિ જ છે. એટલે અનુગામિતયા માટી દ્રવ્ય સ્થાયી છે અને એજ માટી તે તે અવસ્થારૂપે પરિણમે છે, માટે પર્યાયરૂપ છે, એજ રીતે સુવર્ણદ્રવ્ય પણ તે તે કંકણ-કટક-વલયાદિ અવસ્થાઓના પરિવર્તનમાં ય ધ્રુવ છે, સ્થાયિ છે.

આ રીતે વસ્તુમાત્રનું દ્રવ્યરૂપે અવસ્થાન છે, અને તે વસ્તુ જ સ્વાભાવિક યોગ્યતાના પ્રતાપે તે તે પરિણામદ્વારા જુદીજુદી અવસ્થાને પ્રાપ્ત કરે છે.

આત્મા પણ અનુગામિ દ્રવ્યરૂપે સ્થાયી રહી તે તે નર-નારકાદિ યા બાલ્ય-કુમારાદિ અવસ્થાને પ્રાપ્ત કરે છે.

આ પ્રત્યક્ષ અનુભવસિદ્ધ તત્ત્વ છે, એમાં પ્રશ્ન હોઈ શકે જ નહિ.

આમ છતાં જે આગમકથિત તત્ત્વ, પ્રત્યક્ષદ્વારા જ બાધિત હોય, તેમાં અન્ય પ્રમાણ દ્વારા પ્રકાશિત તત્ત્વના વિષયમાં પ્રશ્નજ રહેતો નથી, અર્થાત્ જે આગમમાં પરિણામિ-નિત્યત્વ નહિ માનતાં, માત્ર અપરિવર્તનશીલ નિત્યત્વજ યા એકાન્તતઃઅનિત્યત્વજ માનવામાં આવ્યું હોય; યા એકાન્તતઃ સત્ત્વ અથવા અસત્ત્વ માનવામાં આવ્યું હોય તે નિત્યત્વાદિ પ્રત્યક્ષ પ્રમાણથી જ બાધિત છે. જે પ્રત્યક્ષાનુભવથી બાધિત હોય, તે પ્રમાણ કેમ હોય? અનુમાનાદિ પ્રમાણના સ્વીકારમાં તો સંશય પણ રહે, કિન્તુ પ્રત્યક્ષના વિષયમાં તો સંદેહ હોય જ નહિ.

જે આગમ પ્રત્યક્ષથી જ બાધિત તત્ત્વનું જ્ઞાપક

હોય, તે આગમને પ્રમાણભૂત મનાય જ કેમ?

એવા અપ્રમાણિક આગમને અનુસરી પરલોક-સાધક યમનિયમાદિ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ પણ કેમ જ કરાય ?

પ્રામાણિક પ્રેક્ષાવંતો તો કદાપિ આવા આગમને અનુસરી પ્રવૃત્તિ કરે જ નહિ. માત્ર જેઓ તથાવિધ મોહ–મિથ્યાત્વના તીવ્રતમ ઉદયના યોગે અસતશ્રદ્ધાથી વ્યામૂઢ બન્યા હોય, હિતાહિતના વિવેકજ્ઞાન રહિત હોય, તેઓ જ એવા શાસ્ત્રને અનુસરે.

જેમ જેણે ધતુરો ખાધો હોય, તેને ઇટમાં સોનાની ભ્રાન્તિ થાય છે, અને તેને તે સાચું માની લ્યે છે, જે જે ઇટ દેખાય તેને તે સોનારૂપે જ સદ્દહી લે છે. તેમાં તે ભ્રાન્ત જ છે. તેમ અનાદિકાલીન મોહાદિના અત્યુગ્ર ઉદયના પ્રભાવે જેઓ નિર્મળ બોધવંત ન બની શકયા હોય, વિવેકજ્ઞાનયુક્ત ન બની શકયા હોય, પણ કુતર્કના યોગે અસદભિનિવેશયુક્ત બન્યા હોય, તેવા પામર જીવો પ્રત્યક્ષબાધિત પણ શાસ્ત્રને પુરોગામિ બનાવી અદૃષ્ટફલ વિષયક–પર–લોકસાધક યમ–નિયમાદિ અનુષ્ઠાનમાં પ્રવૃત્ત થાય પણ તે તો તેમની ભ્રમણાનું જ સૂચન છે. ભ્રાન્તવ્યક્તિ ઇષ્ટફલસાધક બની શકે નહિં.

જેમ તૃષ્ણાના શમનાર્થે જળનો વાંછુ મૃગજળ-માં જ જલની ભ્રાન્તિ કરી બેસે અને તેના યોગે જ તૃષાશમન કાંક્ષે, તો ચિરકાળે પણ તેને તૃપ્તિ ન જ થાય. તેમ પ્રત્ક્ષબાધિત ઐકાન્તિક નિત્યા–નિત્યત્વ યા અપરિણામિત્વ પ્રતિપાદક શાસ્ત્રોદ્વારા પરલોકશ્રેય:સાધક યમ–નિયમ આદિ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરવાથી ઈષ્ટ-ફલની સિદ્ધિ થઈ શકે નહિં.

પણ તે જ આગમથી પ્રવૃત્તિ કરવામાં આવે તો ઇષ્ટફલસાધક બને કે જે આગમપ્રરૂપિત તત્ત્વ પ્રત્યક્ષ અથવા અનુમાન પ્રમાણથી બાધિત ન હોય જેના માટે ગ્રંથકારમહર્ષિ ફરમાવે કે—

**प्रत्यक्षेणानुमानेन, यदुक्तोऽर्थो न बाध्यते ।**
**दृष्टेऽदृष्टेऽपि युक्ता स्यात् , प्रवृत्तिस्तत एव तु ।।२५।।**

જે આગમકથિત અર્થ પ્રત્યક્ષ અને અનુમાનદ્વારા અવિસંવાદી હોય, તે જ આગમને અનુસરીને આ લોક અને પરલોકના સાધનમાં પ્રવૃત્તિ કરવી જોઇએ.

અર્થાત્ રૂપ એ ચક્ષુપ્રત્યક્ષનો વિષય છે, ગંધ એ નાસિકાનો વિષય છે. એટલે પ્રત્યક્ષ ચાક્ષુષાદિ-રૂપ છે. યથાર્થ અનુભવ યા ફલજનકતા આદિના સબબે પ્રમાણના પ્રમાણ્યનો નિર્ણય થાય છે. ચક્ષુનો વિષય ગંધ માનવામાં આવે અને નાસિકાનો વિષય રૂપ માનવામાં આવે તો તે બાધિત ગણાય.

જે આગમમાં દૃષ્ટ અર્થનું પ્રતિપાદન કરવામાં આવ્યું હોય, તે યદિ પ્રત્યક્ષદ્વારા બાધિત હોય તો તે આગમ પ્રમાણ માની શકાય નહિ.

એ જ રીતે તર્ક પ્રમાણદ્વારા હેતુ અને સાધ્યની વ્યાપ્તિનું, પૂર્વમાં પુનઃ પુનઃ સહદર્શન આદિના કારણે જ્ઞાન થયું હોય, અને કદાચિત્ તાદૃશ સ્થળમાં એજ તર્કાદિ હેતુનું દર્શન થયું હોય; તો તેના યોગે પૂર્વાનુભૂત વ્યાપ્તિના સ્મરણના યોગે જે તે સ્થળમાં સાધ્યનું જ્ઞાન થાય તે અનુમાન પ્રમાણદ્વારા થાય છે અર્થાત્ અવ્યભિચારી લિંગદ્વારા નિયત લિંગનું જેના યોગે જ્ઞાન થાય, તે અનુમાન પ્રમાણ. જેમ ધૂમજ્ઞાન દ્વારા પર્વતાદિમાં વહ્નિજ્ઞાન થાય છે.

❀

**આયર્લેન્ડની એક મ્યુનિસિપાલીટીના સભ્યોએ બાર કલાકની તીવ્ર ચર્ચા પછી નીચે મુજબનો ઠરાવ કર્યો:–**

**'આ ગામમાં નવી જેલની ખાસ જરૂરીઆત હોવાથી ઠરાવવામાં આવે છે કે જૂની જેલ તોડીને તેના આટકાટમાંથી નવી જેલ બાંધવી. એ બંધાઇ રહે ત્યાં સુધી કેદીઓને રાખવા જૂની જેલનો ઉપયોગ ચાલુ રાખવો.'**

❀

# —: ચિંતન—ચિનગારી :—

## બાલમુનિ શ્રી મૃગેંદ્રમુનિજી મહારાજ

૧ આ સંસારમાં બે પ્રકારનું સુખ છે. એક છે વિષયનું અને બીજું છે વિષયનાં ત્યાગનું. વિષયજન્ય સુખ એ પરાધીન, ક્ષણભંગુર અને સદાકાળ માટે અતૃપ્ત છે, જ્યારે ત્યાગજન્ય સુખ એ સ્વાધીન, અક્ષણિક અને પરમતૃપ્તિને આપનારૂં છે.

૨ ઉપદેશકમાં સદ્‌વિચાર, સદ્વચન અને સદ્ વર્તન એ ત્રણેનો ત્રિવેણી સંગમ હોવો જોઈએ.

૩ વિવેક-વિહોણી વાણી પલમાં મિત્રને પણ શત્રુ બનાવી મૂકે છે. જયારે વિવેકપુરસ્સર વાણી શત્રુને પણ મિત્ર બનાવવાની તેટલી જ તાકાત ધરાવે છે.

૪ બીજાનાં ઉત્કર્ષને નહિ સહનારાં પોતાનો ઉત્કર્ષ કદાપિ સાધી શકતા નથી.

૫ હૃદયનો આરીસો મુખ છે. એટલે હૃદયની અંદર ઉદ્ભવતાં સારા-નરસા વિચારોનું પ્રતિબિંબ મોં પર આવ્યા વિના રહેતું નથી.

૭ વાણીમાં દૃઢતા કેળવવાથી આધ્યાત્મિક શક્તિ વધે છે.

૭ ઇષ્ટ વસ્તુના વિયોગથી કે અનિષ્ટનાં સંયોગથી મૂંઝાવું એ પણ એક અજ્ઞાનતાનું પ્રતીક છે.

૮ પરવસ્તુ પરત્વે આત્માને નિઃસ્પૃહી બનાવવો એ જ સાચું અને અસાધારણ સુખ છે.

૯ દુન્યવી કોઇપણ વસ્તુ પરત્વે રાગ થવો એ જ આત્માનો રોગ છે.

૧૦ શબ્દનાં ઐદંપર્યને નહિ સમજનાર એ પઠિતમૂર્ખ છે.

૧૧ જેને ભોગથી ભય નથી તે યોગને યોગ્ય નથી.

૧૨ માનવમાં જો માનવતા ન હોય તો એ માનવ નથી પણ દાનવ છે.

૧૩ વૈરાગ્યવિહોણું વ્યાખ્યાન કલા નથી પણ બલા છે.

૧૪ તુચ્છ એવાં સાંસારિક સુખોમાં રાત દી મશગૂલ બની મનુષ્યજીવનરૂપી કોહીનૂરને એળે ગુમાવવો એ નરી મૂર્ખતા છે.

૧૫ સ્વાધીનપણે કર્મનિર્જરાર્થે સહન કરાતું સ્વલ્પ પણ દુઃખ એ શાશ્વત સુખને આપવા સમર્થ બને છે.

૧૬ સત્સંગ એ પાપીને પણ ધર્મી બનાવવાનો રામબાણ ઉપાય છે.

૧૭ કર્મોનો સર્જનાત્મક આત્મા છે, જયારે તેને વિસર્જનાત્મક પણ તે જ છે. (એ એક આપણા આપ્તશાસનની બલિહારી છે.)

૧૮ સમતાનાં ફળ મીઠાં છે, જ્યારે મમતાનાં ફળ કટુ છે.

૧૯ અજ્ઞાનતાભરી બાદશાહી ભોગવવા કરતાં જ્ઞાનગર્ભિત નિર્ધનતા ચડીયાતી છે.

૨૦ મનુષ્ય પોતાના ભાગ્યનો સૃષ્ટા યા સર્જનહાર છે.

૨૧ વાણીની મધુરતાથી નહિ ધારેલી સફળતા મેળવી શકાય છે.

૨૨ મતાગ્રહી જીવ મતિના અભિનિવેશ ભણી યુક્તિને ખેંચે છે, ત્યારે મતાગ્રહરહિત નિષ્પક્ષપાતી મતિને યુક્તિ ભણી ખેંચે છે.

૨૩ ફળથી ઝુકેલાં આમ્રતરૂની જેમ સર્વદા નમ્રીભૂત બની લોકોપકાર કરવો એ જ સજ્જનોનું કર્તવ્ય યા ફરજ છે.

૨૪ મોક્ષરૂપી વિદ્યુત્-પ્રકાશ મેળવવા

# આહારશુદ્ધિ

—: શ્રી વજ્રપાણિ :—

વર્તમાન જગતમાં વિદ્યમાન સર્વ ધર્મો આહારશુદ્ધિ ઉપર ઘણો ભાર મૂકે છે. જીવનનું આધ્યાત્મિક વલણ કેળવવા સારુ આહારશુદ્ધિ સર્વ પ્રથમ આવશ્યક છે. માનસિક વિચારોની વિશુદ્ધિ આહારશુદ્ધિ હોય ત્યારે જ શક્ય બને છે. છાંદોગ્ય ઉપનિષદ્‌માં આહારશુદ્ધિની અતિશય આવશ્યક્તા બતાવતા કહ્યું છે,

आहारशुद्धौ सत्त्वशुद्धि',
सत्त्वशुद्धौ स्मृतिशुद्धिः !

સ્મૃતિ એટલે જ્ઞાન. જ્ઞાનની શુદ્ધિ આત્માની સાત્વિકતા વિના સંભવે નહિ. આત્માનું સત્ત્વ આહારશુદ્ધિ વિના શક્ય નથી. આનો અર્થ એ થાય કે અજ્ઞાનને દૂર કરવા એટલે કે અનંતજ્ઞાનના દબાયેલા ખજાનાને પ્રગટ કરવા સત્ત્વ જોઇએ અને એ સત્ત્વ આહારશુદ્ધિ ઉપર અવલંબે છે, માટે આહારની શુદ્ધિ એ જ મહત્ત્વની હકીકત છે.

વીતરાગ પરમાત્માના શાસનમાં પણ આહારશુદ્ધિ ઉપર ખૂબ ભાર મૂકયો છે.

जे सारक्खाया ते तयक्खा,
जे तयक्खाया ते सारक्खाया

અનંતજ્ઞાનના અવરોધક સંસારના વિષયોનો જે સાર ખાય છે તે અનંતજ્ઞાનના પ્રકાશક અપૂર્વ સુખદાયક સંયમજીવનના છોતરા ખાય છે. અને જે આત્માઓ જગતના જડપદાર્થોનો સાર ન ખાતાં છોતરા જ ખાઇ લે છે, એ મહાત્માઓ સંયમી જીવનનો સાર ખાય છે. જીવનમાં જરૂર કોની ? જગતના જડ પુદ્‌ગલોનાં સારની કે ચેતન એવા આત્માના સારની ? જડ પુદ્‌ગલોનો સાર એ પુદ્‌ગલોનો સ્વાદ ચેતનનો આંતરિક આનંદ લૂંટી લે છે, એના આંતરગુણોને આવરી લે છે, અને માનવતાની ઉન્નત અવસ્થા પરાઙ્‌મુખ બનાવી અધોગમને ઉદ્યત કરે છે.

આહારશુદ્ધિ એટલે રસના પર વિજય. રસના જ્યાં સુધી કાબુમાં નથી ત્યાં સુધી પાંડિત્યપૂર્ણ ભાષણોમાં જ રસના મદદ કરે પણ આત્મોધ્ધારમાં નહિ. મીઠી એ વાતો કરી લોકરંજન કરી શકે પણ આત્મરંજન સ્વપ્નમાં યે ન સંભવે દેહની પુષ્ટિને જોતજોતામાં રસના વધારી શકે પણ આત્મપુષ્ટિ સાથે રસનાને કાંઈ જ લેવા દેવા નથી. આત્મશોધનના સાધનોમાં રસનાનું સ્થાન નથી, એટલું જ નહિ પણ રસના એ આત્મશોધન કરનારા સાધનોનો મહાશત્રુ તરિકેનો પાઠ ભજવે છે.

ગમે તેમ હો. ગમે તેટલા આત્માને બિનાશક એવા ભાવો રસનામાં વસ્યા હોય પણ

---

માટે પોઝીટીવ અને નેગેટીવ રૂપ જ્ઞાન અને ક્રિયા એ બંનેય સાધનોની અતિઆવશ્યકતા રહેલી છે.

૨૫ જ્ઞાનભાનુ ઉગતાની સાથે જ અજ્ઞાનતાની આંધિ નષ્ટ થતાં વાર નહિ લાગે.

૨૬ આશા એ જીવન છે, જ્યારે નિરાશા એ મૃત્યુ છે.

તેથી આટલો બધો દોષનો ઢોળ રસના પર શા સારુ ? એનો ઉત્તર એ છે કે જગતના તમામ પુદ્ગલોમાં આત્માનો ગાઢ સંબંધ દેહના પુદ્ગલો સાથે છે. ચેતનજીની પ્રીત દેહની સાથે મીઠાશભરી છે. દેહ વિના ચેતનજી હજુ સુધી રહી શક્યા નથી. દેહની તુલનામાં જગતના બીજા કોઇ પણ જડ પદાર્થો ઊભા રહી શકતા નથી. આવા દેહમાં રસનાનું સ્થાન ઘણું મહત્વનું છે. રસનાની ગુલાબી મીઠાશોમાં જ દેહની મદમસ્ત મજા રહેલી છે. જગતમાં ભારેમાં ભારે કોઈ ત્યાગ હોય તો તે દેહનું બલિદાન છે. દેહનાં બલિદાન જેણે કર્યાં એને મન મુક્તિનો પુરૂષાર્થ બાલચેષ્ટા જેવો છે. દેહનું બલિદાન ખંધકસૂરિજીએ કર્યું તો પરમસુખને પામ્યા. મેઘકુમારે ૫૦૦ મણની હાથીની કાયાનું પાંચ રતલના સસલા ખાતર બલિદાન કર્યું તો મેઘકુમાર બની મહાવીરના શિષ્ય બન્યા. દેહનાં બલિદાન એટલે ઇંદ્રિયોનાં બલિદાન–સંસારસુખનાં બલિદાન, આશા અને તૃષ્ણાઓનાં બલિદાન.

દેહબલિદાનના પુરૂષાર્થની આડે પથરા ફેંકનારી રસના છે, માટે એ આપણી દુશ્મન છે. આહારની શુદ્ધિ આ રસનાના કાબુ વિના શકય નથી માટે જ રસના ઉપર વિજય મેળવવાનું ઠેર ઠેર પ્રતિપાદન કરવામાં આવે છે.

રસનાએ ભલ-ભલા સંયમીને, મહાવિરાગીને પણ પછાડી દીધા. એની ગુલામીએ મંગુ આચાર્યે અમોલું સંયમરત્ન ખોયું, એની વિવશતાએ સુવ્રતમુનિ ભાન ભૂલ્યા, આષાઢાભૂતિ પતિત બન્યા, કંડરીકે સંયમની મહાન સાધનાને ઠોકરે મારી અને પેલા શેલકજીએ મહાકલ્યાણકારી અનુષ્ઠાનોને અભરાઇએ મૂક્યાં. અહા ! વિરાગીને રાગી બનાવે, સંયમીને સંસારીનો વેશ આપે, રાજેશ્વરીને નરકેશ્વરી બનાવે એવી રસનાના પડખાં સેવવા એ શું ખતરનાક નથી !

અનંતસુખના કામીએ એની યાત્રાને સફળ કરવા અને એની સિદ્ધિ સુલભ કરવા માટે સર્વ પ્રથમ રસના પર સંયમ મેળવવો જરૂરી છે. એના પર સંયમ આવ્યો એટલે આહારશુદ્ધિ થઇ, તે થતાં સત્ત્વશુદ્ધિ થાય અને સત્ત્વશુદ્ધિથી સ્મૃતિશુદ્ધિ શકય બને.

આંતર પુરૂષાર્થને આ ટૂંકા રસ્તે ઝળકાવી આપણે સહુ મુક્તિના પંથે ઝડપભર ચાલીએ એજ કલ્યાણ કામના.

દક્ષિણ અમેરિકાના ચીલી અને આર્જેન્ટાઈન દેશ વચ્ચે એક યુદ્ધ પત્યા પછી ભવિષ્યમાં કદિએ બે વચ્ચે યુદ્ધ ઊભું ન થાય એ માટે એ બન્નેની સરહદ પર ઇશુખ્રિસ્તનું પૂતળું શુભ ભાવના તરીકે મૂકવામાં આવ્યું કે જ્યાં સુધી એ પૂતળું કાયમ છે ત્યાં સુધી કોઇએ એક બીજાની શંકા રાખવાનું કારણ નથી. ખ્રિસ્તની મીઠી નજર તેમને અમન–ચમન અને શાંતિમાં રાખશે.

પણ વિધિની ક્રૂરતાએ એ પૂતળુ જ બન્ને દેશો વચ્ચે વિગ્રહનું કારણ થઈ પડયું. એ ચણાઇ રહ્યા પછી કોઈએ ચીંધ્યું કે તેની પીઠ ચીલી તરફ છે. ચીલીવાસીઓને લાગ્યું કે, તેમનું અપમાન કરવાજ આમ કરવામાં આવ્યું છે. વિગ્રહ ફાટી નીકળવાની તૈયારી હતી. એટલામાં એક ચીલી દૈનિકે એ વિદ્વેષને વ્યંગમાં પલટી દઈ બાજી સુધારી લીધી. એણે લખ્યું. આર્જેન્ટાઈના લોકોપર ખ્રિસ્તને અવિશ્વાસ હોવાથી તેમના પર સદાય નજર રહે એ માટે જ ખ્રિસ્તનું મ્હો એ તરફ કરવામાં આવ્યું છે.

બન્ને દેશવાસીઓ આ પર ખેલદિલીથી હસી ઉઠયાને વેરને હસી કાઢયું.

# શંકા અને સમાધાન

**: સમાધાનકાર : પૂ. આ. શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ—ખંભાત**

[ પ્રશ્નકાર :--નેમીદાસ અભેચંદ શાહ. મુંબઇ. ]

**શં૦** કુસુમિણુ દુસુમિણુનો કાઉસગ્ગ પ્રતિક્રમણુ કરવાને વાર હોય તો સામાયિક લીધા પહેલાં થાય ?

**સ૦** રાઇ પ્રતિક્રમણુ કરવાને વાર હોય તો સામાયિક લઈને કુસુમિણુ દુસુમિણુનો કાઉસગ્ગ કરવો જોઇએ.

**શં૦** રૂમમાં બત્તી હોય, બત્તી આડુ કંઇ આડુ રાખી સામાયિક થાય તે ઉજાસમાં સામાયિકમાં પુસ્તક વંચાય ?

**સ૦** સામાયિકમાં દીવાની લાઇટના પ્રકાશમાં વંચાય નહી.

**શં૦** બેટરીની લાઇટ સચિત્ત કે અચિત્ત ? સામાયિકમાં બેટરી સળગાવી શકાય ?

**સ૦** બેટરીની લાઇટને સચિત્ત માનીએ છીએ. એટલે સામાયિકમાં બેટરી સળગાવાય નહીં.

**શં૦** તેઉકાય ને વાયુકાયમાં જીવ છે તે કોઈ યુક્તિથી સમજાવશો.

**સ૦** જેમ આપણું શરીર આહાર-પાણી આદિ મલતાં પુષ્ટ થાય છે અને તે ન મલતાં નષ્ટ થાય છે, તેમ તેઉકાયને કાષ્ટ, તૃણુ આદિ મલે એટલે વધે છે અને ન મલતાં નષ્ટ થાય છે. આથી આપણી જેમ તેઉકાય પણુ જીવ છે.

વાયુકાય કોઇની પણુ પ્રેરણા સિવાય તિર્ચ્છિગતિ કરે છે, જેમ ગાય-ભેંસ-બળદ આદિ કોઇની પણુ વિના પ્રેરણાએ તિર્ચ્છિગતિ કરનાર હોવાથી જેમ જીવ છે તેમ વાયુકાય પણુ જીવ છે.

**શં૦** બીજે સામાયિક લીધા પછી દહેરાસરમાં જવાય, પૂજામાં બેસાય, સ્થાપનાજીથી કેટલું દૂર જવાય, આડ પડે તો ચાલે ?

**સ૦** સામાયિક લીધા બાદ સમિતિ સાચવીને જિનાલયે જઇ શકાય, પૂજા સાંભલવા બેસી શકાય, સામયિક લેતાં અને પારતાં સ્થાપનાચાર્યજીની આવશ્યકતા છે. સામાયિક લીધા પછી જ્ઞાન-દર્શન અને ચારિત્રની વૃદ્ધિ માટે ચરવલો અને મુહપત્તિ સાથે દૂર જવામાં હરકત નથી.

**શં૦** ચૌદ નિયમ ધારનારને રોજ છ વિગયમાંથી એક વિગયનો ત્યાગ હોય છે. તે ગમે તે એક ધરાય કે કંઇ ક્રમ છે? અને એકને એક રોજ ધારે તો ચાલે કે છ વિગય આવી જવી જોઈએ ?

**સ૦** વિગયો ત્યાગ કરવામાં ક્રમથી આવસ્યકતા નથી. ગમે તે વિગય છોડી શકાય છે. તેમ ક્રમથી પણુ છોડી શકાય છે. ક્રમથી વિગયનો ત્યાગ કરે તો વિશેષ લાભ છે. એકની એક વિગયનો ત્યાગ કરે તો વિશેષ લાભ ન મલે.

**શં૦** મરેઠી કેટલા વખત પછી અચિત્ત થાય ?

**સ૦** મરેઠીનું સુકું લાકડું અચિત્ત છે.

**શં૦** મૂલનાયકની પૂજા કર્યા પહેલાં બાજુમાં પૂજા થાય.

**સ૦** કારણુવિશેષે મૂલનાયકભગવાનની પૂજા કર્યા પહેલા અન્ય ભગવાનોની પૂજા કરી શકાય, તે સિવાય તેમ કરાય નહિ મૂલવિધિએ મૂલનાયકની પૂજા પહેલાં કરવી જોઇએ પછી બીજા બિંબોની થાય.

**શં૦** સંજોગવશાત્ દેવસી કે રાઇ પ્રતિક્રમણુ રહી જાય તો બીજા પ્રતિક્રમણુ વખતે બેય ભેગા કરે તો ચાલે ?

**સ૦** ન ચાલે.

[ પ્રશ્નકાર :- એક જિજ્ઞાસુ-આફ્રિકા. ]

**શં૦** ઘણા લોકોનું એમ માનવું છે કે-અનાર્ય-દેશમાં વસતા જે ભાઈઓ ધર્મકરણી કરે છે એ નિષ્ફલ છે અને એમ હોય તો ધર્મકરણી કરવી કે નહી?

**સ૦** અનાર્યદેશમાં કરાતી ધર્મકરણીને નિષ્ફલ કહેનારા સાવ ખોટા છે. કોઈપણ દેશમાં કરાતી ધર્મકરણી પ્રભુના સિદ્ધાન્ત પ્રમાણેની હોય તો તે મુક્તિ આપનારી થાય છે પણ નિષ્ફળ નથી. જિન-ધર્મની જેટલી આરાધના થાય તેટલી કરવી જોઇએ.

**શં૦** આફ્રિકામાં જગ્યાની અતિશય સંકડાશ હોવાથી અને બીજી પણ કેટલીક અનિવાર્ય રહેણી કહેણી હોવાથી અહિંની કોઈ બ્હેનો માસિક ધર્મ M. C. પાળી શકતી નથી, તેથી કોઈ શ્રદ્ધાળુના મન દુભાય છે, પણ કોઈ બીજો ઉપાય નહી હોવાથી ચલાવવું પડે છે, તો આ બાબતમાં તપ દ્વારા પ્રાય-શ્ચિત થઇ શકે? અને તે માટે શું તપ કરવું?

**સ૦** જાણીબૂઝીને આચારભ્રષ્ટ થઇ રહેવું અને તપદ્વારા આત્મશુદ્ધિ માંગવી એ અનાચીર્ણ માર્ગ છે. ગમે તેવી અગવડો વેઠીને પણ ઋતુધર્મ પાળવો એજ શ્રેયસ્કર છે.

**શં૦** અહીં ગુરૂનો યોગ મળી શકે એમ છે જ નહી, તો પુસ્તકોમાંથી તપ વિગેરેની વિધિ જોઇ અને દહેરાસરમાં પ્રભુ સન્મુખ પોતે ઉચ્ચરી શકે? કારણકે પ્રભુની પ્રતિમાજી અને દહેરાસર અહીં છે. દરેક પર્વના ઉત્સવો પણ થાય છે. જેમ કે પર્યુષણની અઠ્ઠાઈ, મહાવીર જયન્તિ, ચૈત્રી તથા કાર્તિકી પૂર્ણિ-માએ શત્રુંજયપટના દર્શન, જ્ઞાનપંચમી વિગેરે વિધિ થાય છે.

**સ૦** સુવિહિત ગુરૂમહારાજનો યોગ ન હોય તો અભિગ્રહ કરી લે, ને તે પછી ગુરૂમહારાજનો યોગ મળે ત્યારે ઉચ્ચરી લે.

**શં૦** કોઈ આત્મા ભવિષ્યમાં જાત્રાએ જવા માટે અગર કોઇ દાન આદિ કાર્ય કરવા માટે મનમાં વિચાર કરે અને તે માટે જ દ્રવ્યનો સંચય જુદો કરે તો તેને આમ કરવામાં કર્મ બંધાય? કારણ કે ઘણા એમ કહે છે કે ભવિષ્યની ચિંતા કરવી એ એક આર્તધ્યાન છે, તો આ બાબતમાં ખુલાસો આપશોજી.

**સ૦** દ્રવ્ય કમાયા હોઈએ તો તે ધર્મમાં ઉપ-યોગ કરવો જોઈએ, પણ ધર્મ કરવા માટે દ્રવ્ય કમાવાનું કહ્યું નથી, દ્રવ્યનો સંચય કરવામાં બંધ થાય પણ યાત્રાદિનું શુભ નિમિત્ત હોવાથી તે બંધમાં વિષયો માટે સંચય કરાતા દ્રવ્ય કરતાં ફરક પડે, પણ તેથી તે માટે દ્રવ્ય કમાવું આવો અર્થ તો ન જ કરાય.

**શં૦** શત્રુંજયની ભક્તિનું મહાન ફળ હોવાથી કોઇને દરરોજ વીરવિજય કૃત ૨૧ ખમાસમણા લેવા હોય તો દહેરાસરમાં પ્રભુજીની સન્મુખ લઇ શકે?

**સ૦** શ્રી જિનેશ્વરભગવંતની સન્મુખ શ્રી સિદ્ધાચ-લજીના ૨૧ ખમાસમણા દેવામાં લાભ છે.

**શં૦** શ્રાદ્ધવિધિગ્રંથમાં લખ્યું છે કે-કોઇ જીવ પોતાના ઘરમાં બેઠા શત્રુંજયાય નમ: એ પદ ગણે તો નવકારસીથી છઠ્ઠનો લાભ મેળવી શકે તો એ પદ કેટલી વખત જપવું?

**સ૦** શ્રાદ્ધવિધિની ટીકામાં શત્રુંજયનું સ્મરણ કરતો નવકારશીના પચ્ચક્ખાણથી છઠ્ઠનો લાભ મેળવે છે, આ પ્રમાણે જણાવેલું છે.

**શં૦** કોઈને કાંઇ ખરાબ વિચાર આવતો હોય તો કે જેને લઇને પોતાને આવા વિચાર આવવા બદ્દલ દુ:ખ થતું હોય, લજ્જાતો હોય, ભૂલાવા વારં-વાર પ્રયત્ન કરે છતાં યાદ આવી જાય તો તેને કર્મ-બંધ થાય? અને તે ભૂલવા કેવી રીતે પ્રયત્ન કરવો?

**સ૦** કર્મબંધ થાય પણ પશ્ચાત્તાપના કારણે તેને હલકો બંધ થાય છે, અને વળી કોઇ સુવિહિત ગીતાર્થ આચાર્યાદિ સાધુ મહારાજ પાસે પ્રાયશ્ચિત લઇ લે તો તેવા બંધથી સર્વથા બચી પણ જાય, તે પાપોને ભૂલવા માટે શ્રીનવકારમંત્ર ગણવાની પદ્ધતિ રાખવી.

**શં૦** ઘણા લોકો પ્રભુની પૂજા ભક્તિભાવથી કરતા હોય પણ કંદમૂળ તથા રાત્રિભોજન કરતા હોય તો તેનામાં સમકિત સંભવે?

# કચ્છમાં ભૂકંપથી ધાર્મિક સ્થળોને થયેલું નુકશાન

મીસ્ત્રી હરિપ્રસાદ ગણપતરામ સોમપુરા-વઢવાણ સીટી.

**૧ વોંધઃ-** તાલુકો ભચાઉ.

દેરાસરને સામન્ય રીપેર કરવું પડશે. ખાસ નુકશાન નથી. આયંબિલ શાળાનું મકાન પડી ગયું છે. ઉપાશ્રયમાં નાની તીરાડો પડી છે. ભોજનશાળાના ડેલાને રીપેરીંગની જરૂર છે.

**૨ ભચાઉઃ-**

દેરાસરનું આગલું ચોકીઆરૂં ખસી ગયું છે. મંડપની કમાનોમાં તડ પડેલ છે.

આયંબિલશાળાના મકાનને સળંગ તીરાડો પડી છે. દેરાસરજીના સામેના ભાગમાં મેડી બંધ મકાનને ઉપરના ભાગમાં તીરાડો પડી ગઈ છે.

**૩ ચીરઇઃ-**

દેરાસરજીને નુકશાન નથી. રીપેરીંગની જરૂર છે. ઉપાશ્રય બેમાં ફાટ પડી છે. બે રૂમવાળો મોટો ઉપાશ્રય ઉપયોગમાં લઈ શકાય તેવો નથી. નાનો ઉપાશ્રય રીપેર કરવા માટે કેટલોક ભાગ પાડીને નવો કરવાથી ઉપયોગમાં લઈ શકાશે.

**૪ ગળપાધરઃ-**

દેરાસરના શીખરને ચીરાડો છે. ઘુમટ તથા ધાબાને ઝીણી ચીરાડો પડી છે. આગળની ચોકી ખસી ગઈ છે. ઉપાશ્રયનો પશ્ચિમ તરફનો કરો અને ઉત્તર તરફની દિવાલ ફરીથી ચણવા પડે તેમ છે.

**૫ અંજારઃ-**

૧ શ્રી. શાંતિનાથજીનું મોચી બજારમાં આવેલું દેરાસર.

આ દેરાસરને પાયામાંથી નવેસર બાંધવું પડશે. અને તેને લગતા કેસરની ઓરડી અને પૂજામંડપ પણ ફરીથી બાંધવા પડશે.

૨ શ્રી સુપાર્શ્વનાથ મહારાજનું દેરાસર, ગંગા બજાર. શિખરમાં ચીરાડો, શીખરીઓ ખસી ગઇ છે.

નૃત્યમંડપનો ઉપરનો બધો ભાગ કાઢી નાખવો પડશે. તેના એક બાજુના પ્રવેશદ્વારના ભાગ તુટયા છે. ઉપાશ્રયમાં બે ત્રણ જગ્યાએએ તીરાડ પડી છે. પ્રવેશદ્વાર ઉપરની મેડી પડી ગઈ છે.

૩ શ્રી વાસુપૂજ્ય સ્વામીનું દેરાસર, શાકબજાર. આ દેરાસરજીના શિખરની ચારે તરફ ચીરાડ છે. અને ખસી ગયેલો ભાગ ઉતારવો પડશે. બંને બાજુની રંગચોકી છુટી પડી ગઇ છે. થોડીક છાજલી તુટી પડી છે ગંભારાના કોઠલાને તીરાડો પડી છે. ઘુમટ અને ધાબામાં તીરાડો છે; યાત્રાળુ માટેની ધર્મશાળા, જ્ઞાનમંદિર પાડી નાખવા યોગ્ય છે. પુરૂષોના ઉપાશ્રયનો દક્ષિણ તરફનો કરો પાડી નાખવો પડશે, દેરાસરમાં પ્રવેશદ્વાર પરની મેડીની બાજુનો સ્ત્રીઓનો ઉપાશ્રયનો ઉપરનો ભાગ પાડી નાખવો પડશે.

---

**સ૦** કંદમૂળનો ત્યાગ અને રાત્રિભોજનનો ત્યાગ એ વ્રતરૂપ છે. અને સમક્તિ એ જિનોક્ત તત્ત્વોની શ્રદ્ધા રૂપ છે.

**શં૦** પ્રભુની સત્તરભેદી અથવા એકવીસ પ્રકારી પૂજા કરવી હોય તો વિધિમાં કહેલ વસ્તુઓમાંથી કોઇ ચીજ ઓછી હોય તો તે પૂજામાં તે વસ્તુ બદલ રોકડ નાણું મુકી શકાય? જેમ કે ફૂલ ન મલતાં હોય તો રોકડા રૂપીઓ મૂકી શકાય?

**સ૦** ન ચાલી શકે.

૪ દાદા સાહેબની દેરી, વાંકલવાડી, વરસામેડીને નાકે. શિખરમાં તીરાડો પડી છે, આગળનો ઘુમટનો ભાગ તુટીને ભોંય પર પડી ગયો છે. આખું નવેસર બાંધવું પડશે.

૫ ગંગાબજારમાં અંચલગચ્છનો ઉપાશ્રય, ધર્મશાળા શેરી. કમ્પાઉન્ડ વોલનો ખુણાનો ભાગ તુટી ગયો છે અને મૂળ મકાનમાં કોઇ કોઈ જગ્યાએ તીરાડો પડી છે.

**૬ લોડાઇ**-તાલુકો ભુજ:-

દેરાસર મેડી ઉપર છે. દરેક જગ્યાઓએ ફાટ પડેલી છે. રીપેર થઇ શકશે. કમ્પાઉન્ડ વોલને તીરાડો પડી છે.

**૭ ઝુરણ.** તાલુકો ભુજ:-

ઘર દેરાસર બિલકુલ પડી ગયું છે. પ્રતિમાજી ફેરવીને પડેલા ઉપાશ્રયમાં લઇ ગયેલ છે. ત્યાંથી તાત્કાલિક ફેરવી બીજા પતરાના છાપરામાં લઇ જવામાં આવશે. ઉપાશ્રય પડી ગયા જેવો થઇ ગયો છે. જે નવો કરવો પડશે. નાના ઉપાશ્રયનો અર્ધો ભાગ પડી ગયો છે.

**૮ ડગારા.** તાલુકો ભુજ:-

મેડીબંધ દેરાસર છે, જેમાં કેટલીક નાની કેટલીક મોટી તીરાડો ઉપરથી નીચે સુધી છે. રીપેર કરવાથી ઉભું રહી શકશે. એ ઉપાશ્રયમાં તીરાડો પડી છે. રીપેર કરી શકાશે.

**૯ દુધઇ.** તાલુકો અંજાર:-

શિખરમાં ઝીણી તીરાડો પડી છે. પ્રાસાદપુત્ર ખસી ગયા છે. છજામાં તીરાડો પડી છે. પ્રવેશદ્વારની મેડી પાડી નાખવા જેવી છે. ધર્મશાળાની દિવાલ પડી ગઇ છે. અને ઉભેલા ભાગમાં ચીરાડો છે, ઉપાશ્રયમાં તીરાડો પડી છે.

**૧૦ ધમકડા.** તાલુકો અંજાર:-

દેરાસર આખું ઉતારીને પાયાથી નવેસર ચણવાની જરૂર છે. ઉપાશ્રયની દક્ષિણ બાજુની દિવાલ પડી ગઈ છે. બાકીના ભાગમાં તીરાડો પડી છે. દેરાસરની કમ્પાઉન્ડ વોલ પડી ગઇ છે. ધર્મશાળા પડી ગઇ છે.

**૧૧ ટપર** તાલુકો અંજાર:-

ઘર દેરાસર, સિદ્ધચક્રજીની સ્થાપના કરી છે. સીમેન્ટ કોન્ક્રીટનું દેરાસર છે. પાર્ટીશન વોલ છુટી પડી ગઇ છે. ભોંયતળીયું બગડયું છે. રીપેર થઇ શકશે.

**૧૨ સુખપર.** તાલુકો ભચાઉ:-

ઘર દેરાસર સિદ્ધચક્રજીની સ્થાપના-દેરાસર અને ઉપાશ્રય ફરીથી કરવા પડે તેમ તેમ છે.

**૧૩ ભદ્રેશ્વરજી** તીર્થ. તાલુકો મુંદ્રા:-

મૂળમંદિરને નુકશાન નથી. ભમતીની દેરીઓ નાં. ૨૦, ૨૫, ૩૬ના કોઇ કોઇ પથ્થર છુટા પડયા છે. બાકી તીરાડો છે. બીજી દેરીઓમાં બારીક પ્લાસ્ટરની તીરાડો દેખાય છે. તેના ઉપલા શિખરોમાં કળીચુનો ઘણો ચડેલો છે. તેમાં કોઇક ઠેકાણે બારીક તીરાડો દેખાય છે. ધર્મશાળા અને આજુબાજુના મકાનોમાં નાની મોટી તીરાડો છે જેમાં ધર્મભુવન અને માંડવીના મકાનોનો કેટલોક ભાગ પાડીને ફરીથી કરવો પડશે.

**૧૪ વલ્લભપુરી**-કટારીયા તીર્થ. તાલુકો ભચાઉ:-

દેરાસર અને તેને લગતા મકાનો આબાદ છે. ઉપાશ્રય જુનો છે. તેમાં તીરાડો છે. યાત્રાળુને ઉતરવાની ધર્મશાળાની દક્ષિણ તરફની દિવાલ કરાથી છુટી પડીને પાછી પડી ગઈ

# દ્રવ્યાનુયોગની મહત્તા:

પૂ. પંન્યાસજી ધુરંધરવિજયજી ગણિવર

(ઢાળ-દસમી -ગાથા. ૧-૨-૩)

બીજી ઢાળની બીજી ગાથામાં કહ્યું હતું કે "ભિન્ન-અભિન્ન ત્રિવિધ તિયલક્ષણુ, એક પદારથ પાયોરે," એ ઠારરૂપ હતું. તેનું વિસ્તારથી વિવરણુ નવમી ઢાળ સુધી કર્યું. આ વિવરણુથી પદાર્થ ભિન્ન કઇ રીતે છે, અભિન્ન કઇ રીતે છે, ભિન્નાભિન્ન કઇ રીતે છે, દ્રવ્ય-ગુણુ-પર્યાયો કઇ રીતે છે અને ઉત્પાદ-વ્યય ને ધ્રૌવ્યસ્વરૂપ કઇ રીતે છે, એ સ્પષ્ટ સમજાય છે. આ સ્વરૂપ સ્થિર થાય એટલે દ્રવ્ય-ગુણુ ને પર્યાયના પરમાર્થથી ભેદ જે છે-પ્રકારો જે છે, તે વિગતવાર વિસ્તારથી જાણુવા જોઈએ. આ પ્રમાણે દ્રવ્ય-ગુણુ-પર્યાયના પરમાર્થો વિસ્તારથી વિચારનાર વિસ્તારરુચિસમ્યક્ત્વથી દીપે છે. એ સમ્યક્ત્વ આદરણીય છે, પણુ જો એટલી શક્તિ ન હોય તો સંક્ષેપથી ઉપરના ભાવ વિચારે-ભાવથી શ્રદ્ધાપૂર્વક માને, વિસ્તારજ્ઞાનવાળા તરફ અનુરાગ રાખે, એવી રુચિવાળા જીવને પણુ નિજ નિજ યોગ્યતાનુસાર દ્રવ્ય સમ્યકત્વ હોય છે.

આ પ્રકારના સમ્યકત્વવાળા આત્માની દાન-દયા વગેરે ક્રિયાઓ થોડી હોય તો પણુ તે સર્વ સફળ છે, સમ્યક્ત્વ વગરના આત્માની ઘણી ક્રિયાઓ હોય તો પણુ તે સર્વ અફળ છે. સમ્યકત્વ વિનાની પ્રવૃત્તિમાત્ર ધંધ-ધ્યાન્ધ્ય છે. સમ્યકત્વ ન હોય તો તે અગીતાર્થ, તે અને તેને આગળ કરીને ચાલનારા બધા કદાગ્રહથી ભરેલા હઠમાર્ગે પડે છે, આગળ વધી શકતા નથી. પોતાના દુરાગ્રહથી દુઃખી થાય છે. એ બધા જાતિઅંધ સમાન છે. તેઓ ભલું કરવા માંગતા હોય તો પણુ તેઓથી ભલું ન થાય.

શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે વિંશતિકા ગ્રન્થમાં કહ્યું છે કે-

"दाणाइआओ एयम्मि चेव सहलाओ हुंति किरिआओ।
एयाओ विहु जम्हा, मोक्खफलाओ पराओ अ ॥६-२०॥"

[ આ સમ્યકત્વ હોય તો જ દાનાદિક ક્રિયાઓ સફળ થાય છે. જે માટે ઉત્કૃષ્ટ એવી આ ક્રિયાઓ સમ્યકત્વપૂર્વકની હોય તો મોક્ષફળને આપનારી છે. ]

વગર આવડતનો ગમે તેટલું સારું કરવાની ભાવના રાખતો હોય તે પણુ સારું કરી શકતો નથી, ઊલટું બગાડે છે, મોક્ષમાર્ગમાં આગળ વધનારને પ્રથમ આવડત સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાની-પ્રાપ્ત કરેલા સમ્યકત્વને સ્થિર અને શુદ્ધ કરવાની જરૂરી છે.

કહ્યું છે કે-

" सुंदरबुद्धीइ कयं, बहुअं पि ण सुंदरं " होइ

[ સુન્દર બુદ્ધિથી કરેલું ઘણું પણ સુન્દર થતું નથી ]

માટે દ્રવ્ય-ગુણુ-પર્યાયોના ભેદો વ્યવસ્થિત રીતે જાણીને શુદ્ધ સમ્યકત્વને પ્રાપ્ત કરવું એ શ્રેયસ્કર છે.

શ્રી જિનેશ્વર પરમાત્માના શાસનમાં છ દ્રવ્યો પ્રરૂપ્યા છે. એ છએ દ્રવ્યો અનાદિ-અનન્ત છે. નથી તો તેની શરૂઆત કે નથી તેનો અંત, કોઇ પણુ કાળે આ ન હતા, નથી કે નહિ હોય એમ થતું નથી. સદા-સર્વદા આ છએ દ્રવ્યોની અવસ્થિતિ છે.

આ છ દ્રવ્યોના નામ આ પ્રમાણે છે. ૧, ધર્માસ્તિકાય, ૨, અધર્માસ્તિકાય, ૩, આકાશાસ્તિકાય, ૪, કાળ, ૫, પુદ્ગલાસ્તિકાય, અને ૬, જીવાસ્તિકાય.

ઉપરોક્ત છ દ્રવ્યોમાં પાંચ અસ્તિકાય છે, કારણ

---

છે. કરા અને દિવાલ વચ્ચે તીરાડો પડી છે. નવા બંધાયેલ બોર્ડિંગના મકાનમાં કોઇ કોઈ જગ્યાએ તીરાડો છે.

ઉપર મુજબ નુકશાની છે.

અંજાર તા. ૧૭-૮-૫૬

❀

કે કાળ સિવાયના પાંચેને પ્રદેશ-સંઘાત છે, જત્થા રૂપે પાંચે જણાય છે. જ્યારે કાળ એ સમયમાત્ર છે. એક સમય બીજા સમય સાથે જોડાતો નથી-તેનો સંઘાત થતો નથી, એટલે કાળ અસ્તિકાય કહેવાતો નથી.

છ દ્રવ્યોમાં ધર્મ-અધર્મ અને આકાશ એ ત્રણ એક-એક છે અને પુદ્ગલ, જીવ અને કાળ અનન્ત છે. પ્રશમરતિ મહાગ્રન્થમાં શ્રી ઉમાસ્વાતિજી વાચક પ્રવરે કહ્યું છે કે-

" धर्माधर्माकाशान्येकैकमत: परं त्रिकमनन्तम् ॥
कालं विनाऽस्तिकाया जीवमृतेचाप्यकर्तृणि॥२१४॥"

જીવ એ એકલો કર્તા છે. બાકીના પાંચે અકર્તા છે.

છએ દ્રવ્યોમાં પરસ્પર એકબીજાને મળતાં અને નહિં મળતાં ભાવોને સાધર્મ્ય અને વૈધર્મ્ય કહેવામાં આવે છે.

છએ દ્રવ્યોના સાધર્મ્ય-વૈધર્મ્ય સમજવા માટે નીચેની ગાથા ખૂબ અગત્યની છે.

परिणामि जीव मुत्तं, सपएसा एग खित्त किरिया अ॥
निच्चं कारण कत्ता, सव्वगय इयर अप्पवेसे ॥ १४॥

( નવતત્ત્વ પ્રકરણ )

આ ગાથામાં છ દ્રવ્યોને આશ્રયીને બાર વિચારણાઓ તેની વિરોધિ વિચારણા સાથે કરવાનું કહ્યું છે.

તે બારે વિચારણાઓ કઇ કરવાની છે તેના નામ માત્રનો નિર્દેશ ગાથામાં છે.

| | | |
|---|---|---|
| ૧, પરિણામી | વિ. | અપરિણામી |
| ૨, જીવ. | વિ. | અજીવ. |
| ૩, મૂર્ત. | વિ. | અમૂર્ત. |
| ૪, સપ્રદેશ. | વિ. | અપ્રદેશ. |
| ૫, એક. | વિ. | અનેક. |
| ૬, ક્ષેત્ર. | વિ. | ક્ષેત્રી. |
| ૭, સક્રિય. | વિ. | અક્રિય. |
| ૮, નિત્ય. | વિ. | અનિત્ય |
| ૯, કારણ. | વિ. | અકારણ |
| ૧૦, કર્તા. | વિ. | અકર્તા |
| ૧૧, સર્વગત. | વિ. | અસર્વગત |
| ૧૨, અપ્રવેશ. | વિ. | સપ્રવેશ. |

(૧)

જીવ અને પુદ્ગલ એ બન્ને નાનાપ્રકારના પરિણામને પામે છે. જ્યારે બાકીના ચાર કોઈ પણ પરિણામને પામતા નથી. એટલે બે દ્રવ્યો **પરિણામી** છે અને ચાર દ્રવ્યો અપરિણામી છે.

(૨)

છ દ્રવ્યોમાં જીવ એક જ દ્રવ્ય **જીવ** છે અને બાકીના પાંચ **અજીવ** છે.

(૩)

પુદ્ગલ એ એક જ **મૂર્ત** છે અને બાકીના પાંચ **અમૂર્ત** છે. જેમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ હોય તે મૂર્ત કહેવાય છે. પુદ્ગલ સિવાય અન્ય કોઇમાં પણ વર્ણાદિ હોતા નથી. મૂર્તને રૂપી અને અમૂર્તને અરૂપી પણ કહેવામાં આવે છે.

(૪)

કાળ સિવાયના પાંચે **સપ્રદેશ** છે ને એક કાળ માત્ર **અપ્રદેશ છે**.

ધર્મ-અધર્મ અને આકાશ એ ત્રણ **એક** છે ને બાકીના જીવ-પુદ્ગલ અને કાળ **અનેક**-અનંત છે.

(૬)

આકાશ એ એકજ **ક્ષેત્ર** છે, અને બાકીના પાંચ **ક્ષેત્રી** છે. ક્ષેત્ર એટલે રાખનાર, દ્રવ્યોનો આધાર. અને ક્ષેત્રી એટલે રહેનાર, આકાશમાં બીજા રહે છે પણ આકાશ કોઇમાં રહેતું નથી. આકાશ સિવાય બીજા દ્રવ્યો કોઈને રાખતા નથી.

જો કે કાળમાં રહે છે એમ કહેવાય છે, પણ કાળનું કોઇ નક્કર રૂપ નથી એટલે તેને રાખનાર કહી શકાય નહિં, જ્યારે કાળને આકાશમાં રહેનારો માનવામાં પણ બીજા ચારની જેમ નક્કર રૂપે રહેનારો માનવાનો નથી પણ તે છે એટલે ક્યાં છે? તો લોકમાં છે માટે લોકમાં-આકાશમાં રહે છે, એમ કરીને તેને ક્ષેત્રી ગણવાનો છે.

(૭)

જીવ અને પુદ્ગલ એ બન્ને ગતિ આદિ ક્રિયા કરે છે એટલે એ બે **સક્રિય** છે ને બાકીના ચાર **અક્રિય** છે.

(૮)

છએ દ્રવ્યોમાં નિત્ય કેટલા છે અને અનિત્ય કેટલા છે? એ વિચારણા જરા સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક કરવાની છે. પ્રથમ જણાવ્યું તે છએ દ્રવ્યો સદાકાળ રહે છે, કોઇપણ કાળે કોઈ પણ દ્રવ્ય નહિં હોય એમ બનવાનું નથી, નિત્ય એટલે સદાકાળ રહેનાર એવો અર્થ જો લેવામાં આવે તો છએ દ્રવ્યો નિત્ય છે એક પણ અનિત્ય નથી, નિશ્ચય પણ એમજ કહે છે. એ નય છએ દ્રવ્યોને નિત્ય કહે છે. જ્યારે વ્યવહારનય તે તે અવસ્થાએ એકધારી સ્થિતિમાં કાયમ રહેતા દ્રવ્યોને નિત્ય કહે છે. એ વિચારણા પ્રમાણે ધર્મ–અધર્મ–આકાશ અને કાળ એ ચાર નિત્ય છે, બાકીના બે જીવ અને પુદ્ગલ–તેમાં ફેરફાર થયા કરે છે માટે **અનિત્ય** છે.

સિદ્ધના જીવો પણ સાદિ હોવાથી અનિત્ય ગણાય છે.

(૯)

જીવ સિવાયના પાંચ દ્રવ્યો **કારણ** છે, અને જીવ એક **અકારણ** છે. અહિં જીવના ઉપયોગમાં પાંચે દ્રવ્યો આવે છે, પણ જીવ બીજા કોઈ પણ દ્રવ્યના ઉપયોગમાં આવતો નથી.

(૧૦)

ઉપરની જેમ અહિં પણ સમજવું, પણ તેમાં ફેર એટલો જ છે કે, જીવ એ એક જ **કર્તા** છે અને બાકીના પાંચ **અકર્તા** છે. જીવ પાંચેને ઉપયોગમાં લે છે માટે કર્તા છે. જીવ સિવાયના પાંચે કોઇને ઉપયોગમાં લઇ શકતા નથી માટે કર્તા નથી, અકર્તા છે.

(૧૧)

આકાશ એક **સર્વગત** છે, લોકાલોકમાં સર્વ સ્થળે તે રહેલું છે. જ્યારે તેના સિવાયના પાંચે દ્રવ્યો **અસર્વગત** છે. ધર્માસ્તિકાયાદિ ચાર વધુમાં વધુ લોકાકાશ વ્યાપીને રહે છે અને કાળ અઢીદ્વીપમાં છે. એટલે તે સર્વગત નથી. સર્વગત અને અસર્વગતને માટે સર્વવ્યાપી અને દેશવ્યાપી એવા શબ્દો પણ વપરાય છે.

(૧૨)

છએ દ્રવ્યો **અપ્રવેશ** છે, એકે દ્રવ્ય પોતાનું સ્વરૂપ છોડીને બીજા દ્રવ્યનું સ્વરૂપ પામતો નથી માટે. સ્વસ્વરૂપનો ત્યાગ કરીને અન્ય સ્વરૂપનો સ્વીકાર કરવો તેને અહિં પ્રવેશ ગણવામાં આવે છે. એટલે એકે દ્રવ્ય **અપ્રવેશ** નથી.

આ પ્રમાણે સાધર્મ્ય–વૈધર્મ્ય વિચારવાથી તે તે દ્રવ્યોનું સ્વરૂપ સ્પષ્ટ સમજાય છે અને દ્રવ્યોમાં મળતાપણું કેટલું છે અને ભેદ ક્યાં છે એ પણ સ્પષ્ટ થાય છે.

❀

**એક વકીલ પોતે બહારગામ જાય છે, ત્યારે પોતાના પુત્રને પોતાને કેસ સોંપીને જાય છે, પુત્ર પણ વકીલ છે; ને પાછો આવી બાપ કેસ બાબત પોતાના પુત્રને ખબર પૂછે છે, એટલે પુત્ર જવાબમાં કહે છે; બાપુજી, જે કેસ તમે ૨૫ વર્ષથી પૂરો નહોતા કરી શકયા. તે મેં પાંચ જ દહાડામાં પતાવી દીધો. જવાબ મળતાં બાપે માથે હાથ કૂટયો ને કહ્યું; 'એ તો હું તને વર્ષાસન રૂપે વારસામાં આપી જવાનો હતો બેટા.'**

# શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

## ખાસ અગત્યની વિનતી

આ સભા તરફથી આજસુધીમાં માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઈંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યા છે. તેમાંથી મોટા ભાગના ગ્રંથો આજે સ્ટોકમાં નથી, માત્ર સાઠથી પણ ઓછા ગ્રંથો સ્ટોકમાં છે અને તેમાં પણ કેટલાક ગ્રંથોની તો બહુ જ થોડી નકલો સ્ટોકમાં હશે. હાલ જે ગ્રંથો સ્ટોકમાં છે તેની યાદી નીચે આપવામાં આવેલ છે. પ્રકાશનો ખૂબ જ ઉપયોગી અને તરત વસાવી લેવા જેવા છે તો જેઓએ તે વસાવેલ ન હોય તે પોતાના જ્ઞાન-ભંડારમાં તરત વસાવી લ્યે તેવી અમારી ખાસ વિનતી છે.

### संस्कृत ग्रंथो

**ખાસ સગવડ :** સંસ્કૃત વિભાગમાં નંબર એકથી સાત સુધીના ગ્રંથોનો સ્ટોક લગભગ ખલાસ થવા આવ્યો હતો, પરંતુ કેટલાક જ્ઞાનભંડારો વગેરેની માગણી આવતા ખાસ અનામત સ્ટોકમાંથી તે કાઢવામાં આવ્યા છે, જે તેમાં દર્શાવેલ કીંમતે ગ્રંથ સ્ટોકમાં હશે ત્યાં સુધી આપવામાં આવશે અને ખાસ સગવડ તરીકે તેમાં સાડાબાર ટકા કમિશન આપવામાં આવશે.

१ वसुदेव हिन्डी : [ પ્રથમ અંશ ] ७-०-०
२ वसुदेव हिन्डी : [ દ્વિતીય અંશ ] ७-०-०
[ બન્ને ભાગ સાથે જ આપવામાં આવશે ]
३ आ. देवेन्द्रसूरिकृत टीकायुक्त—
कर्मग्रंथ भा. १ लो [ એકથી ચાર ] ६-०-०
४ ,, भा. २ जो [ પાંચ અને છ ] ६-०-०
[ બન્ને ભાગ સાથે જ આપવામાં આવશે ]
५ बृहत् कल्पसूत्र भा. २-३-४-५-६ [ દરેકના ] २०-०-०
६ कथारत्नकोष-मूळ मागधी [ ગ્લેઝ ] ८-०-०
७ ,, ,, [ લેઝર ] १०-०-०
८ कल्पसूत्र बारसा-मूळ ३-०-०
९ चंद्रलेखा [ પ્રતાકારે ] સેટ
१० जैनमेघदूत २-०-०
११ सूक्त रत्नावळी ०-४-०
१२ सूक्त मुक्तावळी ०-४-०
१३ प्रकरण संग्रह [ પ્રતાકારે ]
[ જેમાં સિંદુર પ્રકરણ મૂળ
તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ
ગુણસ્થાનકમારોહ મૂળ છે. ] ०-८-०
१४ त्रिषष्टी पर्व भा. १ लो [મૂળ સંસ્કૃત] ६-०-०
१५ ,, भा. २ जो ,, ,, ८-०-०
१६ ,, ,, [ પ્રતાકારે ] १०-०-०

# ગુજરાતી ગ્રંથો

ભગવાનના ચરિત્રો

| | |
|---|---|
| ૧ શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર | ૭-૮-૦ |
| ૨ શ્રી શાન્તિનાથ ચરિત્ર | ૭-૮-૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૨-૮-૦ |
| ૪ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૧૩-૦-૦ |
| ભારે કાગળ | ૧૫-૦-૦ |
| ૫ તીર્થંકર ચરિત્ર<br>ચોવીશ તીર્થંકરોના ચરિત્રો તથા<br>ચોવીશે પંચરંગી ચિત્રો સાથે | ૬-૦-૦ |

ચરિત્રો વિગેરે

| | |
|---|---|
| ૬ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ જો | ૨-૦-૦ |
| ૭ કથારત્ન કોશ ભા. ૧ લો | ૧૦-૦-૦ |
| ૮ ,, ,, ભા. ૨ જો | ૮-૦-૦ |
| ૯ દમયંતી ચરિત્ર | ૬-૮-૦ |
| ૧૦ સંઘપતિ ચરિત્ર | ૬-૮-૦ |
| ૧૧ શ્રી વિજયાનંદસૂરિ (રા. સુશીલ) | ૦-૮-૦ |
| ૧૨ વસુદેવ હિંડી [ગુજરાતી ભાષાંતર] | ૧૫-૦-૦ |

પૂજા અને કાવ્ય

| | |
|---|---|
| ૧૩ આત્મવલ્લભ પૂજાસંગ્રહ | ૩-૦-૦ |
| ૧૪ ચૌદ રાજલોક પૂજા | ૦-૪-૦ |
| ૧૫ નવાણું અભિષેક પૂજા | ૦-૪-૦ |
| ૧૬ વીશ સ્થાનકપૂજા ( અર્થવાળી ) | ૧-૪-૦ |
| ૧૭ સમ્યગ્ દર્શન પૂજા | ૦-૪-૦ |
| ૧૮ ચારિત્રપૂજાદિ ત્રયી સંગ્રહ | ૦-૪-૦ |
| ૧૯ જૈન ઐતિહાસિક કાવ્ય-સંગ્રહ | ૨-૧૨-૦ |
| ૨૦ કાવ્ય સુધાકર | ૨-૮-૦ |
| ૨૧ કુમાર વિહારશતક | ૦-૧૨-૦ |
| ૨૨ ચૈત્યવંદન સમીક્ષા | ૫-૦-૦ |
| ૨૩ સજ્ઝાયમાળા ( ભીમશી ) | ૪-૮-૦ |
| ૨૪ આત્મકાન્તિ પ્રકાશ | ૦-૮-૦ |

તત્ત્વ અને હિતોપદેશાદિ

| | |
|---|---|
| ૨૫ તત્ત્વનિર્ણયપ્રાસાદ | ૧૦-૦-૦ |
| ૨૬ આરંભસિદ્ધિ | ૧૦-૦-૦ |
| ૨૭ જૈન તત્ત્વસાર | ૧-૦-૦ |
| ૨૮ ધર્મબિન્દુ ( આવૃત્તિ બીજી ) | ૩-૦-૦ |
| ૨૯ આચારોપદેશ | ૧-૦-૦ |
| ૩૦ અનેકાન્ત ( ગુજરાતી ) | ૧-૦-૦ |
| ૩૧ ,, ( ઈંગ્લીશ ) | ૨-૦-૦ |
| ૩૨ નમસ્કાર મહામંત્ર | ૧-૦-૦ |
| ૩૩ જૈન ધર્મ | ૧-૦-૦ |
| ૩૪ જૈન ધર્મવિષયક પ્રશ્નોત્તર | ૧-૦-૦ |
| ૩૫ પંચ પરમેષ્ઠી ગુણ રત્નમાળા | ૧-૮-૦ |
| ૩૬ પ્રકરણ પુષ્પમાળા ભા. ૨ જો | ૧-૦-૦ |
| ૩૭ શ્રમણ સંસ્કૃતિ | ૪-૧૨-૦ |
| ૩૮ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ | ૧-૮-૦ |
| ૩૯ જ્ઞાનપ્રદીપ ભા. ૧ લો | ૪-૦-૦ |
| ૪૦ ,, ભા. ૨ જો | ૪-૦-૦ |
| ૪૧ ,, ભા. ૩ જો | ૨-૦-૦ |
| ૪૨ આત્માનંદ જન્મશતાબ્દિ અંક | ૨-૮-૦ |
| ૪૩ સાધુ-સાધ્વી આવશ્યક સૂત્ર<br>દેવનાગરી લીપીમાં | ભેટ |
| ૪૪ ,, ગુજરાતી લીપીમાં | ,, |

તા. ક.—દિપોત્સવી સુધીમાં ઉપરના ગુજરાતી-સંસ્કૃત ગ્રંથો મંગાવનારને રૂા. ૨૫) ની કીંમતના પુસ્તકો ઉપર સવા છ, રૂા. ૫૦ ઉપર સાડાબાર અને એકસો ઉપર ૨૦ ટકા કમીશન કાપી આપવામાં આવશે.

લખો:—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર** ( સૌરાષ્ટ્ર )

# અમીઝરણાં

## પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

જેમ ભસવું અને લોટ ફાંકવો એ બે ન બને, તેમ સંસાર ને મોક્ષ બેયને સારા માનવા એ પણ ન બને.

એક ત્યાગી થાય તેની પૂંઠે કેટલાક ત્યાગનો રસ લેતા થાય. કેટલાક થોડું પણ તજતા થાય, બહુ રંગીલા, મોજશોખીલા પણ વિચારતા થાય કે આખી જીંદગી મોજમજામાં તો ન જ કાઢવી.

શ્રી મહાવીરદેવની આજ્ઞાવિરૂદ્ધ જતી વાતોનો આગ્રહ કરનાર સાધુ તે સાધુપણાને લાયક નથી, સાધ્વી તે સાધ્વીપણાને લાયક નથી, શ્રાવક તે શ્રાવકપણાને લાયક નથી અને શ્રાવિકા તે શ્રાવિકાપણાને લાયક નથી.

હું તો ઢોલ ટીપીને કહું છું કે, 'મા-બાપની આજ્ઞા ન માનવી, એવું કહે તે શ્રી જિનેશ્વરની આજ્ઞાનો વિરાધક છે, અને એથી જ પાપી છે, પણ શરત એટલી કે તે માબાપ જિનેશ્વરની આજ્ઞાનો વિરોધ કરનાર ન હોવા જોઇએ.'

ઉત્તમ દિકરાની ફરજ તો એ છે કે ઉપકારી માતા-પિતાને ધર્મમાં જોડી તેમને સદ્ગતિના ભાજન બનાવવા.

કોઈ ખોટી પ્રશંસા કરે તો તેમને કહી દેવું કે ખોટી પ્રશંસા કરી આત્માનું નિકંદન ન વાળો.

સાધર્મિ ભક્તિમાં હૃદયની ભક્તિ જોઇએ. દયા કે અનુકંપા નહિ.

શાસ્ત્ર કહે છે કે-સંસારમાં રહેવું ને સ્વતંત્રતાની વાતો કરવી, એના જેવી મૂર્ખાઇ બીજી કોઈ નથી.

પૌદ્ગલિક પદાર્થો આપણા નથી. એના ઉપરની મમતા આપણા આત્માને મલીન કરનાર છે.

વિષયનો વિરાગ એ ધર્મરૂપ પ્રાસાદનો પાયો છે. વિષયના વિરાગ વિના ધર્મરૂપ મહેલ ટકતો નથી. દાન પણ તોજ દેવાય, શીલ પણ તોજ પળે, તપ પણ તોજ થાય અને ઉત્તમ ભાવના પણ તોજ આવે.

જે વિષયનો વિરાગી તેજ વીતરાગનો રાગી થાય.

જેમાં વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ, ગુણાનુરાગ, અને ક્રિયામાં અપ્રમાદ હોય તેજ ધર્મ શિવસુખનો ઉપાય છે.

વિષયાધીન જીવન એ એક રીતે નારકીનું જીવન છે.

વિષયમાં બરાબર લીન થઇ જાય તો શાસ્ત્રે નરક નિયત કહી છે.

બધી નિર્બળતાનું કારણ એક વિષયોની ગુલામી છે.

ખરેખર વિષયાંધ જીવોનું જીવન એ

ફજેતીના ફાળકા રૂપ છે.

વિષયસેવા એ મનુષ્યપણાનો ધર્મ નથી.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ રત્નત્રયી અને એ ત્રણની સાધના માટે દાન, શીલ, તપ, અને ભાવ તે **ધર્મ.**

વિરતિ શ્રી જિનેશ્વરદેવના ઘરની, અને અવિરતિ એ મોહના ઘરની.

જૈનશાસન કહે છે કે-શક્તિ પ્રમાણે કોઇનાં પણ દુઃખ દૂર કરવાના પ્રયત્નો કરવા. ન થાય તો મારી ન નંખાય, પણ કર્મના વિપાકને ચિંતવતાં ઉદાસીનપણે રહેવાય.

હિંસક ક્રિયાઓ મનુષ્યને હેવાન બનાવે છે, અને એ આત્માની કોમળતાનું નિકંદન વાળે છે,

શાણી સરકાર હોય, ધર્મી ન્યાયાસન હોય તો બચ્ચાંના ગુન્હા માટે પ્રથમ માબાપને પકડી પાંજરામાં ઉભા કરે.

બાળકોને શિક્ષણ એવું આપો કે-બાળક મરતાં મરતાંયે આશીર્વાદ આપે.

જમાનાના નામે, દેશભક્તિના નામે આચારને દૂર મૂકવાનું કહેનારા સાધુ નથી, ને તેમાં હા ભણનારા શ્રાવક નથી.

'રાજ્ય એ ભવતરુનું, સંસારરુપી વૃક્ષનું બીજ છે,' એમ જેઓ નથી જાણતા તેઓ અધમ છે.

સમ્યગ્દષ્ટિ આત્મા ભવસાગરમાં ન રમે.

સાધર્મિક એટલે અઢાર પાપસ્થાનકનો વિરોધી.

અઢારે પાપસ્થાનકના પક્ષકારમાં માર્ગાનુસારીના જેટલી યોગ્યતા પણ વાસ્તવિક રીતે નથી.

તે જ ધર્મ મોક્ષનો ઉપાય છે, કે જેના સેવનમાં વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ, ગુણો ઉપર અનુરાગ અને તેને અનુસરતી ક્રિયામાં અપ્રમાદ થાય.

સિદ્ધરૂપ થયેલા આત્માને ક્રિયાની જરૂર નથી.

જમાનો કહે છે કે, 'ઇચ્છાનુસાર જે ભાવના જાગે તેને આધીન થવામાં ધર્મ' જ્યારે અનંતજ્ઞાનીએ ગુંથેલાં આ આગમ કહે છે કે, 'ઇચ્છાને આધીન થવામાં ધર્મ નથી પણ શ્રી જિનેશ્વરની આજ્ઞાને આધીન થવામાં જ ધર્મ છે.

આંતર શત્રુ પર જીત મેળવવી તે જૈનનું કામ.

સર્વજ્ઞના દીકરાને ચમત્કારમાં આશ્ચર્ય ન હોય. ચમત્કારને નમસ્કાર કરનારા એ બીજા. તત્ત્વ ચમત્કારમાં નથી. પણ શ્રી જિનેશ્વર દેવે કહેલા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં છે.

વસ્તુસ્થિતિનો જાણકાર ચમત્કારને વળગી ન જાય.

અયોગ્ય આત્મા પાસે દેખાડેલો ચમત્કાર પણ ભૂંડો.

બુદ્ધિ એ જ ચમત્કાર છે. બુદ્ધિ આત્માની ખીલવટ છે. જેટલી તાકાત, બુદ્ધિ હોય એનો ઉપયોગ આગમાનુસારે થાય તેમાં જ કલ્યાણ છે.

માતા-પિતા સંબંધીઓ આ સંસારમાં સુલભ છે, પણ સાધર્મિક દુર્લભ છે.

આરાધેલ આજ્ઞા તે મોક્ષ માટે થાય છે. અને વિરાધેલ આજ્ઞા ભવને માટે છે.

વીતરાગની સેવા કરતાં એની આજ્ઞા પાળવી એ મોટી સેવા છે.

જિનમૂર્તિ, જિનમંદિર, જિનાગમ આ ત્રણને માને, સેવે, પૂજે તે સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા. આ ત્રણનો પ્રચાર કરે તે સાધુ-સાધ્વી અને એ ત્રણના પ્રચારમાં સહાય કરે તે શ્રાવક-શ્રાવિકા.

મોક્ષની ઇચ્છા એટલે સંસારની અનિચ્છા.અને સંસારની ઈચ્છા એટલે મોક્ષની ઇચ્છાનો અભાવ.

કોઈપણ વસ્તુ એના સ્થાનમાં ગયા વિના, એનો પરિચય કર્યા વિના એના ઉપર રસ જાગ્યા વિના સિદ્ધિ આપતી નથી.

સામાન્ય રીતે ય મદ્યમાંસ ઉચ્ચ ખાનદાન આત્માઓ માટે ઘૃણાકારક છે.

અર્થ-કામ એ સંસારરોગથી પીડાતા આત્માઓ માટે વિહિત કરાયેલ ધર્મરૂપી ઔષધની ખાનાખરાબી કરનાર ભયંકર કુપથ્યો છે.

'ત્યાગ' એ સુઘોષા છે. એ સુઘોષાના અવાજ વિના જૈનત્વ કદી પણ ખીલવાનું નથી. જો કોઇ આત્મા એ અવાજને ગુંગળાવી નાખવા માંગતા હોય તો એ જૈન નથી, શાસનહિતૈષી નથી.

ત્યાગનો અવાજ ચોમેર ફેલાય, ધૂમતો થાય, એક એક આત્મા એમાં ઓતપ્રોત બની જાય, તેમાં જ જૈનશાસનની પ્રભાવના છે.

શક્તિસંપન્ન આત્મા ભક્તિ કરવા જાય ત્યારે ભક્તિના સાધનની કિંમત કરે નહિ.

ખોટા ધ્યેયથી કરેલો સાચા સાધનનો સ્વીકાર પણ આત્માની વિટંબના કરે છે.

મિથ્યા વિદ્યા કરતાં અવિદ્યા સારી. અવિદ્યા જશે તો વિદ્યા આવશે પણ મિથ્યા-વિદ્યાવાળાને ઠેકાણે લાવવા મુશ્કેલ.

વૈરાગ્યના પંથે પડેલા, વૈરાગ્યના નામે ઓળખાતા સાધુ જો રાગના અખતરામાં લીન થઈ જાય તો તે ભગવાન શ્રી મહાવીરદેવનાં શાસનમાં વિશ્વાસુ તરીકે રહી શકતા નથી.

જ્ઞાની બનો કાં જ્ઞાનીની પૂંઠે ચાલો.

રોટલાના ભીખારી હોય તે સાધુ નથી. સાધુ ધર્મલાભ સિવાય બીજો આશીર્વાદ આપે નહિ.

માતાપિતા, દુનિયાના સ્નેહી-સંબંધી, એ સર્વના સંબંધ કરતાં સાધર્મિનો સંબંધ ઉંચો છે.

શ્રી જૈનશાસનમાં સમ્યક્ત્વ એ ધર્મરૂપી પ્રાસાદનો પાયો છે.

સમ્યક્ત્વ એ મૂળગુણો અને ઉત્તર-ગુણોનું નિધાન છે.

સમ્યક્ત્વ ન હોય તો સઘળી ક્રિયાઓ ધૂળ ઉપર લીંપણ સરખી છે.

❀

જ્યોતીષની રૂએ કવિ શ્રી ખબરદાર માને છે કે કવિઓને અને આંખોને લેણાદેણી હોતી નથી. કવિશ્રીને જ્યોતિષમાં ઘણો રસ છે. એ બાબત ઘણા એમની સલાહ લે છે.

એકવાર કોલક અને જ્યોતીન્દ્ર એમની સાથે સાહિત્ય અને જ્યોતિષ સંબંધી વાતોમાં પાંચ કલાક ગાળ્યા પછી જ્યારે દાદર સ્ટેશન પર ટ્રેન ચૂકી ગયા, ત્યારે જ્યોતીન્દ્રથી રહેવાયું નહિ, 'અલક મલકની બધી વાતો કરી પણ આપણને ટ્રેન મળશે કે નહિ તે પૂછવાનું તો આપણે ભૂલી જ ગયા?'

# અંતરનો જ્વાળામુખી

પૂ. મુનિરાજ શ્રી. સદ્‌ગુણવિજયજી મહારાજ

એ ચાલ્યો જતો હતો. જાણે મધુરી ગુલાબી સ્વપ્નની સૃષ્ટિમાં વિહરતો હતો. ચિંતનમાં પરોવાઈ ગયેલું મન વિચારવા લાગ્યું. કેવી મારી ભવ્ય કારકીર્દી! ટુંકા ગાળામાં કેટલી ઉન્નત સિધ્ધિ મેં પ્રાપ્ત કરી! ધનના તો મેં ગંજ ખડકયા! કીર્તિથી તો મેં દિશાઓ ભરી! વાહ, મારા જેવો સુખી છે બીજો કોઇ! ત્યાં તો સામે એક પહાડ ઉપર જ્વાલામુખી ભઢભડતો દૃષ્ટિગોચર થયો, એને વિચાર આવ્યો, 'દુનિયામાં આ જ્વાલામુખી કેવો ભયંકર! નગરનાં નગર ખલાસ કરી મૂકે!'

ત્યાં તો બાજુમાંથી એને ધક્કો લાગ્યો. પેલો બીજો માણસ એના ચરણે પડી માફી માંગવા લાગ્યો. ભાઇ સાહેબ! મારી ભૂલ થઇ! જરા ઉતાવળમાં હતો. આપને વાગ્યું તો નથીને?

'દુષ્ટ, આંધળો છે!' એની રગેરગમાં વીજળી જેવો પાવર ઉભરાઇ ઉઠયો. માથામાં લોહી ભમવા માંડયું, ચહેરો લાલપીળો થઈ ગયો, 'પણ તેં ધક્કો માર્યો જ કેમ? મારી વિચારધારા ખોવડાવી! હવે જો તને હું કેવો મેથીપાક આપું છું!' પછી તો પેલાને મારવા જ્યાં એણે મુક્કી ઉગામી ત્યાં સામે જ્વાળામુખી પર્વત ફરી દૃષ્ટિપથમાં આવ્યો. ઉગામેલી મુક્કી તરત નીચે આવી. 'વાહ ભઇ! તું તો મારો ઉપકારી છે! તેં ધક્કો નથી માર્યો પણ મને જગાડયો છે; પેલો જ્વાળામુખી તો બે ચાર નગરને બાળી મૂકે છે, પણ આ મારો અંતરનો ક્રોધરૂપી જ્વાલામુખી તો મારા આત્માના અસંખ્ય સદ્‌ગુણરૂપી નગરને બાળી મૂકે છે આત્મામાં ઘુસેલો ક્રોધ ઘણા વર્ષની તપસ્યા અને ઘણા વર્ષના સંયમનો નાશ કરે છે.

એ ધક્કો મારનારની ક્ષમાપના માંગી પોતાના પંથે આગળ વધ્યો.

## સર્વથી ઉંચું શિખર.

આ એનું પહેલું સાહસ હતું. હિમાલયનો ઉન્નત પહાડ એને પોકારી ઉઠયો. એ ચઢયો. જોસભેર અર્ધો પહાડ ઓળંગી ગયો. ચઢતાં ચઢતાં વિચાર આવ્યો. આનાથી પણ કોઇ ઉંચો પહાડ હશે ખરો કે જેને ઓળંગવો મુશ્કેલ પડે? એ વિચારમાં ડૂબવાનો પ્રયત્ન કરે તે પહેલાં ધસમસતો બરફનો ખડક એની બાજુમાંથી પસાર થયો. 'વાહ! કેવો હું ભાગ્યશાળી! બચી ગયો.' એને વિચાર આવ્યો.

"મારા જેવો સાહસવીર કોણ? મારા જેવો બહાદૂર કોઈ હશે ખરો આ દુનિયામાં! કેટલી આસાનીથી આવી લાંબી અને કઠણ સફર હું કરી શકું છું! કેવું ઉન્મત્ત મારૂં યૌવન!" ત્યાં તો સામે બરફની કોતરમાં ધ્યાનસ્થ એક ભવ્ય માનવી જાણે મહામુનિ ન હોય તેવો દીઠો, એ દોડયો. એને વિચાર આવ્યો. મારાથી પણ આ ચડી જાય એમ! જાણે કેટલાય વર્ષોથી અહીં તપસ્યા ન કરતો હોય એમ નિષ્કામભાવે સૌમ્યતા ધારણ કરી એ બેઠેલો હતો. એને લાગ્યું મારાથી આ શ્રેષ્ઠ છે, હું તો કીર્તિની કાંક્ષાએ હિમાલય ચડું છુ, ત્યારે આ મહામાનવી તો વિના સ્વાર્થે આત્મસાક્ષાત્કાર કરવા આટલે ઉંચે ઘણા વર્ષોથી બેસી તપસ્યા કરી રહ્યો છે.

એ બધું જ જાણતો હશે તો લાવ પુછું.

# પ્રભુપૂજા કરનાર ભાઈબ્હેનોને... ....

## શ્રી સેવંતિલાલ વ્રજલાલ જૈન.

૧ કેટલાક ભાઈબ્હેનો કેસર વાટકી ભરીને લે છે, અને તેમાંથી થોડાનો ઉપયોગ કરી મોટા ભાગનું કેસર નકામું કરી દે છે. આપણે કેસર પાતળું વટાય છે તેની ફરિયાદ કરીએ છીએ, પણ આપણે કેટલું બધું કેસર નકામું બગાડીયે છીએ તે તરફ લક્ષ આપતા નથી. જો આપણે ઉપયોગ પુરતું જ કેસર લઇએ તો આ ફરિયાદ દૂર થવા ઘણો સંભવ છે. ખરી રીતે કેસર આપણા હાથે ઘસીને પ્રભુપૂજા કરવી જોઇએ, તે છતાં વ્યવસ્થાપકોએ કેસર વાટેલું રાખવાની જે સગવડતા કરી છે, તેનો મનફાવે તેમ દુરુપયોગ ન થાય તેની દરેકે ખાસ કાળજી રાખવી જાઇએ. બેથી ત્રણ વખત કેસર લેવું પડે તો ભલે, પરંતુ જરાપણુ કેસર નકામું ન જાય તેનો ખ્યાલ રાખવો જોઇએ. જેટલું કેસર નકામું જાય છે, તેટલું નુકશાન આપણને જ થાય છે, તેની નોંધ લેવી ઘટે. આશા છે કે દરેક ભાઈબ્હેન પોતાના ઉપયોગ પુરતું જ કેસર લેશે.

૨ કેટલાક ભાઈબ્હેનો પૂજા કર્યા પછી થાળી-વાટકી ભગવાનની સામે મૂકીને જ બીજું કાર્ય કરવા લાગે છે. આ તે આપણી કેવી વિચિત્રતા છે! ઘરમાં આપણે જે વસ્તુ જ્યાંથી લઈએ ત્યાં જ પાછી મૂકીએ છીએ, ત્યારે દેરાસરને પારકું ગણી મરજી મુજબ બેદરકારી-ભર્યું વર્તન કરીએ છીએ, તે ખરેખર ખેદ-જનક છે. વાટકી ગમે ત્યાં મુકવાથી નવા પૂજા કરવા આવનાર ભાઈબ્હેનોને તે શોધવી પડે છે, અને કેટલીક વખત ઘણી મુશ્કેલીમાં મુકાવું પડે છે. તેથી જે સ્થાને થાળી-વાટકીઓ રાખવામાં આવતી હોય તે જ સ્થાને પૂજા કર્યા બાદ તરત જ સાફ કરીને મૂકવી જોઈએ. જેથી બીજાઓને તે શોધતા સમય ગૂમાવવો ન પડે. જેઓ ઘરવાળા છે તેમણે ઘરેથી જ થાળી વાટકી લાવવા ઉપયોગ રાખવો જોઇએ.

૩ પૂજા કરતી વખતે પ્રભુપ્રતિમાને તથા કેસરને હાથના નખ ન લાગે તેની ખાસ કાળજી રાખવી જરૂરી છે. કેટલાક ભાઇબ્હેનો ઉતાવળમાં બહુ ભારપૂર્વક અડીને પૂજન કરતા જણાય છે, આ ઠીક નથી. પૂજા કરતી વખતે પ્રતિમાને ખૂબજ કોમળ આંગળીયે સ્પર્શ કરવો જોઈએ, અને દરેક સ્પર્શ વખતે આત્માના રોમાંચ ખડા થવા જોઇએ, પ્રભુના ગુણો અને ઉપકારોનું સ્મરણ કરતાં હૃદય ભાવોલ્લાસથી નાચી ઉઠવું જોઇએ, પણ તે પૂજન એટલી શાંતિથી અને વિવેકપૂર્વક થવું જોઇએ કે પૂજન કરવાનો જે હેતુ-આત્માને નિર્મળ બનાવવાનો છે તે પાર ઉતરી શકે. ઉતાવળ અને ધાંધલથી મન ફાવે તેમ પૂજા કરવાથી આપણા ધ્યેયને આપણે સિદ્ધ નહિં કરી શકીએ.

તા, ક, :- અહિં વધુ પ્રતિમાઓને

---

પૂછયું; 'હે દેવ.' આ હિમાલયથી પણ ઉંચો કોઈ પહાડ છે ખરો કે જેને ઓળંગવો મુશ્કેલ હોય!

મધુર સ્વરે તે માનવી બોલ્યો:

'હા, વત્સ! માન, અથવા માનવીમાં રહેલું અભિમાન. એ પહાડને ઓળંગવો બહુ મુશ્કેલ!

એને થયું, 'હું મોટો શાનો? હું તો પામર!'

એનું અભિમાન પણ બરફમાં થીજી ગયું!

પૂજન ન કરવાનું કહેવાનો આશય નથી, પરંતુ જેટલી પ્રતિમાઓને પૂજન કરો તે દરેકનું પૂજન શાંતિથી અને વિવેકપૂર્વક થાય તેમ કહેવાનો આશય છે.

૪ પૂજા કરતી વખતે પુરૂષોએ પોતાના ખેસના એક છેડાને આઠ પડવાળો કરી મુખ અને નાક ઉપર બાંધવો જરૂરી છે. કેટલાક ભાઈબ્હેનો નાક ખુલ્લું રાખે છે, તેથી નાકનો ઉચ્છ્વાસ પ્રતિમાને લાગે છે. અને તેથી આશાતના થાય છે. તેથી નાક ખુલ્લું રાખવું જરા પણ યોગ્ય નથી. બ્હેનોએ રૂમાલનો આઠપડવાળો મુખકોષ બાંધવો જોઈએ.

(૫) પ્રભુપૂજાના ઉપયોગમાં લેવાના પુલોને ધોવાની જરૂર નથી. કારણ કે ધોવાથી પુલના જીવને દુઃખ થાય છે, તેમજ અંદર રહેલા બીજા ત્રસ (હાલતા-ચાલતા) જીવોની હિંસા થવાનો ભય રહે છે. તેથી પુલ ધોવાની જરૂર નથી. અશુધ્ધ પુલો હોય તો તેને પૂજામાં વાપરી શકાય જ નહિં.

(૬) પ્રભુપૂજા કરતી વખતે પુરૂષોએ ભગવાનની જમણી બાજુએ ઉભા રહેવું જોઈએ (પોતાના ડાબા હાથ તરફ.) બહેનોએ ડાબી બાજુ ઉભા રહીને પૂજા કરવી જોઈએ. (પોતાના જમણા હાથ તરફ) વચ્ચે ઉભા રહીને પૂજા કરવાથી દર્શન કરનારાઓને અંતરાય થાય છે, તેનો ખાસ ખ્યાલ રાખવો જરૂરી છે.

(૭) પૂજા કરતી વખતે દૂહા વગેરે અવાજ કાઢી જોસથી બોલવા નહિં, કારણ કે થુંક વગેરે કપડાને લાગવાથી આશાતના થવાની સંભાવના છે, તેથી દૂહા વગેરેનું મનમાં સ્મરણ કરવું જોઈએ.

(૮) ઘરેથી નાહીને આવનાર ભાઈબ્હેનોએ રસ્તામાં કોઈનો સ્પર્શ ન થાય તેની ખાસ કાળજી રાખવી જોઈએ, તથા પગ ધોઈને દેરાસરજીમાં દાખલ થવું જરૂરી છે.

ઉપરની સૂચનાઓનો અમલ કરવાથી આપણે ઘણી આશાતનાથી બચી શકીશું.

❀

એક વાર અમદાવાદમાં કોઈ પોળના ભાવિકજનોએ પ્રસિદ્ધ સંગીતકાર ઓંકારનાથને પોતાની પોળમાં સંગીતમય ભજન ગાવા નિમંત્ર્યા, પંડિતજી તો ઘણાજ ભક્તિમય હોઈ ગાતે ગાતે 'રઘુપતિ રાઘવ રાજારામ'ની ધૂન પર ચડી ગયા તે છેક પરોઢ થયું, ત્યારે તન્મયતામાંથી આંખ ઉઘાડી જોયું તો એક સિવાય બધા શ્રોતાજનો કંટાળીને ચાલ્યા ગયેલા.

આથી તેમને ભક્તિમય એવા એકજ શ્રોતા માટે ઘણું માન થયું ને તેને પગે પડયા ને કહ્યું કે 'તું સંગીતનો ખરો પૂજારી છે. છેવટ સુધી કંટાળો લાવ્યા વિના બેસી રહ્યો. ધન્ય છે તને!

ત્યાં તો 'લશ્કરકા ભેદ પાયા, આગુસે ગધ્ધા આયા' એ પ્રમાણે આ અદ્વિતીય શ્રોતાએ ફોડ પાડયો.

'બાપજી, હું ઊઠીને જઉં કયાં? આ પોળમાં જ મારૂં ઘર છે, ને આપ જે શેતરંજી પર બેઠેલા છો તે શેતરંજી મારી છે, તમે ઉઠો તેની જ હું રાહ જોઈ બેઠો છું,!'

# આજના માનસિક રોગો અને ચિકિત્સા.

## પૂ. આચાર્યદેવ શ્રી વિજયજમ્બૂસૂરીશ્વરજી મહારાજ

મનુષ્યે અતિકિંમતી મન મેળવવા માટે પોતાની જાતને ઘણી ભાગ્યવાન સમજવી જોઈએ. એની શક્તિ અગાધ છે. ક્ષણમાં તે મુક્તિયે સર્જી શકે છે, અને ક્ષણમાં નર્ક પણ સર્જી શકે છે. આવી શક્તિ ધરાવનાર મનને તમારે બીજી વસ્તુ કરતાં વધારે સંભાળવાની જરૂર છે. ખેદની વાત છે કે–શરીરના સાધારણ રોગ માટે તમે જેટલી ચિંતા કરશો તેટલી મનના ભયંકર રોગો માટે ચિંતા લગભગ કરતા નથી. યાદ રાખો કે રક્તાદિક ધાતુઓથી બંધાયેલું આ શરીર છે. ધાતુઓ મનને આધીન છે. મન બગડયું તો ધાતુઓ બગડી. ધાતુઓ બગડી તો શરીર બગડયું. આથીજ 'શરીર તંદુરસ્ત તો મન તંદુરસ્ત એમ માનીને ચાલવામાં નુકસાન છે. 'મન તંદુરસ્ત તો તન તંદુરસ્ત"–એજ નિયમ વધારે સારો છે. જો તમારૂં મન સ્વસ્થ રહેશે તો તમને બુદ્ધિ પણ સારી ઉપજશે, ધાતુઓ બગડશે નહીં. અને શરીર પણ સારૂં રહેશે. માણસે પોતાના આવા અમૂલ્ય મનને બગાડવું એને મોટામાં મોટું પાપ સમજવું જોઇએ.

શરીર સામાન્ય રીતે રોગોનું ઘર કહેવાય છે. જેટલા રોગ એમાં ન થાય અથવા મટી જાય તો એટલો પુણ્યોદય સમજવો. શરીરમાં રોગ આવવા કે ચાલી જવા તે મનુષ્ય પ્રયત્નાધીનજ છે એમ એકાંત નથી, કર્માધીન છે. પણ તમારા મનને તમારા કાબુમાં રાખવું, એમાં રોગના જંતુઓને પેસવા ન દેવા, એને બરાબર શુદ્ધ સાજું-તંદુરસ્ત રાખવું, એ તો તમારા હાથની વાત છે. મનને તમે એ રીતે કેળવો એટલે તમે સઘળું પામ્યા સમજો. મનની આ શક્તિને આજે Will Power કહેવાય છે. જેનું મન નિરોગી છે તેને કાંઇ અસાધ્ય નથી, નવે નિધાન અને આઠે મહાસિદ્ધિ વિગેરે અસાધ્ય પણ સાધ્ય છે. આ મનના રોગો અને તેની ચિકિત્સા હવે તમારે જાણવી છે ને?

### કોઈનું માનવું નહિ!

મનને બગાડનારા રોગો એક નહિ અનેક છે. તેમાંના થોડાનેજ આપણે અહીં વિચાર કરવો છે. ઘણા માણસોની એક ખાસીયત હોય છે કે કોઇનું માનવું નહિં. આ જાતનું માનસ રોગિષ્ઠ ગણાય છે. આ રોગથી પીડાતા મનવાળા લોકો એમના હિતની કોઇ વાત કરે તો પણ ગણકારે નહિ. આજની જનતામાં સ્વૈરવિહારતા–મરજીમાં આવે તેમ માલવું કૂદકે ને ભુસકે વધી રહ્યું છે. એનાથી સર્જાતી અનર્થોની પરંપરા કોઈનાથી છુપી નથી. આ સ્વૈરવિહારિતાના મૂળમાં રહેલો રોગ તે કોઇનું માનવું નહિં એ છે. આ રોગથી તમારે બચવું હોય તો એની સીધી ને સાદી દવા છે "बालादपि हितं ग्राह्यम्" નાના બાળક પાસેથી પણ જો તમારા હિતની વાત મળતી હોય તો તે તમારે અવશ્ય ગ્રહણ કરવી. આ પ્રમાણે તમારૂં મન કેળવાશે તો વડીલોની હિત શિખામણ માથે ચઢાવવામાં તમને કાંઇજ નડતર રહેશે નહિ. મહાભારતનું ખુનખાર યુધ્ધ સર્જાયું તે એક દુર્યોધનના આ રોગના કારણે. એણે જો કૃષ્ણ જેવા તે સમયના યુગપુરૂષનું કહેવું માની લીધું હોત– પાંડવોને ફક્ત પાંચ જ ગામ આપવાનાં હતાં પણ એટલુંય ન માનવાનું પરિણામ કેટલું ખતર-

નાક આવ્યું ? એ ભૂલશો નહિ કે સ્વતંત્રતાના અતિરેકમાંથી અથવા સ્વતંત્રતાની અયોગ્ય સમજણમાંથી આ રોગ જન્મે છે. મનનો આ રોગ માણસને કદાગ્રહી બનાવે છે. એનાથી નિર્મુક્ત રહેવાની ઇચ્છાવાળાએ પોતાના મનને કદાગ્રહી નહિ કિન્તુ હંમેશા સદાગ્રહી રાખવું જોઈએ.

## પોતાનાથી બીજાઓને તુચ્છ ગણુવા !

બીજો રોગ છે 'અહંપણા'નો. જેના મનને આ રોગ લાગુ પડયો છે, તે હંમેશાં બીજાઓને પોતાનાથી તુચ્છ અને હલકા સમજશે. આ રોગ પણ કેટલો ભયંકર છે ? તમે બીજાને તુચ્છતાથી જુઓ એમાં સભ્યતા છે કે આદરથી જુઓ એમાં ? પાંચ પૈસાની વધારે પૂંજીવાળા પાસે પુંછડી પટપટાવનારા માણસો જ્યારે બીજાની તરફ તેની ગરીબાઇને કારણે ઘૃણાની નજરથી જુએ છે, ત્યારે "પીપળ પાન ખરંતા, હસતી કુંપળીઆં; મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપડીઆં"–આ વચનમાં કહેવાયલા મર્મોને જાણે તેઓ ભૂલી જાય છે. વીતરાગ–સર્વજ્ઞ– પરમાત્મા વિના જગતમાં કોણ બીજો કાંઈપણ ત્રુટિ વિનાનો કે સર્વગુણસંપન્ન છે, કે જેથી બસ 'હું'જ એવો 'અહં' ભાવ પોષવો એક ઘડી પણ પાલવે ? આમ તો રાવણમાં બીજા અનેક ગુણો હતા, પણ એક મોહવાસનાના પાપે તેણે સીતાજીનું અપહરણ કર્યું, અને 'અહં' પણાના રોગે, રામ,–લક્ષ્મણ જેવા વીર નરોને તુચ્છતાથી જોયા 'શું કરવાના છે એ ભૂચરો ?' બસ, આ રોગમાં તેણે પોતાનો સર્વનાશ નોતર્યો. માટે જ જ્ઞાની પુરૂષો કહે છે કે–મોટાઓ તરફ માનની નજરથી જુઓ; સરખે સરખા તરફ પ્રેમ–સહાનુભૂતિથી જોતાં શીખો. અને નાનાઓ તરફ મમતા–ઉદારતાથી જુઓ. વિનયપૂર્ણ ગુણાનુરાગ તથા પ્રમોદભાવ એ છે આ રોગનું રામબાણ ઔષધ.

## ચિંતાઓ.

મનનો ત્રીજો રોગ છે 'ચિંતાઓ કરવાનો' 'ચિંતાથી ચતુરાઇ ઘટે' અને 'ચિંતા ચિતાસે બૂરી'–આ રહસ્યપૂર્ણ ઉક્તિઓ સૌ જાણે છે, છતાં કેટલા ચિંતાથી મુક્ત રહી શકે છે ? ખાવા–પીવાની, પહેરવા–ઓઢવાની,–દ્રવ્ય કમાવાની–કામભોગોની- અનિષ્ટ સંયોગ અને ઇષ્ટના વિયોગ વિગેરેની ચિંતાઓ મનુષ્ય કલેજાને કોરી રહી હોય છે. એને બદલે ધર્મ કરવાની, દાન દેવાની,–શીલ પાળવાની,–તપશ્ચર્યા કરવાની, જ્ઞાન ભણવાની,–તત્ત્વચિંતવન કરવાની ચિંતાઓ ભાગ્યે જ કોઇ કરતા હશે, આવી ચિંતા કોઇ કરતા હશે ? આવી ચિંતાઓ કરો તો આત્માનો વિકાસ થાય, પણ સંસારની ચિંતાઓ–જે તમારા હાથની વાત ન હોય તેવી ચિંતાઓ કરીને તમે મનને બગાડવા સાથે તનને પણ ખરાબ કરો છો. ચિંતાઓના કારણે ઘણા ક્ષય વગેરે જીવલેણ રોગોમાં પટકાઇ પડતા આપણે જોઇએ છીએ. માણસે આ રોગથી મુક્ત રહેવા માટે–'અવધુ સદા મગનમેં રહેના–જગતજીવ હૈ કર્માધીના અચરીજ કછુ ય લેના'–એજ જીવનનો મુદ્રાલેખ બનાવી દેવો જોઇએ.

## છુપી વાસનાઓ.

આ ઉપરાંત કામ–ક્રોધ–મોહ–માત્સર્યની છુપી વાસનાઓ પણ માનવમનના ભયંકર રોગો છે, કોઈનું સારૂં દેખીને તમે મનમાં બળ્યા કરો, નજીવા સ્વાર્થ માટે કે સ્વાર્થ વિના પણ તમે કોઈનું ખરાબ તાકો, મોહ–

માત્સર્યની રમત રમો, એનાં કરતાં વધારે રોગઘેરી દુર્બળતા મનની બીજી કઈ હોઈ શકે? આ રોગનો સંન્નિપાત વધતાં માનવ માનવ મટીને દાનવ બને છે. પશુ જીવનનાં બધાં દ્વાર ખુલ્લાં મુકી દે છે. અન્યાય-અનીતિ-અધર્મ-અનાચારની ગર્તામાં ગબડી પડે છે, તમારે તમારૂં-કુટુંબનું-સમાજનું-સંઘનું-રાષ્ટ્રનું કે જગતભરનું જો શ્રેય કરવું હશે, ઉત્થાન કરવું હશે, તો આ રોગોને ખંખેરી નાખે જ છૂટકો, અને આટલા બધા રોગો કેમ ફાટી નીકળ્યા? કહેવું જોઈશે કે-આત્મા અને કર્મનો વિવેક ભૂલાઇ ગયો છે, ભૌતિક ભોગ--સુખોની ક્ષણિકતા વિસરાઇ ગઇ છે, આત્માના શાશ્વત સુખનો પ્રેમ વિલય પામી ગયો છે. આ રોગોને ઉગતાં જ ડામવા માટે તમે મૈત્રીભાવનાનું રસાયણ ગ્રહણ કરો, જગતના પ્રાણીમાત્રનું ભલું ચાહો, 'वसुधैव कुटुम्बकम्' ની ઉદાર ભાવનાથી સૌને પ્રેમદૃષ્ટિથી જુઓ, સારા ગુણના અનુરાગી બનો, હૈયું કરૂણાથી ભરપુર રાખો, કોઇના કાજી બનવાને બદલે મધ્યસ્થભાવથી ચિત્તને શાંત રાખતાં શીખો, આજના વિજ્ઞાનયુગે વેરેલા વિનાશ અને પાશ્ચિમાત્ય સંસ્કારોએ સર્જેલી આંધીમાં ભલભલા મનુષ્યોનાં મન વિકૃત થઇ ગયેલાં જોવામાં આવે છે, એ તમામ રોગોથી બચવા માટેના આ ઉપાયો છે, મૈત્ર્યાદિ શુભ સંસ્કારોથી તમારા મનને તમે નિરોગી રાખો, મન નિરોગ રહેતાં તમને સદ્બુદ્ધિઓ સુજશે અને એ સુઝમાંથી તમારો અને સૌનો પૂર્ણ ઉદય જાગશે.

## જૈનશાસન વિજય માટે જ છે.

જૈન રોજ વિચારે, ઉઠતાં વિચારે, સૂતાં વિચારે કે જૈન નામ સાર્થક થાય એવું થોડું પણ તેં શું કર્યું? વિષયોને વહાલા ગણ્યા છે, કષાયોને હેળવ્યા છે એટલે એ પ્રવૃત્તિ તો ચાલુ છે, તેનો વિચાર કરવાનો નથી. વિષય-કષાયો થોડા થોડા ય કમી થતા જતા હોય, તેવી પ્રવૃત્તિ જેટલી બને તેટલી આસ્તે આસ્તે કમી થતી હોય તો તો સમજો કે જૈન શબ્દની વ્યુત્પત્તિ જચી ગઇ, હૃદયમાં રમી ગઈ, પણ જો એ વિષય-કષાયો જૂના દોસ્તો (Old Friends) કમી ન થતા હોય તો સમજી લ્યો કે જૈન શબ્દની વ્યુત્પત્તિવાળું તમારૂં તેવું નામ સાર્થક થયું નથી.

જૈન તે કે જે ક્ષણે ક્ષણે કાંઇ ને કાંઈ સારા માર્ગે પ્રવર્તન કરે. સંસારથી પાછા હઠાયું હોય, ધર્મની કાંઇક વૃદ્ધિ થઇ હોય, વિષયવૃત્તિ વિસરાઇ હોય અને ત્યાગ-વૃત્તિ જાગી હોય, દોષવૃત્તિ ટળીને ગુણગ્રહણવૃત્તિ આવી મળી હોય તો માનો તેટલે અંશે તમે વિજયના માર્ગે છો, તેટલો આંશિક વિજય છે. કેટલાકને કેવલ દોષ જોવાની જ ટેવ છે. આ આવો અને આ તેવો, તે ઠીક નહિ પણ ગુણ જોવાની ટેવ પાડવી જોઈએ. વ્યક્તિરાગનું વલણ પલટાઇ ગુણરાગ તરફ અમુક અંશેય વળ્યું હોય, આવું આવું થોડું પણ થતું જતું હોય તો અમુક અમુક અંશે વિજય સૂચવે છે. **જૈનશાસન વિજય માટે જ છે.** સર્વાંશે વિજય આ શાસનથી જ થઇ શકે તેમ છે.

આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ ખંભાત

# પ્રભુપૂજા પ્રશ્નોત્તરી:

પૂ. પંન્યાસજી મહારાજ શ્રી ચરણવિજયજી ગણિવર

**પ્ર૦** જિનમંદિરમાં પત્થરના કે ચાંદીના માંડવા બનાવવામાં આવે છે, હમણાં વળી કેટલાક અનુભવી પુરૂષો ના પાડે છે તેનું કેમ?

ઉ૦–ચાંદીના કે પત્થરના માંડવાઓ દેખાવમાં સારા જણાય છે, પરંતુ પ્રભુજી ઉપર આવતા પ્રકાશને રોકે છે. કચરાનો સંગ્રહ થાય છે. ગીરોલી તથા ઉંદર વગેરે જીવોને છૂપાવાની સગવડ વધે છે. લાંબા ટાઇમે ચાંદીનાં પતરાં પણ મેલાં થાય છે. પત્થર પણ કાળા ચીકણા થઇ જવાથી શોભાનો અંશ રહેતો નથી માટે નવા કરવાની ઇચ્છાવાળાએ આ લખાણ વિચારવા તસ્દી લેવી.

**પ્ર૦** કેટલાક ઠેકાણે જિનમંદિરોમાં શ્રી જિનેશ્વરદેવોના ભવો વગેરે ચિત્રો ચિત્રાવવામાં આવે છે, તેનું કેમ?

ઉ૦–ચિત્ર બનાવનારા અને પૈસા ખર્ચીને કરાવનારા શાસ્ત્રો કે ઇતિહાસના ઘણાખરા તદ્દન અજાણ હોવાથી ખૂબજ ભૂલો થાય છે. તેથી હમણાં જેમ ભૂતકાળના લહીઆઓની ભૂલો આજે એક મતાન્તરનું સ્થાન જમાવી બેઠેલ છે. તેમ આજે જિનમંદિરોની દિવાલો ઉપર ચિત્રકારોની મહાભૂલોના દાખલાઓ પણ ભવિષ્યમાં મતાન્તરનું સ્થાન પામે તો શું કહી શકાય!

**પ્ર૦**–આજકાલ ભૂલો જણાતી હોય તે બતાવી શકશો ખરા?

ઉ૦–જુઓ તે ભૂલો. શ્રી મહાવીરસ્વામી પ્રભુ વગેરે શ્રી જિનેશ્વરોનાં ચિત્રોમાં પ્રભુજીને કેટલીક જગ્યાએ ચોલપટ્ટા પહેરાવેલા દેખાય છે. કંઇક ઠેકાણે કપડા પહેરાવેલા હોય છે, કોઇ જગ્યાએ કફની કે ઝબ્બા જેવાં વસ્ત્રો પહેરાવેલાં હોય છે, વલી શ્રી જિનેશ્વરદેવોને હાથમાં ઓઘામુહપત્તિ રખાવી હોય છે, તથા કાનમાં ખીલા નાખવા–કાઢવાનાં ચિત્રોમાં પ્રભુજીના ફોટા અતિનિર્માલ્ય જેવા ચિતરેલા હોય છે. કેટલીક જગ્યાએ પાર્શ્વનાથ પ્રભુજીની મૂર્તિમાં શરીરમાં હાડકાં દેખાય છે. તેવાં પણ ચિત્રો હોય છે. કોઇક ઠેકાણે સાધુ–મુનિરાજોના કે એવાજ ચિત્રોમાં ઘણી ભૂલો હોય છે. ઉપર કે નીચે લખેલાં લખાણો પણ અણસમજણથી લખેલાં હોવાથી ખૂબજ અસમંજસ જેવાં લાગે છે. આવી ભૂલોના અનુભવો મેળવવા હોયતો ધાણધાર (પાલનપુરની નજીકનો પ્રદેશ)નાં જિનાલયો જોવાથી સાક્ષાત્કાર થશે, અથવા જ્યાં નવીન કે થોડા વર્ષ પહેલાં રંગરોગાન કે ચિત્રો બન્યાં છે, તેને ઝીણવટથી કે અનુભવપૂર્ણ જોવાશે તો સાચું સમજવા મળશે. પાટણ જેવા શહેરના દેરાસરોની ભીંતો ઉપરનાં ચિત્રો અને અક્ષરોમાં ભૂલો દેખાય છે.

**પ્ર૦** આજે કોઇક સ્થાનો એવાં છે કે–ગામમાં એકપણ જૈનનું ઘર હોતું નથી, અથવા એક–બે–ત્રણ હોય તો પણ જિનપૂજા કોઇ કરતું નથી. લગભગ પૂજારી મારફતે જ પૂજા થાય છે. **કેસર, સુખડ, અગરબત્તી, વાળાકુંચી, અંગલુછણાં, દીવાનું** ઘી, વગેરે સામગ્રીનો અતિ અભાવ હોય છે. બીજી બાજુ સેંકડોની સંખ્યામાં નવીન પ્રતિમાઓ તૈયાર થાય છે. અને પ્રતિષ્ઠા આદિ મહોત્સવોમાં હજારો ખરચ થાય છે. આ બન્ને બાબતો પરસ્પર વિરોધવાળી નથી જણાતી?

ઉ૦ જે જે સ્થાનોમાં (જિનમંદિરોવાળાં ગામોમાં) જૈનોના બીલકુલ ઘર નથી અથવા થોડાં ઘર છે, નિર્વાહની સગવડ નથી, પૂજા કોઇ કરતું નથી. ધર્મની લાગણી પણ નથી, તે તે સ્થાનોમાં ઘણીવાર પ્રતિમાજી ભવ્ય હોય છે, સેંકડો વર્ષના પ્રાચીન હોય છે, બહારની માગણીઓ પણ આવે છે, છતાં લોકો આપતાં જ નથી. એવા–બે–ચાર ગામોના દાખલા નથી પણ સંખ્યાબંધ દાખલા છે.

બીજી બાજુ જ્યાં જૈનોની સંખ્યા ઘણી હોય છે. ત્યાં દેરાસર કે પ્રતિમા નજ હોય અને લોકોને જિનપૂજાનું સાધન ચોક્કસ જોઈએ જ. પછી તેઓ મળી શકે ત્યાં સુધી પ્રાચીન પ્રતિમાજીની શોધ કરે છે. બબ્બે ત્રણ ત્રણ વર્ષ શોધમાં વીતાવે છે. જ્યારે

પ્રાચીન પ્રતિમાજી મેળવવામાં નાસીપાસ થાય છે, પછી નવીન કરાવે છે. છતાં કરનારને દોષ આપનારા આપ્યા જ કરે છે. તે બિચારા વિના કારણ ધર્મનિન્દાનું પાપ વહોરે છે. એમાં જિનાલયો કે પ્રતિમા કરાવનારનો દોષ નથી જ. જેઓને પ્રાચીન પ્રભુજી મળી શકતા હોય તેઓ નવીન પ્રતિમાઓ લાવવાના આગ્રહી નથી, પરંતુ પ્રાચીન ન મળે તો નવીન પ્રતિમાજી પધારાવીને આરાધના કરનાર ભાગ્યશાળી જ છે.

**પ્ર૦** પરંતુ એક જગ્યાએ પ્રભુની પૂજા માટે એકપણ સાધન હોતું નથી જ્યારે બીજી જગ્યાએ એજ પ્રતિમાજીના બહુમાનમાં હજારો ખર્ચાય છે. આ બે વાતો શું વિરોધી નથી જણાતી?

ઉ૦ એકજ ગામમાં જો તમો કહો છો તેમ થતું હોય તો તે વ્યાજબી નથી. પરંતુ પૈસા બીજા પ્રદેશમાં ખર્ચાય છે. પ્રભુપૂજામાં સગવડનો અભાવ બીજા પ્રદેશમાં કે બીજા ગામમાં હોય છે. બન્ને બાજુના સંઘો જુદા જુદા હોય છે. તેમના પરસ્પરના સમાચાર કોણ પહોંચાડી શકે.

જુઓ એક જગ્યાએ ખુદ ભગવાન મહાવીરસ્વામી પ્રભુજીને સંગમક દેવ જેવા કે ગોવાળીયા જેવા અધમ આત્માઓ ઉપસર્ગ કરે છે. બીજી બાજુ સીમંધરસ્વામી ભગવાનની દેવતાઓ સમવસરણમાં સેવા કરે છે. અહિં પણ નિન્દા કરનારને નિન્દા કરવાની સગવડ છે જ; કેમ કે ભગવાનના ભક્ત ગણાતા ઇન્દ્રો ખુદ સીમંધર સ્વામી મહારાજનું સમવસરણ બનાવે છે, છત્ર ધારે છે, ચામર ઢોળે છે, આટલું બધું કરનારા મહાવીર પ્રભુજીના ઉપસર્ગ પણ નિવારતા નથી. તો શું આ દૃષ્ટિએ ઇન્દ્રની ભૂલ ખરી કે નહિ?

અરે ભાઈ! ઘણા સાધારણ સ્થિતિના જૈનો લુખા બાજરાના રોટલા પણ પામતા નથી, ત્યારે કેટલાય શ્રીમંતોના ઘેર બ્રહ્મપાક, સાલમપાક, મેસુબ, મોહનથાળ વગેરે સારાં પકવાનો પણ ખાનારના અભાવે બગડી જાય છે. અને ફેંકી દેવાં પડે છે.

આ બધી જગ્યાએ વાંક કોઇનો નથી, પરંતુ ભાવિભાવ અને ભૂતકાલીન કર્મના ઉદયને જ કારણ માનવું જોઇશે. કોઇ ઠેકાણે ભાવની અધિકતા થઈ જાય તે વખતે પૈસા ખર્ચનારને પ્રબલ ભાવ આવી જવાથી પૈસા ખર્ચે છે. તે વખતે તેને રોકી બીજે વાળવા જતાં પૂર્વના સ્થાનમાં પૈસા ખર્ચતો રોકાય જાય છે. અને બીજી જગ્યાએ પૈસો પણ આપી શકતો નથી. આવા અનેક બનાવો નજરો નજર જોયા છે. માટે કોઇના વિકાસ પામેલા વીર્યોલ્લાસને અટકાવવો તે વ્યાજબી જણાતું નથી. અને વિવેકથી ઔચિત્ય સાચવવા જેવા સ્થાનોમાં તેમ કરવા પ્રેરણા કરવી તે પણ ચોક્કસ કર્તવ્ય છે.

**પ્ર૦** આજકાલ ઘણી જગ્યાએ ભગવાનની બેઠકમાં લોકોને વહેમ પડે છે. કેટલાક મુનિમહારાજાઓ આવીને 'ભગવાનની દૃષ્ટિ બરાબર નથી.' એમ કહે છે તો ભગવાનને ગાદીએ બેસાડયા હશે? ત્યારે આવી ભૂલો કેમ રાખી હશે? વળી કેટલીક જગ્યાએ ભગવાનને ગાદીએ બેસાડયા પછી થોડાં વર્ષ સંઘને ખૂબ આનંદમય જણાય છે. અને પાછળથી કોઇ કોઇ ગામોમાં પડતી જેવું જણાય છે આનું કારણ શું હશે?

ઉ૦ ઘણીખરી જગ્યાએ લોકો પોતાની મેળે ખોટા વહેમ ઉભા કરે છે અને જેને તેને આવી વાતો પૂછે છે. ત્યારે ઉત્તર આપનારા પણ પોતાની બુદ્ધિ મુજબ પુછનારને ભળતા જવાબ આપીને લોકોના વહેમને વધારે મજબુત કરે છે.

ખરીવાત એવી છે કે–ભગવાનની દૃષ્ટિ માટે વહેમ જણાતો હોય તો સોમપરા મીસ્ત્રીને, શિલ્પશાસ્ત્રના પારગામી હોય તેને, આણંદજી કલ્યાણજી જેવી પ્રસિદ્ધ જગ્યાએ પાસ થયેલ હોય તેવા મીસ્ત્રીને લાવીને બતાવીને વહેમ મટાડવો જોઈએ. અથવા શિલ્પશાસ્ત્રના અનુભવી મહામુનિ મહારાજને બતાવીને આપણા વહેમથી મુક્ત થવું જોઇએ. પરંતુ જે આવે તેને દેખાડવું અને ખોટા વહેમમાં પડવું તે બીલકુલ વ્યાજબી નથી જ.

વળી ભગવાનની પ્રતિષ્ઠા થયા પછી ઇષ્ટ–અનિષ્ટની કલ્પના સાવ નિર્મૂળ અને ઉપજાવી કાઢેલી હોય છે. દરેક જગ્યાએ દેશના કે એક ગામના સામુદાયિક

પુણ્યોદય કે પાપોદયની જ તેમાં મુખ્યતા સમજવી જોઇએ, છસો જેટલા રાજાઓનાં રાજ્ય કેમ ગયાં? જાપાન અને જર્મનની પ્રજાની આજે પડતી કેમ થઈ? કેમ દેખાણી? આ બધા પણ સામુદાયિક પાપના ઉદય જ સમજવા જોઇએ.

તેમ આજે આપણા શ્રી સંઘોમાં, ધોલેરા, ઘોઘા, દીવ, ભરૂચ, ચંદ્રાવતી વગેરે મોટા મોટા અભ્યુદયી નગરોમાં પણ પૂર્વની જાહોજલાલીનો અભાવ દેખાય છે. તે ભાવિભાવની પ્રધાનતા સમજવી જોઇએ.

છતાં એક બીજી દલિલ એ પણ છે કે, આપણા શ્રી સંઘો પ્રભુજીને ગાદીએ બેસારતી વખતે જેટલી ઉદારતા બતાવે છે, ભક્તિની તલ્લીનતા દેખાડે છે, તેવી ભક્તિ પાછળથી બરાબર જણાતી નથી, પ્રતિષ્ઠામાં નોકારસી અને સંઘજમણ કરનારા, હજારો રૂપીઆના ચડાવા બોલીને પ્રભુજીને ગાદી ઉપર બેસારનારા, વરઘોડા કાઢી ખૂબ શાસનની જાહોજલાલી દેખાડનારા પાછળથી પ્રભુપૂજા કરતા નથી. દેરાસરનો ખર્ચ આપતા નથી. સુખડ, કેસર, અંગલુહણાં, અગરબત્તી, વાળાકુંચી વગેરે ચીજો પણ દેરાસરમાં હોતી નથી. પ્રસંગ પામી દેરાસરનો પૂજાનો વારો આવે તો વાણીયા પરસ્પર લડે છે. આવું બધું કરનાર કે નજરો નજર ભાળનાર માણસો પોતાના સંઘમાં પડતી કેમ આવી? આવું પૂછતાં કે વિચારતાં કેમ સંકોચ પામતા નથી?

આંહી એક હું આવાજ બનાવને સમજાવનાર દાખલો ટાંકું છું. તે વાંચવાથી વાચકોને ખ્યાલ આવશે કે આપણે કયાં ભૂલા પડયા છીએ.

એક ગામમાં એક બાઈ રહેતી હતી. એક બાર મહીનાનો નાનો બાળક મૂકી તેના પતિદેવ પરલોક સિધાવ્યા હતા. ઘરમાં પૈસા હતા નહિ. તેમ ખાસ કોઇ પણ જાતની પાંચ રૂપીઆની આવક પણ હતી નહિ. થોડું ઘણું ઘરમાં હતું તે અને જાત મહેનત કરીને બાઇએ છોકરાને મોટો કર્યો. ભણાવ્યો અને પરણાવ્યો પણ ખરો.

સ્ત્રીઓને પતિ પૈસા મૂકીને મરે પણ પુત્ર ન હોય તો તે બિચારી દુખણી ગણાય છે. અને જો નિર્ધન દશા હોય પણ છોકરો હોય તો તે પોતાને ભાગ્યશાળી માને છે. એજ ન્યાયે આ બાઈ પણ છોકરાને મોટો થતો જોઇને ભણતો જોઇને અને પરણેલો જોઇ ઘણી ખુશી થઈ.

બસ પુત્રનો ઉછેર, પુત્રનું ભણતર, પુત્રનાં લગ્ન અને પુત્રનાં મોજશોખ તેમજ પુત્રવધૂના લાડકોડ આ બધું માતાની મજુરીનાં જ ફળ હતાં. પુત્રના લગ્ન થયાં બે ત્રણ વરસો પણ ગયાં, દીકરો પાઈ પણ કમાયો નહિ. પણ માતાની મજુરીમાં મેલવેલી બધી મીલ્કત સાફ કરી નાખી. માતા દરરોજ કહેતી રહી; 'દીકરા હવે તો કમાવા કેડ બાંધો અને માતાને મજુરી બંધ કરાવો!'

છોકરો પત્નીને લઇને પરદેશ જવા તૈયાર થયો. માતાએ ભાતુ કરી દીધું. મુસાફરી માટે ખર્ચ આપ્યું. બેગ-બીસ્તરા બાંધીને દીકરો તૈયાર થઇ માતા પાસે આવીને કહે છે, 'માજી! આશીર્વાદ આપો, હું પરદેશમાં સુખી થાઉં.'

માજી કહે છે, 'ભાઈ મારી વણમાગી આશીષ છે જ, પરંતુ હવે ધંધા ઉપર ચડે એટલે મને ખર્ચો મોકલતો રહેજે, મેં તારી પછવાડે મારૂં લોહી સુકવી નાંખ્યું છે. મેં તને મોટો કરવામાં, ભણાવવા, પરણાવવા ને લાડકોડ પૂરા કરવામાં મેં મારા શરીરના કોલસા કરી નાખ્યા છે. આજે તને પરદેશ મોકલવા સુધીમાં મેં મારૂં સર્વસ્વ સમાપ્ત કર્યું છે. હવે તારી પાસે મારા ધીરેલા નાણાંના વ્યાજ જેટલી તો આશા જરૂર રાખી શકું!'

દીકરો કહે છે, 'માજી! મારે પરદેશમાં બે જણનો ગુજારો કરવો પડશે, વખતે બેમાંથી ત્રણ ચાર પાંચ છ થઇશું તો પણ મારે બોજો ઉપાડવો પડશે. તમે તો આંહી એકલાં છો. તમે તમારૂં નભાવી શકશો અને ચલાવી લેજો, મારાથી કાંઈ મોકલી શકાશે નહિ જ' બસ ચાલતી વખતે વધારે લંબાણ કર્યા સિવાય આશીર્વાદ આપી ઘો કે દીકરા તું સુખી થાજે. અને જોઈએ તે મંગાવજે. આ સિવાય મને બીજું કશું હવે સંભળાવશો નહિ.' માતાએ આશીર્વાદ આપ્યા અને દીકરો પરદેશ ગયો.

વાચકો સમજી શકે છે કે-બળજબરીથી માતા

પાસે આશીર્વાદ લેનાર આ કૃતઘ્ન કુપુત્રને આશીર્વાદનું ફળ મળે ખરૂં ? જો નજ મળે એમ લાગતું હોય તો ભગવાનની ભક્તિમાં ઠગાઇ કરનારા; ભગવાનની ભક્તિનું ફળ ઇચ્છતા હોય તેમને પણ ઉપરના ઉદ્ધત પુત્રની ઉપમા કેમ લાગુ પડે નહિ ?

જો કે આ દૃષ્ટાંત એકદેશીય સમજવાનું છે. જેમ પુત્રે માતાને આખી જીંદગી પાઇ સરખી પણ મોકલી નહિ તો પણ માતાએ આશીર્વાદ જરૂર આપ્યા, પરંતુ તે આશીર્વાદ પુત્રને જેમ ફળ નજ આપી શકે, તેમ જિનાલયમાં બીરાજેલા પ્રભુજી વીતરાગ છે. તેઓએ તો આખા જગતને **શિવમસ્તુ સર્વજગતઃ** ( આખા જગતનું કલ્યાણ થાઓ ) આશીર્વાદ આપ્યા છે જ, પરંતુ આપણી પોતાની ભક્તિ આપણને ઉપરના આશીર્વાદનાં ફલાફલમાં કારણરૂપ બને છે.

એટલે પ્રતિષ્ઠા થયા પછી અમારી ચડતી પડતીમાં અમે પોતેજ કારણરૂપ છીએ, એમ સમજી પોતાના તરફની ભક્તિ કે અભક્તિ વિચારનારને ચોક્કસ સમજાય જાય તેવું છે.

### ઉપસંહાર :

આ ચાલુ પંચમકાળમાં મોટા ભાગે લોકો ધર્મનાં મર્મને જણાવનારૂં જ્ઞાન મેળવતા નથી, તથા વ્યાખ્યાન સાંભળતા નથી. વખતે પુસ્તકો વાંચે કે વ્યાખ્યાન સાંભળે તો પણ પરમાર્થ કે મર્માર્થની સમજણના અભાવે જિનાલયની ક્રિયાઓમાં ઘણી અવ્યવસ્થા સેવતા હોવાથી જિનાલય અને જિનપૂજામાં ઘણા દોષો લગાડે છે. તેવાઓને ધ્યાનમાં રાખીને આ પ્રશ્નોત્તરો લખ્યા છે. આ લખાણમાં જિનાજ્ઞાની વિરુદ્ધ કાંઇપણ લખાણું હોય તેનો સર્વજ્ઞ સાક્ષીએ હું મિચ્છામિ દુક્કડં માગું છું. આ પ્રશ્નોત્તરોમાં નાની કે મોટી કોઈ પણ ભૂલ જણાય તે વાચક વર્ગ મને જણાવશે, તો હું જરૂર સુધારો કરવા ધ્યાન આપીશ.-એજ.

# એ વાંક કોનો છે?

### ( રાગ-રાખના રમકડાં )

આજના એ બાલુડા, જો જો રમત કરતારે;
પહેલેથી નહિ ધ્યાનજ આપ્યુ, ગલીયે ગલીયે ભમતારે આ.
ઘરના માસ્તર માતાપિતા છે, લાડમાં કાંઈ નહિ કેતારે;
મોટા થયા પછી સામું બોલે, ત્યારે પોકો મુકતારે આ.
સંસ્કાર નાખવાનું જે કામ આવ્યું તમારે માથેરે;
કરશું કરશું એમ કહીને, બગડયા તમારે હાથેરે આ.
દર્શન પૂજન કર્યું કે નાહિ, કદિ નહિ એ પુછતારે;
પછી બગડે તેમાં વાંક છે કોનો, સમજુ સમજી લેતારે આ.
સાચા સ્નેહી હોય તો તેના, ખાતાં પહેલાં કેતારે;
ભાઇ તું દર્શન કરીને આવ્યો, નહિ તો ઠપકો દેતારે આ.
એથી જો નહિ માને મૂરખ, સોટી લઇને ઠોકતારે;
નહિ ઠેકાણે આવે ત્યારે, ઉપેક્ષા એની કરતારે આ
પાઠશાળામાં ભણવા માટે, માબાપો નહિ મૂકેરે;
સ્કૂલમાં ભણવાને માટે, કદિ નહિ એ ચૂકેરે. આ.
સ્કૂલમાં ફી ભરીને ભણતા, દોઢીયું અહિં નહિ દેતારે;
એનાથી તો પેટ ભરાશે, સહુ જણો એમ કેતારે આ.
ધર્મપ્રેમનું થરમામીટર, મલી ગયું આજ અમનેરે;
ઝેરી જમાનાનું ઝેરજ વ્યાપ્યું, શું કહીયે હવે તમનેરે આ.
તોફાન મસ્તી આવીને કરતા, માસ્તર તો ધમકાવેરે;
માતાપિતા આવીને તેને, ઠપકો દેઇ ચમકાવેરે આ.
હવે જો આવું કરશો ત્યારે, અહિંથી ડીસમીસ થાશોરે;
તેજ વખતે રજાજ મલશે, બેઠા કીસમીસ ખાશોરે આ.
છોકરાં મૂરખ રહેશે તેનું, પાપ કહો કોને લાગેરે;
જરા એકાન્તે વિચાર કરશો, આંખ ઉઘાડી જાગેરે આ.
સ્કુલમાં સામું બોલે ત્યારે, માસ્તર દંડને કરતારે;
ઝટ આવીને આપી દેતા, વગર બોલે ભરતારે આ.
ચમત્કારને કરે નમસ્કાર, કહેવત સાચી પાડેરે;
બહુ બોલવા જાય ત્યારે તો, માસ્તર એમને જાડેરે આ.
થોડામાં જે સમજી જાશે, સુખીયા નર તે થાશેરે;
અમારૂં કહ્યું જે નહિ માને, પાછળથી પસ્તાશેરે આ.
પછી અમોને યાદજ કરશે, વાત નહિ દિલ લાવેરે;
દડ દડ આંસુ નીકલે ત્યારે, લૂંછવા કોઇ નહિ આવેરે આ.
આત્મ કમલમાં લબ્ધિ લેવા, નીતિથી તમે ચાલોરે;
જયંત કહે એ શિખડી માનો, મુક્તિપુરીમાં માલોરે આ.

**પૂ. ઉપાધ્યાયજી મ. શ્રી જયંતવિજયજી ગણિવર**

# પર્યુષણા અને બાળકો

## શ્રી ફુલચંદ હરિચંદ દોશી-મહુવાકર

પર્યુષણા પર્વમાં બાળકોને નવા નવા કપડાં પહેરવાની મોજ આવે છે, તેમ બહાર જવાનો આનંદ હોય છે. મંદિરમાં ભગવાનના દર્શન અને ખાસ કરીને વિધવિધ આંગી તેઓને આકર્ષે છે, ઉપાશ્રયમાં તેઓ આવે છે ખરા પણ વ્યાખ્યાનમાં બરાબર સમજે નહિ તેથી થોડું ઘણું બેસે ને બહાર જાય છે. પ્રભાવનાઓ લેવાની મજા પડે છે, પણ તેમાં સખત ભીડ જામે છે. હમેશાં નવું નવું ખાવાની, કોઇ કોઈ વખત ઉપવાસ-એકાસણા-બેસણા કરવાના ભાવ જાગે છે અને આનંદથી કરે છે પણ ખરા. સંઘજમણમાં તો મિષ્ટાન્ન ખાવાની મજા માણે છે. વરઘોડામાં તેઓને વિવિધ જાતનો આનંદ મળે છે. બાળકો અને બહેનોનો ખરો આનંદ જોવો હોય તો ચૌદ સ્વપ્નનું દર્શન-તેને સોનાની અને ફુલની માળાઓ પહેરાવવી અને સ્વપ્નને માથે લઇને પધરાવવાનો આનંદ અલૌકિક હોય છે. અને મહાવીરજન્મવાંચનનો આ દિવસ બહેનો અને બાળકોનો જ છે તેમ ગણી શકાય. જન્મવાંચનની એ ઘડી તો બધાને ઉલ્લાસમય બનાવી દે છે. અને જગત વત્સલ ભગવાન મહાવીરનો જન્મ, શ્રીફળ વધેરવાની તાલાવેલી, શ્રીફળ વધેરવાના તડાતડ અવાજો-શેષનો સ્વાદ અને પ્રભાવનાની ભારે ભીડ એ બાળકો માટે તો રોમાંચક લાગે.

ભાદરવા શુદિ બીજના દિવસે ભગવાનનું નિશાળ ગણણું હોય છે. ભગવાન ગુરૂને ત્યાં પાઠશાળામાં અભ્યાસ અર્થે જાય છે. અને તે દિવસે સ્લેટ-પેન, આંકની ચોપડી, પેન્સીલો, બાળ-કથાનકો આદિની પ્રભાવના થાય છે. પણ કોઇ કોઈ જગ્યાએ આમાં એવી તો પડાપડી થાય છે કે નાના બાળકો હેરાન-પરેશાન થઇ જાય છે. ગમે તેવી વ્યવસ્થા તૂટી પડે છે. અને આનંદનો રંગ સરી જાય છે. પાલીતાણાના યુવાન ભાઈઓને આ વર્ષે આ પ્રભાવનાને વ્યવસ્થિત કરવા વિચાર આવ્યો અને તેમાંથી એક નવીન પ્રયોગ સૂઝી આવ્યો.

ભાદરવા શુદ બીજના દિવસે નૂતન ઉપાશ્રયના વિશાળ હોલમાં બાળસંમેલન યોજ્યું. ગુરૂકુળના મંત્રી શ્રી વૃજલાલ પાનાચંદને પ્રમુખસ્થાન આપવામાં આવ્યું.

૨ થી ૫ વર્ષના બાળકોની તંદુરસ્તી જોઇને આરોગ્ય હરીફાઈ યોજી અને જૈન સેવા સમાજના ડો૦ શ્રી રસિકભાઇએ બાળકોને તપાસી નિરોગી, તંદુરસ્ત અને સુંદર બાળકોને પસંદ કર્યાં. ૫ થી ૧૦ વર્ષના બાળકોની ધાર્મિક પરીક્ષા લેવામાં આવી. તેમાં છોકરાઓ કરતાં છોકરીઓનો અભ્યાસ ઘણો સારો જણાયો. આ ઉપરથી આપણી પાઠશાળાઓ-ધાર્મિક શિક્ષણ અને માતા-પિતાની કાળજીની પણ પરીક્ષા થઇ ગઇ.

નાના બાળકોની ધાર્મિક સંગીત હરીફાઇ યોજી અને તેમાં પણ બહેનો આગળ નીકળી ગઇ. સંગીતનો રસ સમાજમાં કેવો છે, તેનો ખ્યાલ પણ આવી ગયો.

સાથે સંગીત, વાદ્ય તથા વિવેચનો થયાં, ઈનામો જાહેર થયાં અને પ્રમુખશ્રીના શુભ હસ્તે લોટા, પ્યાલા, આદિના ઇનામો અપાયાં. લગભગ અઢી કલાકના આ સમયમાં બાળકો આનંદી દેખાયાં. શાંતિપૂર્વક બધું સાંભળ્યું

( અનુસંધાન ટાઇટલ પેજ ૨ જુ )

## શ્રી શત્રુંજય પટદર્શન

પરમપુનિત તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજના પ્રતિક રૂપે શ્રી શત્રુંજય પટ દર્શનને પૂ. આચાર્યદેવાદિ મુનિરાજોએ અનાદિકાળથી માન્ય કરેલ છે.

ગૂર્જર આર્ટ સ્ટુડીયોએ ધર્મભાવનાને પ્રધાનપદે રાખી બનાવેલ પટોમાં પાલીતાણા સ્ટેશનથી તલેટી સુધીનો દેખાવ, તલેટીમાં વરઘોડાનું દૃશ્ય, બાબુની ટુંક, ડુંગર ઉપર જવાનો રસ્તો, વિસામાકુંડ, નવટુંક, દાદાનો દરબાર, છગાઉનો રસ્તો, ભાડવો ડુંગર, તથા દૂર-દૂરમાં શેત્રુંજી નદી, કદંબગિરિ, તથા ગિરનારજી સુધીના દર્શન થાય છે.

અમોએ હાલમાં પ્રાચીન ઢબે તૈયાર થતા પટોમાંથી દર્શનભાવનાને લક્ષમાં રાખી દર્શનીય ભાગ અનામત રાખી બાકીના ભાગમાં સુધારો-વધારો કરી અર્વાચીન પદ્ધતિથી નેચર ઢબે અને નેચર-સ્કેલ નાખી, નવોજ પ્લાન તૈયાર કરેલ છે. જે દરેક સ્થળે પસંદગી પામ્યો છે.

શ્રી શત્રુંજય તીર્થપટ ઉમદા કેનવાસ ઉપર, પાક્કારંગના પાણીથી ધોઈ શકાઈ તેવા સારા સોનાના વરખવાળા રચનાત્મક, દર્શનીય અને ગેરંટેડ બને છે.

**તા. ક.:**—કારતક શુદ ૧૫ ની જરૂરીયાતવાળાઓએ અમોને અત્યારે જ જણાવવું જોઈએ. કારણ કે એક પટ તૈયાર થતા લગભગ ૧॥ થી ૨ માસ લાગે છે. જેથી અમો આ યાદી પાઠવીએ છીએ. દર વરસે અમારા ઘણા દર્શનાભિલાષી ગ્રાહક બંધુઓને નિરાશ થવું પડે છે. જેથી વહેલી તકે ઓર્ડર નોંધાવવા નમ્ર વિનંતિ છે.

**ગૂર્જર આર્ટ સ્ટુડીઓ**

પાલીતાણા ( સૌરાષ્ટ્ર )

## પારબ્ધ વિના પુરૂષાર્થ નકામો છે.

તમારા ભાગ્યમાં શું લખાયું છે તેનું સંપૂર્ણ જ્ઞાન

## રેખા વિજ્ઞાન શાસ્ત્ર

થી જાણી શકાય છે. જેમાં ભાગ્ય, પુરૂષાર્થ, સ્ત્રી, સંતાન, ધન, વૈભવ, આરોગ્ય, ધંધો, વિદ્યા વગેરે અનેક બાબતનું જ્ઞાન તમારી રેખાઓ પરથી તમે જાતેજ કરી શકો છો.

સંપૂર્ણ માહિતીવાળો દેશી અને ઈંગ્લીશ પદ્ધતિનો આ પહેલોજ ગ્રંથ છે.

સુંદર છપાઈ, ૧૦૧ આર્ટ ફોટાઓ હોવા છતાં કિંમત માત્ર રૂા. ૧૦) ટપાલખર્ચ સાથે.

—: લખો :—

**ડૉ. પી. પી. ટાપર, રવિવારપેઠ, નાશીક**

**સોમચંદ ડી. શાહ - પાલીતાણા**

## નવીન પ્રકાશનો

**વિવિધ પૂજા સંગ્રહ ભા ૧ થી ૧૧**

જેમાં પ્રાચીન-અર્વાચીન પચાસ પૂજાઓનો અત્યુત્તમ સંગ્રહ છે. પૃષ્ટ ૮૪૦+૧૨ દ્વિરંગી જેકેટ, મૂલ્ય. રૂા. પાંચ. વધુ નકલો મંગાવનારને યોગ્ય કમીશન આપવામાં આવશે.

| | |
|---|---|
| નિત્યસ્વાધ્યાય સ્તોત્રાદિ સંગ્રહ [ ૬૦૦૦, ગાથાઓનો સંગ્રહ ] | મૂલ્ય- ૪ ૮-૦ |
| જૈન સજ્ઝાયમાળા [ સચિત્ર ] | „ ૨-૮-૦ |
| દેવવંદનમાળા કથાઓ યુકત | „ ૨-૪-૦ |
| પંચપ્રતિક્રમણ વિધિસહિત | „ ૨-૦-૦ |
| નર્મદા સુંદરી ચરિત્ર | „ ૨-૮-૦ |
| વર્ધમાન દેશના ભાષાંતર | „ ૪-૦-૦ |
| ચારૂદત્ત ચરિત્ર | „ ૬-૦-૦ |

વધુ માટે સૂચિપત્ર મંગાવો !

**જશવંતલાલ ગીરધરલાલ શાહ**

૧૨૩૮ રૂપાસુરચંદની પોળ અમદાવાદ

# રૂા પંદરમાં ત્રણ હજાર પેજનું વાંચન.

| | |
|---|---|
| મહાકવિ ધનપાલ | ૦-૮ |
| પવિત્રતાને પંથે | ૦-૧૨ |
| પ્રભુના પંથે જ્ઞાનનો પ્રકાશ | ૦-૮ |
| જૈનતત્ત્વ સારાંશ | ૦-૮ |
| શાંતિનો માર્ગ | ૦-૧૦ |
| પ્રશ્નોત્તરી બોધમાળા | ૧-૨ |
| રામબાણઉપાય | ૦-૮ |
| પ્રશમરતિ | ૦-૮ |
| શ્રાવકયોગ્ય આચાર-વિચાર | ૦-૮ |
| જૈનતત્ત્વપ્રવેશક જ્ઞાનમાળા | ૦-૮ |
| અમર બલિદાન | ૧-૪ |
| પ્રશ્નોત્તર-રસધારા | ૦-૮ |
| જૈન દૃષ્ટિએ યોગ | ૨-૮ |
| કાવ્ય સુધાકર | ૩-૦ |
| ભક્તિ ભામંડલ | ૧-૦ |
| શત્રુંજય દિગ્દર્શન | ૧-૦ |
| કુદરતી ઉપચારો | ૨-૮ |

આખો સેટ ખરીદનારને વીશ ટકા કમીશન કાપી આપીશું. પોષ્ટેજ ખર્ચ અલગ

કુલ ૧૭ પુસ્તકો, ત્રણ હજાર પેજનું વાંચન, કિંમત રૂા. ૧૮-૧૨-૦ કમીશન કાપી રૂા. ૧૫

**સોમચંદ ડી. શાહ** પાલીતાણા [સૌરાષ્ટ્ર]